
કુમાર

સંસ્થાપક - રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત








ભારતના નવોદિત જનતાયુગના વડા પ્રધાન
શ્રી મોરારજી દેસાઈ

જમણી બાજુ (ઉપર) મુંબાઈ ઈલાકાના ૧૯૩૮ના વચગાળાના પ્રધાનમંડળમાં મહેસૂલ-પ્રધાન હતા ત્યારે (ફોટો - નરેન્દ્ર રાવળ) (નીચે) સ્વાતંત્ર્ય પછી મુંબાઈ રાજ્યના મુખ્ય પ્રધાન થયા ત્યારે.

વલસાડ નજીક ભદેલી ગામમાં તા. ૨૯-૨-૧૮૯૬એ જન્મ. એક મધ્યમવર્ગીય અનાવિલ બ્રાહ્મણ શિક્ષક રણછોડજી નાગરજી દેસાઈનાં આઠ સંતાનોમાંના સૌથી મોટા પુત્ર. પિતાના અકાળ અવસાનને કારણે કૌટુંબિક જવાબદારી ઉપાડવા સાથે ભાવનગર રાજ્યની શિષ્યવૃત્તિ મેળવી વિલ્સન કૉલેજ (મુંબાઈ)માંથી વિજ્ઞાનના વિષય સાથે ૧૯૧૩માં બી.એ. થયા પછી ૧૯૧૮માં પ્રાંતિક સિવિલ સર્વિસમાં ડેપ્યુટી કલેક્ટર બન્યા. ઇ. સ. ૧૯૩૦માં કોંગ્રેસમાં જોડાયા. ૧૯૪૬માં મુંબાઈ ઈલાકાના મહેસૂલ ને જંગલખાતાના પ્રધાન, ને પછી ગૃહપ્રધાન. સ્વાતંત્ર્ય પછી ત્યાંના મુખ્ય પ્રધાન. ૧૯૫૬થી '૬૯ દરમિયાન કેન્દ્રમાં વ્યાપાર અને ઉદ્યોગ પ્રધાન, ને નાયબ વડા પ્રધાન પણ બન્યા. '૬૯થી સંસ્થા કૉંગ્રેસના અગ્રણી નેતા. અણીશુદ્ધ પ્રામાણિક, આદર્શો માટેના દઢાગ્રહી, અત્યંત સાદા, સ્પષ્ટ વક્તા, દક્ષ વહીવટકર્તા; ગાંધીજીના ચુસ્ત અનુયાયી.

આવતી કાલનાં નાગરિકોનાં ઘડતર માટેનું માસિક

વર્ષ ચોપનમું · અંક ચોથો · એપ્રિલ · ઇ. સ. ઓગણીસ સો સિત્યોતેર · સળંગ અંક ૬૪૦ મો





[સાધુ પૂર્ણું શ્રેષ્ઠીની કથાનું ચિત્ર

'ઉપદેશમાલા'નાં બે ચિત્રો

તપસ્વી તમાલીની વાર્તાનું ચિત્ર]

આ અંકની 'કલાવાર્તા'માં નવપ્રાપ્ત પ્રાચીન જૈન ચિત્રો વિષેનાં જે બે પ્રકાશનોને લગતી નોંધ છે તેમાં ઉલ્લેખિત 'ઉપદેશમાલા'માંનાં આ બે ચિત્રો છે. વિવિધ કાળે અને જુદાંજુદાં સ્થળે લખાએલી તથા સંખ્યાબંધ ચિત્રોથી શણગારાએલી એની અનેક પ્રતો અને એના પર લખાએલાં અનેક ટીકા–ટિપ્પણો પરથી શ્વેતાંબર જૈનોમાં એ ઘણી લોકપ્રિયતા પામી હશે એમ સહેજે જણાય છે. આ ચિત્રો અમદાવાદના દેવશાના પાડાના ગ્રંથભંડારમાંથી મળેલી ઉપદેશમાલાનાં છે. એમાં પહેલું ચિત્ર તમાલી નામના એક તપસ્વીની વાર્તાનું છે. તામ્રલીપ્તિ નગરીની નજીક નદી-કિનારે ઉગ્ર તપ કરી રહેલા તમાલીને દર્શન દઇને ભગવાન એને દેવરાજ ઈન્દ્રનું રાજ્ય લેવા કહે છે. એ પ્રસંગનું એમાં નિરૂપણ છે. ચિત્રમાં વિવિધરંગી શિલાઓવાળા અને વૃક્ષઆચ્છાદિત ખડકમાંથી વહી આવતી નદીને કિનારે વટવૃક્ષ તળે તપસ્વી તથા ભગવાનને આલેખ્યા છે. બીજું ચિત્ર પૂર્ણું શ્રેષ્ઠીની વાર્તાનું છે. સાધુ બની વનમાં તપ કરી રહેલા એ શ્રેષ્ઠીએ અતિથિ વટેમાર્ગુ, પક્ષીઓ, જળનાં માછલાં અને પોતાને માટે ખોરાક રાખવા સારુ એક ચાર ખાનાંવાળું કાષ્ઠપાત્ર રાખ્યું હતું, જેમાં એ પોતાને મળેલા ભિક્ષાન્નને ચાર ભાગે વહેંચીને રાખતો. ચિત્રમાં ચારેયને એ પાત્રમાંથી અન્ન આરોગતાં આલેખ્યાં છે. અહીં પણ પુષ્પવૃક્ષો અને ટેકરી દ્વારા વનનો નિર્દેશ કર્યો છે. સામાન્યતઃ ઉપદેશમાલાની અન્ય પ્રતોમાં તથા એ અરસાના અન્ય જૈન ગ્રંથોમાં દૃશ્યાત્મકતા કે શોભન સમો અન્ય કોઈ ચિત્રાધાર લીધા વિના માત્ર મુખ્ય ચિત્રવસ્તુનું જ ચિત્રણ જોવા મળ્યું છે. પણ આ પ્રતનાં ચિત્રોમાં દૃશ્યાત્મક ચિત્રણનું ઉમેરણ છે, અને તે ચિત્રવિષયને યોગ્ય અને ઓર ઉઠાવ આપવા સાથે તત્કાલીન ચિત્રકારની આલેખનશક્તિનો પરિચય આપે છે. પ્રાચીન જૈન ગ્રંથોમાંનાં દોઢચરમી પાત્રાલેખનોમાં જ ગુજરાતી ચિત્રકળા સમાઈ જતી હોવાના ખયાલથી આગળ વધી પશ્ચિમ ભારતમાં ચિત્રકળાનો આગવો અને સુંદર વિકાસ સિદ્ધ થયો હતો એની સાબિતી રૂપ આ ચિત્રો હોઈ ભારતીય ચિત્રકળાના વિકાસની કથામાં આ અને આવાં નવાં પ્રકાશમાં આવેલાં ચિત્રોનું આગવું મહત્ત્વ છે.

(બ્લૉકો : મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈના સૌજન્યથી)

કુમાર

એપ્રિલ ૧૯૭૭ • અંક ૬૪૦

તંત્રી: બચુભાઈ રાવત • ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ માંડા. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

સોજિત્રાનો સૂર્યકુંડ અને ગાડાનો શિલાલેખ

સ્વ. અમૃતલાલ પંડ્યાને ચારુતર વિદ્યામંડળની નોકરીમાં રાખી લીધા પછી સ્વ. પૂ. ભાઈકાકા પહેલી તક મળતાં જ એમને સોજિત્રા લઈ ગયા. એ પ્રવાસમાં ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ, અમૃતલાલ પંડ્યા અને હું એમ ચાર જણ હતા. એનો ઉદ્દેશ ભાઈકાકાએ સોજિત્રા અને આજુબાજુના પ્રદેશના પુરાતત્ત્વ માટે કરેલા સંશોધનનો સ્વ. પંડ્યાને ખયાલ આપવાનો ને ભાવિ કાર્યની દિશા સૂચવવાનો હતો.

ભારતમાં સામાન્યરીતે જ્યાંજ્યાં સૂર્યમંદિરો મળી આવ્યાં છે, ત્યાં ત્યાં સાથેસાથે કુંડ પણ હોય છે, પણ સોજિત્રાના કુંડનું સ્થાપત્ય વિશિષ્ટ પ્રકારનું છે. આ કુંડ વિષે અનેક વાતો ચાલતી હતી, એમાં એક કહાનદાસ ધનજીના કુટુંબીઓએ પોતાના પૂર્વજ કહાનદાસ ધનજીએ બંધાવ્યાની છે. સોજિત્રાની સોદાસભાઈની ખડકીમાં કહાનદાસ ધનજીના કુટુંબના આદ્યપુરુષ કહાનદાસભાઈ મધ્યમ વર્ગના સામાન્ય સ્થિતિના પાટીદાર ગૃહસ્થ હતા. એમના કોઈ પરાક્રમની નોંધ ઇતિહાસને પાને ચડી નથી. પણ વડોદરા રાજ્યના ગેઝેટિયરમાં એના નાયબ દીવાન ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઇએ આ વાતને ઇતિહાસનું ગૌરવ આપ્યું. આ જૂઠાણાનો પહેલો પ્રાણઘાતક ફટકો ભાઈકાકાએ લગાવ્યો. એમણે એ સપ્રમાણ સિદ્ધ કર્યું કે આવી મહાભારત ઈજનેરી સિદ્ધિઓ એકચક્રી શાસન, શાંતિ ને સમૃદ્ધિના કાળમાં જ સંભવી શકે. આવા ગુજરાતમાં બે જ મહાન યુગો થઈ ગયા છે: રુદ્રદામનનો અને સિદ્ધરાજ જયસિંહનો. ખંભાતથી કનોજના રાજમાર્ગ ઉપર વણઝારાઓનો પહેલો મુકામ સોજિત્રા થતો. જ્યાં જ્યાં વણઝારાઓનો મુકામ થાય ત્યાં ત્યાં, વાવ, કૂવા, તળાવ, કુંડ વ. જળાશયોની વ્યવસ્થા ઠેક પ્રાચીન કાળથી આપણા દેશમાં રાજ્ય કે મહાજનો તરફથી થતી આવી છે. સોજિત્રા આવું એક સ્થાન હતું. એના અનેક પુરાવાઓમાંનો એક પુરાવો એ છે કે સોજિત્રાની આજુબાજુ આજે પણ વિશાળ ધૂળિયા રાજમાર્ગો જોવા મળે છે. ભાઈકાકા એમ માનતા કે જ્યારે અલ્લાઉદ્દીન ખિલજીના લશ્કરે ગુજરાત જીત્યું અને ખંભાત તોડયું ત્યારે સાથેસાથે કુંડની જોડે આવેલા સૂર્યમંદિરનો નાશ કર્યો હોવો જોઈએ. એ ખંડેરોના ટેકરા ઉપર આજે એક મસ્જિદ ઊભી છે. બીજા વિશ્વયુદ્ધ પછી જૂની મસ્જિદ તોડી નવી બાંધવામાં આવી, ત્યારે જો ખોદકામ થયું હોત તો અવશેષો મળી આવત, પણ કમનસીબે ગામલોકોના અજ્ઞાન ને ઉપેક્ષા અને સરકારી પુરાતત્ત્વના ખાતાની પણ બેદરકારીને કારણે આવું કંઈ જ બન્યું નહિ. બીજી બાજુ કુંડના દરેક ગોખલામાં જે અનેક સુંદર મૂર્તિઓ હતી એ કાળના ઘસારામાં નાશ પામી. ત્યાંના બાકી રહેલા રડ્યાખડ્યા રઝળતા પથ્થરોમાંથી થોડીક ભગ્ન મૂર્તિઓ વિદ્યાનગરના પુરાતત્ત્વના સંગ્રહસ્થાનમાં ખસેડવામાં આવી હતી. જેમાં એક શુંગકાલીન મૂર્તિનું મસ્તક પણ હતું.



સોજિત્રાનો કુંડ

બે દિવસ સોજિત્રા રોકાઈ ત્રીજે દિવસે આજુબાજુના પ્રદેશમાં ફરવા નીકળ્યા. પાછા ફરતાં સાંજે ગામમાંના મારા શાળાના એક સહધ્યાયી આગ્રહ કરી એમને ત્યાં ચાપાણી માટે લઈ ગયા. રસ્તે અમારા હેતુની જાણ થતાં એક ખેતરમાં જીપ વળાવી ત્યાં એક કૂવાના વિશાળ થાળામાં એક મોટો શિલાલેખ જડેલો જોયો! એના કેટલાક અક્ષર ઘસાઈ ગયા હોવા છતાં મોટાભાગનું લખાણ વાંચી શકાય એવું હતું. લખાણ સંસ્કૃતમાં હતું એવો ઝાંખો ખયાલ છે. અંધારું થઈ ગયું હોવાથી અને અમારીપાસે બૅટરી ન હોવાથી વ્યવસ્થિત વાંચવાનું આગળ ઉપર મુલતવી રાખ્યું. પછી તો ભાઈકાકા અને ભીખાભાઈ ત્યાંના પ્રશ્નોમાં અટવાઈ ગયા અને આ કામ રઝળી ગયું.

આ વાતને ૨૫ વર્ષ ઉપરાંતનો સમય વીતી ગયો છે. હવે એ કૂવાની અને શિલાલેખની શી દશા હશે એ કહેવું મુશ્કેલ છે. છતાં જો કોઈ પુરાવિદ સોજિત્રાના સૂર્યકુંડ અને ગાડાના શિલાલેખ વિષે આગળ તપાસ ચલાવે તો ચરોતરના અને કદાચ ગુજરાતના ઇતિહાસ ઉપર નવો પ્રકાશ પડે. સોજિત્રા એ બહુ પ્રાચીન ગામ છે. અને એનો ઇતિહાસ ઈ. સ. પૂર્વેની સદીઓ સુધી પહોંચે છે. ગ્રીક પ્રવાસી ટૉલેમી જે ખંભાત આવ્યો હતો તે એક રાત સોજિત્રા રહ્યો હતો.

સોજિત્રા વિષે વધુ માહિતી ભાઈકાકાના જીવનચરિત્રનાં પુસ્તકોમાંથી, એમના પોતાનાં પુસ્તકોમાંથી, અને 'ચરોતર સર્વસંગ્રહ' (લોકમત કાર્યાલય, નડિયાદ)માંથી મળશે.

(સાન કાર્લોસ) —રમણલાલ એન્જિનીઅર

ઈરાનનો એક સમર્થ રાજવંશ

'કુમાર' ૬૩૪માં 'પચ્ચીસ વર્ષ પહેલાં' એ વિભાગમાં પ્રસિદ્ધ થએલી ઈરાનની રસપ્રદ માહિતી વાંચી. 'પૂર્વે છઠ્ઠી સદીમાં મકદુનિયાથી હિંદોસ્તાં સુધીના એક મહાસામ્રાજ્યનું એ મધ્યબિંદુ હતું. સિકંદરે તેનો નાશ કર્યો. પાંચ જ સદી બાદ સાસાનિયન રાજવંશે તેને ફરી પ્રતિષ્ઠા અપાવી દીધી.' એ વિધાનમાં ઈરાનના એક સમર્થ રાજવંશની હકીકતનું વિસ્મરણ થયું છે. ઈ. સ. પૂર્વે ૩૩૦માં સિકંદરે ઈરાનનો સર્વથા વિનાશ કરી હખામની વંશનો અંત આણ્યો તે પછીનાં ૭૫ વર્ષમાં તો એ મહાન સામ્રાજ્ય ૨૪૦ નાનાં નાનાં રાજ્યોમાં વિભક્ત થઈ ગયું અને ઈ. સ. પૂ. ૨૫૬માં અર્શક નામના સરદારની આગેવાની હેઠળ ગ્રીક સેલ્યુકી વંશ સામે બળવો કરી પાર્થિયનો એ રાજકીય સ્વતંત્રતા મેળવીને અશ્કાની (પાર્થિયન) વંશની સ્થાપના કરી. આ અશ્કાની વંશ ઈ.સ. ૨૨૬ સુધી અસ્તિત્વમાં હતો. પાર્થિયનોની પ્રબળતાને લીધે જ પાંચ સદી સુધી ઈરાન રોમનોના હાથમાં જતું રહી ગયું. અન્યથા સાસાનિયન વંશ આવતાં પૂર્વે ઈરાન રોમનોનું સંસ્થાન બની ગયું હોત ને જરથોસ્તી ધર્મ કદાચ અદૃશ્ય થઈ ગયો હોત. આવા ઈરાનની સંસ્કૃતિ ને ધર્મના રક્ષક સમર્થ રાજવંશનો ઉલ્લેખ થયો નથી. અશ્કાની વંશના છઠ્ઠા રાજવી મહાત્મા મેહરદાદે હિંદુસ્તાન પર ચડાઈ કરી પશ્ચિમ પંજાબનો સમગ્ર પ્રાંત પોતાના રાજ્ય સાથે જોડી દીધો હતો. 'પાર્થિયનો'નો એક પલાશ (વોલોગેસિસ) પહેલા નામના રાજાએ જરથોસ્તી ધર્મ-પુસ્તકો વેરવિખેર હાલતમાં દીઠાં અને તે ભેગાં કરવાની હિલચાલ શરૂ કરી. જેટલું કંઠસ્થ હતું તે પણ ભેગું કર્યું ને એ રીતે જરથોસ્તી ધર્મ જે તે વખતે તદ્દન પડતીમાં આવી ગયો હતો, તેને સુવ્યવસ્થિત કરી નવજીવન આપ્યું, (જુઓ, 'ઈરાનનો ચેરાગ' પૃ. ૩૪.)

દુનિયાની કુશળ ઘોડેસવારી કરતી પ્રજા તે આ પાર્થિયન પ્રજા. વળી ઈ. સ. પૂર્વે ૫૫માં એરોડીસ રાજાના વખતમાં પાર્થિયનો ઊંટ-લશ્કર પણ રાખતા. પાર્થિયન ઊંટ-સવારનું એક ચિત્ર 'વીસમી સદી' (ફેબ્રુઆરી, ૧૯૧૭)માં 'જૂના જમાનાના લડવૈયા' એ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થએલું. ચિત્રની નીચે 'ઊંટ-સવારના હથિયારમાં એક લાંબો મજબૂત ભાલો, ધનુષ્ય અને ટૂંકી તરવાર હતાં તથા ઊંટ અને સવાર બન્ને ઉપર તેમના અંગની સહીસલામતી અર્થે લોખંડનાં બખતર રાખવામાં આવતાં' એવી નોંધ છે.

(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવલ

સિક્કા

અંક ૬૩૪માં શ્રી જગદીશ ગાંધી અને શ્રી રમણલાલ એન્જિનિયરે 'સિક્કા' વિષે અગત્યની વાતો કરી છે.

શ્રી જગદીશ ગાંધીએ બે દુર્લભ ક્ષત્રપ સિક્કાઓનો પરિચય આપતાં સિક્કા બનાવવા માટે વપરાતી 'ડાઇ'નો જે રસમહ ઉલ્લેખ કર્યો તેના અનુસંધાનમાં ગુજરાતનો વિચાર કરવા જેવો છે: એમ જણાય છે કે આ તારીખ સુધી લખાએલા ગુજરાતના ઇતિહાસગ્રંથોમાં આવા ઝીણા મુદ્દાઓની છણાવટ થએલી નથી. ગુજરાત સિવાયની યુનિવર્સિટીઓએ પોતાને ત્યાંના સિક્કા વિષે ખાસ સેમિનારો ગોઠવેલા છે અને પ્રાપ્ત 'ડાઇ'ઓની ચર્ચા વિચારણા કરેલી છે; (જેમકે હિન્દુ યુનિવર્સિટી, બનારસે 'સિક્કા' વિષે જ ખાસ સેમિનારો કર્યા છે, જેના ફલસ્વરૂપ 'સેમિનાર પેપર્સ ઑન ધ લોકલ કૉઈન્સ'-૧૯૬૮માં પુસ્તકાકારે પ્રસિદ્ધ થએલ છે) જ્યારે આપણે ત્યાં આવા પ્રયત્નોની ખોટ વરતાય છે. નવા નવા ઇતિહાસ ગ્રંથો લખાય છે પણ નવાં સાધનો ઉપલબ્ધ કરી ઇતિહાસને બરાબર કરવાનું દેખાતું નથી.

શ્રી રમણલાલ એન્જિનિયરે જયસિંહદેવ (સિદ્ધરાજ જયસિંહ)ના સિક્કા વિષે એક ચોંકાવનારી વાત કરી છે! શ્રી ઢાંકીએ અંક ૬૧૧માં મોહનપુરીને ઉત્તર વાળતાં 'સોરઠમાંથી મળેલા જયસિંહદેવના સિક્કા'નો જે ઉલ્લેખ કર્યો તે સિક્કા જો 'સોરઠ'માંથી મળેલા ન હોય તો તો 'સોરઠ' અને 'સિદ્ધરાજ'નો મેળ બેસી શકે તેમ નથી! અમુક સિક્કાઓ શ્રી અમૃત પંડયાને ઉત્તર ગુજરાતના વિદ્યાર્થી પાસેથી મળેલા, પણ ત્યાંય 'સોરઠ' તો નથી જ એટલે આ સિક્કા બીજા હશે એમ માનેલું. ખેર, આ પરત્વે વધારે વિચાર થવો જોઇએ એમ લાગે છે. શ્રી એન્જિનીઅર વધુ પ્રકાશ પાડશે તો ઘણું અગત્યનું અને ઉપકારક થશે.

સિક્કા વિષે આ બે મિત્રોએ જે અલ્પ વાતો કરી તેનાથી એમ લાગે છે કે આપણે ત્યાં Criticism of the sources નથી. આપણે 'સાધન'ને સાચું માનીને જ ઇતિહાસનાં અનુમાનો કરીએ છીએ. ખરેખર તો 'સાધનો' તરફ જ સારાંક થવાની જરૂર છે. ગ્રંથો, શિલાલેખો, સિક્કાઓ અને ઈતર જે જે સાધનો ઇતિહાસ-લેખન માટે, 'રાસમાળા'ના સમયથી, ઉપયોગમાં લેવાઈ રહ્યાં છે તે 'સાધનો'ની ચકાસણી આજની પ્રથમ જરૂરત છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

આધુનિક શિલ્પીની કલાશક્તિ

અંક ૬૩૬ના દ્વિતીય પૃષ્ઠ પર 'માલાધારિણી દેવાંગના' એ ગુજરાતના શિલ્પી શ્રી હરિભાઈનું સર્જન પ્રસિદ્ધ કરી 'કુમારે' આધુનિક શિલ્પીની કલાશક્તિની ગુણવત્તાનો ખયાલ આપ્યો છે. ઉસમાનપુરામાં આવેલો એ 'શ્રી સંભવનાથ જિનપ્રાસાદ' મેં જોએલો છે. શિલ્પીનું કલાચાતુર્ય જોનારને પ્રથમ જ દૃષ્ટિએ સોલંકી યુગની કલાનું દર્શન કરાવી જાય છે. આવી સુંદર કલા માટે શ્રી હરિભાઇને મારાં શતશત અભિનંદન. યથાવકાશે 'કુમાર' એ મંદિરનાં અન્ય શિલ્પશોભનોનો પરિચય પણ કરાવે તેવી અપેક્ષા—અરે, અદમ્ય ઈચ્છા!

(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવલ

જયસિંહ સિદ્ધરાજના સિક્કા

મારા સદ્‌ગત પૂજ્ય પિતાજી (અમૃતલાલ વ. પંડયા)એ ઉકેલીને પ્રકાશિત કરેલા ચૌલુક્ય નરેશ જયસિંહ સિદ્ધરાજના ચાંદીના સિક્કા અંગે ઑક્ટોબર '૭૬ના અંકના 'વાચકો લખે છે' વિભાગમાં શ્રી રમણલાલ એન્જિનીઅર આ પ્રમાણે લખે છે: 'અંક ૬૧૧માં પાન ૩૪૮ ઉપર શ્રી મધુસૂદન ઢાંકીના ચર્ચાપત્રમાં જણાવવામાં આવ્યું છે કે "સોરઠમાંથી મળેલા જયસિંહદેવના (શ્રી અમૃત વસંત પંડયાએ પ્રકાશમાં આણેલા) સિક્કાઓનો મુદ્દો પણ આ સંદર્ભમાં મૂલ્યવાન બની રહે છે." તે સંબંધી હકીકત તો એ છે કે એ સિક્કાઓ બુંદેલખંડમાંથી વલ્લભ વિદ્યાનગરના એક વિદ્યાર્થીના કુટુંબમાંથી મળેલા છે, જેની છાપ પાડી લઈને એ વિદ્યાર્થીને પાછા આપવામાં આવ્યા હતા.'

આ બાબતમાં હકીકત ત્રીજી જ છે. જયસિંહ સિદ્ધરાજના પ્રસ્તુત સિક્કા સોરઠ કે બુંદેલખંડમાંથી નહિ પરંતુ તળ ગુજરાતમાંથી (મહેસાણા જિલ્લાના વીજાપુર તાલુકાના પીલવઈ ગામેથી) મળેલા. શ્રી મોરલીધર મંગળદાસ શાહ નામના પીલવાઈના વિદ્યાર્થી તેમની પાસેના કેટલાક જૂના સિક્કા તેના ઉકેલ અને ઓળખ માટે લાવેલા, જેમાં જયસિંહ સિદ્ધરાજના પ્રસ્તુત ચાંદીના સિક્કા પણ હતા. આ બાબત તેમજ ચૌલુક્યોના ચલણ અને જયસિંહ સિદ્ધરાજના સિક્કા અંગેની વિગતો મારા પૂજ્ય પિતાજીના નિમ્નાંકિત લેખોમાંથી રસ ધરાવનારાઓને મળી રહેશે: (૧) 'The Coins of Jayasimha', Journal of the Numismatic Society of India, XVI 2, pp. 263-4; (૨) 'મહારાજા જયસિંહ સિદ્ધરાજના ચાંદીના સિક્કા',–આચાર્યશ્રી વિજયવલ્લભસૂરી સ્મારકગ્રંથ (શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબાઈ દ્વારા પ્રકાશિત), ૧૯૫૬; (૩) 'જયસિંહ સિદ્ધરાજના સિક્કાઓની ત્રીજી શૈલીની શોધ', પુરાતન (પુરાતત્ત્વ સંશોધન મંડળ, પોરબંદરનું દ્વિદશાબ્દી સ્મૃતિ પ્રકાશન) ૧૯૭૪.

(વલ્લભ વિદ્યાનગર) –નલિનાક્ષ અ. પંડયા

છાશની પ્રશસ્તિ

અંક ૬૩૪માં શ્રી મનુભાઈ ગોદાણીએ છાશના લાભો માટે જે શ્લોકનું એક ચરણ આપ્યું છે તે આખો શ્લોક આ પ્રમાણે છે:

न तक्र-सेवी व्यथते कदाचित्
न तक्र दग्धाः प्रभवन्ति रोगाः।
यथा सुराणां अमृतं सुखाय
तथा नराणां भुवि तक्रमाहुः॥

અર્થાત્–છાશ સેવનારને કોઈ વ્યથા થતી નથી. છાશથી શમિત થએલા રોગો ફરી ઊઠતા નથી જેમ દેવોને અમૃત સુખ આપે છે તેજ રીતે ભૂલોકમાં મનુષ્યો માટે છાશ હિતકારી છે. આ શ્લોક વૈદ્યાચાર્ય પં. ભાવમિશ્રની રચના છે.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

નવી ટિકિટો મેળવવા

શ્રી ભાસ્કર સ્વાદિયા, મેંગણી (વાચકો લખે છે. ઑક્ટો.–'૭૬) ને બીજા ટિકિટ-સંગ્રાહકોને નીચેની મહિતીમાં રસ પડશે.

મુંબાઈમાં જી. પી. ઓ.માં પહેલે માળે આવેલી ફિલાટેલિક બ્યૂરો અગાઉથી ઑર્ડર મળ્યે, પ્રકટ થનારી ટિકિટો, First day covers, cancelled ટિકિટો, ફોલ્ડર વગેરે ઘર બેઠાં પોસ્ટથી મોકલી આપે છે. દર નવી ટિકિટો નીકળતાં શું શું ને કેટલું મોકલવું એ બાબતની સૂચના અને ઍડવાન્સમાં પૈસા ખાતે રાખી નિયમસર બરોબર પોસ્ટથી મોકલે છે. સાથે દર વખતે હિસાબ પણ મોકલે છે, જેથી પૈસા પૂરા થવા આવ્યા છે એમ લાગતાં ચેક અથવા M. O.થી રકમ મોકલાય.

સાધારણ રીતે રજિસ્ટર્ડ કરી મોકલે છે. આ મોંઘું પડે તો બે-ચાર મિત્રો ભેગા થઈ એકસાથે મંગાવે તો સગવડભર્યું થાય. કવર ઉપરની પોસ્ટની ટિકિટો પણ નવી ફર્સ્ટ ડે કૅન્સેલેશન સાથે લગાડેલી હોઈ સંગ્રહ માટે મળે તે નફામાં.

વધુ વિગત માટે નીચેને સરનામે પત્ર વ્યવહાર કરવો: Philatelic Beureau, G. P. O., Bombay 400 001

(કલ્યાણ) —ઉન્મેષ મરારૂવાળા

એક પંખીની વાત / જયંત પાઠક

• સવૈયા •

ફોફી જેવી તલાવડી ને પાંપણ જેવું ઝાડ,
પલકારાનું પંખી આ પળ જળમાં, આ પળ ડાળ.
પંખીની પાંખો સોનાની ને રૂપાની ચાંચ,
પીછાંના રંગોની લાગી આકાશોને આંચ.

બ્હેરાં-મૂંગાં આકાશોના કાન ખૂલ્યા ને જીભ,
એકબીજાંશું બોલેસુણે, અંતરિયાળી પ્રીત!
પ્રીત જુઓને કેવી ઘેલી! કેવી પ્રીતની પીડ!
તરફડતાં તરણાંથી બાંધે આકાશોમાં નીડ!

નીડ કચહીં ને બીડ કચહીં! આ મસમોટું વેરાન,
દિવસે ભડકે બળે, રાતરે મેંશતણું મેદાન.
મેદાનોને છેડે પેલી ક્ષિતિજ પાતળી ધાર;
વિરહા જેવી વાગે
પંખી પાંખ કપાતી ઝીલે
કયાંથી નમતા નભનો ભાર?

શું નથી દીધું / દેવજી રા. મોઢા

• શિખરિણી •

મને આવી મારે ઘર વસી તમે શું નથી દીધું?

તમે દીધું તેની ટીપ હું કરવા બેસું યદિ તો
પડે શબ્દો ઓછા, વિધવિધ અલંકાર—ઉપમા
અને ઉત્પ્રેક્ષા શા—ઊણું ઊતરતા; પૂરી ભરતાં
તમે દીધેલાંની વિગત ટીપમાં કાગળ ખૂટે,
ટૂકે શાહી, ટાંકે તરડતી; ભલે જીવતરનો
બધો ખર્ચી નાખું સમય-અવધિ, તોપણ મને
તમે દીધું તેનો નવ લહી શકું પાર, દયિતે!

જતે તાળું વાસી દુનિયું રળવા તે ઘર તમે
સદા ખુલ્લું રાખ્યું, કૃશ શરીરને અન્નપૂરણા
બની પોષ્યું, ઓષ્ઠે વસ્યું અમી ચખાડયું, હૂંફભર્યો
તમે દીધો પ્હેલો સ્પરશ, અરધો ભાગ શયને
મને કાઢી આપ્યો; હું પદ ગળી, વ્યક્તિત્વ વીસરી,
સમર્પ્યાં આખ્ખાં શરીર મન આત્મા ઉરથી, ને
તમારું સર્વસ્વે મુજ ઉપર ન્યોછાવર કીધું!
—તમે આવી મારે ઘર વસી મને શું નથી દીધું?

કવિલોક

સ્મરણ / લાલજી કાનપરિયા

• પૃથ્વી-સૉનેટ •

અહીં લસત શ્રાવણી સીમ લીલી બધે જોઉં જ્યાં
ફરી નજર આમ ખેતર મહીં ચડી માંડવે.
નિહાળી છલકંત આ લીલપનો દરીઓ રહી
અવાચક ગયો ઊભેલ અવ સીમનો ચાડિયો!

પછી ચલમમાં તમાકુ ભરી ને તિખારો મૂકી
રહું ચસચસી લગાવી દમ; મૂકીને ગોફણ
નીચે; તરત થોડી ઝાંખપ વળી જતી પાંપણે.
તમે સડપ ક્યારીથી લચક લૈ રૂડી કેડની
ચડાવી શિર ભારી નીરણ તણી થતાં ચાલતાં,
અને રણકતો રહે મધુર બંગડીનો રવ!
અચાનક જ આંખમાં પડ ભીનું વળી યે જતું.
કદાચ ચણવા હવે ચકલી થૈ પધાર્યાં હશો!

ફરી વછૂટતી નહીં કર થકી હવે ગોફણ.
અહીં હું સીમમાં અચેત અવ ચાડિયા શો ખડો!

નામ આવે છે / જલન માતરી

• ગઝલ •

જહાંના નામની સાથે ફનાનું નામ આવે છે,
જીવનના નામની સાથે કઝાનું નામ આવે છે.

હું ચિંતાને દરદ સમજી, સુરા પી જાઉં છું, કારણ?
કિતાબોમાં દવા સાથે સુરાનું નામ આવે છે.

અહમ્ કરનાર વ્યક્તિઓની જો નામાવલી કરીએ
તો સૌથી મોખરે એમાં ખુદાનું નામ આવે છે!

પ્રવેશીશું કઈ રીતે 'જલન' દોજખના કમરામાં?
ગુનેહગારો તરીકે અહીં બધાનું નામ આવે છે!

સાંજ / મનહર જાની

• ગઝલ •

તડકાનું પીળું વસ્ત્ર સમેટી લઈ અને,
સૂરજની આસપાસ વીંટળાઈ જાય સાંજ.

પડછાયા વૃક્ષના લઈને ચાંચમાં બધા,
ભૂરી ભૂરી હવામાં લહેરાઈ જાય સાંજ.

પગરવની પાલખીને લઈ કયાં ગયો પવન?
રસ્તાના ચ્હેરા પર કાં આ ઢોળાઈ જાય સાંજ?

આંખો મહીં ભરીને ટહુકતા ગગનનો વ્યાપ,
વિહગની પાંખ સાથ સમેટાઈ જાય સાંજ.

પંખાળા ઘોડા ઊતરી આવે તિમિર તણા,
દાદાની મીઠી સોડે ઢબુરાઈ જાય સાંજ.

એકાગ્રતા

બહાદુરશાહ પંડિત

હઝરત ગોસને ત્યાં નમાઝ પઢાતી હોય ત્યારે એમનો એક અદેખો પાડોશી ઈરાદાપૂર્વક ઢોલ વગાડતો. એક વખત નમાઝ સમયે આ ઘોંઘાટ એટલો બધો વધી ગયો કે ગોસનો એક શિષ્ય અકળાઈને બોલી ઊઠયો: 'આપ આ અવાજ શા માટે ચલાવી લ્યો છો? આપના પાડોશીને ઠપકો કેમ આપતા નથી?'

'તને અવાજ સંભળાયો?' હઝરતે પૂછ્યું.

'હા, એથી તો આપને ફરિયાદ કરી.'

'એનો અર્થ એ થયો કે તારું ચિત્ત નમાઝ પઢવામાં એકાગ્ર થયું નહોતું. મને તો એ ઢોલનો અવાજ કદી સંભળાતો નથી.'

એકાગ્રતાનું આ નમૂનેદાર દૃષ્ટાંત છે અને કોઈ પણ કાર્ય સર્વોત્તમરીતે સિદ્ધ કરવાની એ અનિવાર્ય શરત છે.

દ્રુપદ રાજાએ દ્રૌપદી માટે સ્વયંવર રચ્યો ત્યારે દેશના ખૂણેખૂણેથી અનેક બાણાવળીઓ દ્રૌપદી જેવા અમૂલ્ય કન્યારત્નને પામવા આવ્યા હતા, પરંતુ એ સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરી શક્યો માત્ર અર્જુન જ; કારણ કે મત્સ્યવેધ કરવા માટે જરૂરી એકાગ્રતા એના એકલામાં જ હતી. આ એકાગ્રતાની તાલીમ દ્રોણ ગુરુ પાસેથી એને પ્રાપ્ત થઈ હતી. તાલીમ બાદ ગુરુએ જ્યારે શિષ્યોની પરીક્ષા લીધી ત્યારે એમણે આ એકાગ્રતા ઉપર જ ભાર મૂક્યો હતો.

પરીક્ષાના દિવસે દ્રોણ ગુરુ પોતાના શિષ્યોને લઇને ખુલ્લા મેદાનમાં ગયા. દૂર એક વૃક્ષની ડાળી પર એક પક્ષી બાંધવામાં આવ્યું હતું. ગુરુ દરેક શિષ્યને ધનુષ્યબાણ આપ્યા પછી પૂછતા હતા: 'સામે શું દેખાય છે? મોટા ભાગના શિષ્યોને સામે વૃક્ષ દેખાતું હતું, કેટલાકને ડાળી દેખાતી હતી તો કેટલાકને પક્ષી પણ દેખાયું હતું; પણ જ્યારે અર્જુનને પૂછ્યું ત્યારે એણે જવાબ આપ્યો: 'મને પક્ષીની ડાબી આંખ દેખાય છે.' એ જાણતો હતો કે પક્ષીની ડાબી આંખ એ પરીક્ષાનું નિશાન હતું.

આ એકાગ્રતામાત્ર મત્સ્યવેધ માટેજ જરૂરી છે, અને બીજે બધે એના વિના ચાલી શકે એવું નથી. અંગ્રેજીમાં આ એકાગ્રતાની વ્યાખ્યા આમ આપવામાં આવી છે: Concentration is the secret of strength in politics, in war, in trade, in short in all management of human affairs. (રાજકારણમાં, યુદ્ધમાં, વેપારમાં–ટૂંકમાં માનવપ્રવૃત્તિઓની તમામ વ્યવસ્થામાં તાકાતનું રહસ્ય છે એકાગ્રતા.) તમે પત્ર લખતા હો કે પ્રભુને સ્મરતા હો, પરીક્ષાની પૂર્વતૈયારી કરતા હો કે બૂટને પૉલિશ કરતા હો, બધે જ ચિત્તની એકાગ્રતા એકસરખી આવશ્યક છે.

શ્રી જવાહરલાલ નેહરુએ એક જગ્યાએ કહ્યું છે કે કામ ગમે તેટલું નાનું હોય પણ એ અત્યંત ચોકસાઈથી કરવું જોઈએ. પછી ભલે કવર ઉપર ટપાલની ટિકિટ ચોંટાડવાની હોય. અને કામ જ્યારે ખૂબ ચોકસાઈથી કરવાનું હોય ત્યારે એકાગ્રતાની ખાસ જરૂર પડે છે.

પ્રયોગશાળામાં પ્રયોગ કરતા વૈજ્ઞાનિકો કેવા એકચિત્ત બનીને કાર્ય કરતા હોય છે! એ સમયે એમનું સમગ્ર ધ્યાન માત્ર એમના પ્રયોગ પર કેન્દ્રિત થયું હોય છે. વિખ્યાત વૈજ્ઞાનિક એડીસન માટે એમ કહેવાય છે કે એ પોતાની પ્રયોગશાળામાં એક પ્રયોગ કરવામાં એટલા લીન થઈ ગયા હતા કે એમના પોતાના લગ્નના વરઘોડા માટેનાં બેન્ડવાજાં વાગતાં હોવાનો પણ એમને ખયાલ આવ્યો નહોતો!

એકાગ્રતા યાદશક્તિનો પાયો છે. તમે ખૂબ ધ્યાનથી વાંચેલી વાત પરીક્ષા વખતે તરત યાદ આવી જાય છે. એકાગ્ર ચિત્તે જોએલી ફિલ્મનાં દૃશ્યો ને ગીતો વર્ષો સુધી યાદ રહે છે. એકાગ્ર ચિત્તે કરેલી પ્રાર્થના મનને ખૂબ શાંતિ આપે છે.

બંગાળના પ્રસિદ્ધ વિદ્વાન ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર એક વાર એમના પિતા સાથે વતનથી કલકત્તા પગપાળા જઈ રહ્યા હતા. એમની ઉંમર એ સમયે નવેક વર્ષની હશે માર્ગમાં માઈલસૂચક પથ્થરો જોઈ એમણે પિતાને પૂછ્યું: 'પિતાજી, આ પથ્થરો શા માટે જમીનમાં દાટેલા છે અને એના પર શું લખેલું છે?'

પિતાજીએ એમને સમજ પાડી કે એ માઈલ દર્શાવતા પથ્થરો છે અને તે પર અંગ્રેજી આંકડામાં માઈલની સંખ્યા દર્શાવવામાં આવી છે.—અને પિતાપુત્ર કલકત્તા પહોંચ્યા ત્યાં સુધીમાં ઈશ્વરચંદ્રને અંગ્રેજી આંકડા ઓળખતાં આવડી ગયું હતું! ચિત્ત એકાગ્ર બને તો જગતનું કોઈ પણ કાર્ય અઘરું રહેતું નથી.

એકાગ્ર ચિત્ત સ્મરણશક્તિને કેવી સહાય કરે છે એનું જ્વલંત ઉદાહરણ છે બાલાજી આબાજી. તેઓ છત્રપતિ શિવાજીના ખાસ ચિટનીસ હતા ને મહારાજના ખાનગી પત્રો લખવાનું કાર્ય કરતા. એક વાર શિવાજીએ એમને એક મહત્ત્વનો પત્ર લખવાની સૂચના આપી, પણ બીજાં ઘણાં કામોના લીધે બાલાજી એ પત્ર લખી શક્યા નહિ.

સાંજે શિવાજીએ એમને એ પત્ર લઈ પોતાની પાસે બોલાવ્યા. બાલાજીએ જતાંજતાં પત્રનો મુસદ્દો મનમાં વિચારી કાઢયો અને જેવું શિવાજીએ કહ્યું કે 'વાંચો જોઉં પેલો પત્ર' કે તરત જ એમણે ખિસ્સામાંથી બે કોરા કાગળ કાઢી વાંચવા માંડ્યું. રાત હતી એટલે બાજુમાં એક મશાલચી મશાલ પકડીને ઊભો હતો. એનાથી આ દૃશ્ય જોઈ હસવું રોકી શકાયું નહિ. શિવાજી મહારાજ એકદમ મશાલચી પર ગુસ્સે થઈ ગયા. બાલાજીને લાગ્યું કે પોતાના લીધે બીચારો ગરીબ મશાલચી માર્યો જશે એટલે એમણે સાચી બીના જણાવી એમની માફી માગી. શિવાજી મહારાજે કહ્યું: 'સારું, કંઇ વાંધો નહિ. હવે એ પત્ર લખી નાખો અને મને ફરી વાંચી સંભળાવો.'

બાલાજીએ પત્ર લખીને મહારાજને ફરી વાંચી સંભળાવ્યો ત્યારે મહારાજે જોયું કે અગાઉ એ મોઢે બોલ્યા હતા એમાં અને આ લખાણમાં એક અક્ષરનો પણ ફેર નહોતો!

આવી સ્મરણશક્તિ એકાગ્રતા વિના સંભવિત નથી. 'એકાગ્રતા'નો શબ્દાર્થ જ કેટલો બધો સૂચક છે! 'જેમાં એકને અગ્ર એટલે આગળ કરવામાં આવે છે એવી મનની અવસ્થા' એટલે એકાગ્રતા. બીજા બધાને ગૌણ બનાવી દીધા સિવાય, પાછળ મૂકી દીધા સિવાય એકને આગળ કેવી રીતે કરી શકાય? અને એ એકને આગળ કર્યા સિવાય, મહત્ત્વ આપ્યા સિવાય સિદ્ધિ પણ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે? તલ્લીન બન્યા સિવાય કદી કાંઈ રસલીન બન્યું સાંભળ્યું છે? ▣

આજ

આજનો દિવસ તો હું જીવી લઈશ, જિંદગીભરના પ્રશ્નો એકસાથે નિવેડવાનો અભરખો રાખ્યા વિના. જીવનભર ખટકતું રહે એવું મને જે કંઈ લાગે તેની સામે આજના બારેક કલાક સુધી તો હું લડી શકીશ—

મારા માટે જે નિર્મિત છે તેને માણીને આજનો દિવસ તો હું સુખી રહીશ. મારી જે એષણાઓ હોય તે બધી સાથે નહિ, પણ આજની પરિસ્થિતિ સાથે તો હું મેળ બેસાડી લઇશ—


આજના પૂરતો હું કંઈક કાર્યક્રમ ઘડી કાઢીશ. કદાચ એને હું ચુસ્તપણે વળગી રહી ન શકું, છતાં એ માટે પ્રયત્નશીલ તો રહીશ. ઉતાવળ અને અનિશ્ચિતતાથી મારી જાતને બચાવીશ—

તો આજનો દિવસ મારો જ રહેશે. ને આવી આજ તો દરરોજ આવે છે. —ડેઈલ કાર્નેગી

જગજીવનદાસ દયાળજી મોદી

લેખક • ઇન્દ્રવદન દેસાઈ





ભીષણ કૌટુમ્બિક પરિસ્થિતિમાંથી સ્વ–પુરુષાર્થ અને દૃઢ આત્મશ્રદ્ધા વડે આગળ આવી, અપ્રતિમ બુદ્ધિબળ અને જાતમહેનતથી પોતાની સૂકી જીવનવાડીને લીલી બનાવીને એક આદર્શ શિક્ષક, ધ્યેયનિષ્ઠ સર્જક અને નીડર પણ સમભાવી સુધારક તરીકે જીવી જનાર

સો એક વર્ષ પહેલાંની વાત છે. ડભોઈ તાલુકાના ફોફળિયા નામે ગામમાં એક વણિક કુટુંબ રહેતું હતું— દયાળજીભાઈ, એમનાં પત્ની ડાહીબેન અને ત્રણ નાનાં સંતાનો : બે પુત્ર અને એક પુત્રી. વડવાઓના વખતમાં તો જાહોજલાલી હતી, પણ કાળક્રમે પરિસ્થિતિએ પલટો લીધો અને કુટુંબ પેઢી દર પેઢી પૈસેટકે ઘસાતું ચાલ્યું. એમાં યે દયાળજીભાઈનું અવસાન થયું ત્યારે તો સંતાનોની ઉમર ખૂબ જ નાની. કુટુંબનો બોજ તૂટી પડતાં સૌ નિરાધાર જેવાં બની ગયાં. આ નિરાધાર પરિસ્થિતિમાં આવી પડનારાં સંતાનોમાંનું એક તે આ ચરિત્રનાયક જગજીવનદાસ. એમનો જન્મ સંવત ૧૯૨૮ના માગશર વદ પાંચમ એટલે કે ઈ. સ. ૧૮૭૧ની સોળમી ડિસેમ્બરે થયો હતો.

જગજીવનદાસ મોદીના વડવાઓ મરાઠા અને પેશ્વાના સમયથી ડભોઈ તાલુકામાં પોતાની સેવા અને ઉદારવૃત્તિથી ખ્યાતિ પામ્યા હતા. એમની વંશાવળી જોતાં જણાય છે કે નાગજી શેઠ અને રામજી શેઠ નામના બે ભાઈઓ ફોફળિયામાં વસેલા અને આસપાસના પ્રદેશમાં બહોળો વેપાર જમાવેલો. નસીબે યારી આપી અને ઉત્તરોત્તર એમની પ્રગતિ થતી ચાલી. રામજી શેઠની ત્રીજી પેઢીએ ગોવિંદજી શેઠની નામના તો આખા ય પંથકમાં ફેલાઈ ગઈ હતી. એમની દાનવૃત્તિ એક લોકોક્તિ જેવી બની ગઈ હતી. કુટુંબની એ ધર્મપ્રિયતા, દાનવૃત્તિ અને સેવાભાવના વંશપરંપરાગત ઊતરી આવ્યાં.

પણ ગોવિંદજી શેઠ પછી કુટુંબની સ્થિતિ નબળી પડતી ચાલી. આમ છતાં ય કુટુંબની પ્રતિષ્ઠા તો એવી ને એવી જ જળવાઈ રહી હતી. એ નબળી દશા દયાળજીભાઈના વખતમાં વધુ નબળી પડી ! અધૂરામાં પૂરું દયાળજીભાઈ અકાળ અવસાન પામતાં વિધવા ડાહીગૌરીને માથે બે નાના પુત્રો અને એક પુત્રીના ઉછેરની મોટી જવાબદારી આવી પડી. અરે, જીવનનિર્વાહ પણ મુશ્કેલ બને એવા હતા એ દિવસો ! પણ તે જમાનામાં ગામનું મહાજન ગામની દરેક વ્યક્તિની સારસંભાળ રાખતું. મહાજને ગામમાં મૂઠીવેરો નાખેલો હતો. આ મૂઠીવેરો એટલે ગામમાંથી કપાસનાં જેટલાં ગાડાં બહાર જાય તેમાંથી મૂઠી (લગભગ પાંચ શેર) કપાસ કાઢી લેવાનો. આ ઊપજમાંથી નિરાધાર કુટુંબોને નિર્વાહ માટે સહાય કરવામાં આવતી. વળી, દયાળજીભાઈના વખતનું મોદીખાનું મોટો દીકરો ઉમરલાયક થાય ત્યાં સુધી મહાજને સંભાળી લીધું.

આ મોટો દીકરો તે હિંમતલાલ ઉર્ફે કાળિદાસ. જગજીવનદાસના એ મોટા ભાઈ. એ ઉમરલાયક થતાં મહાજને એના પિતાની હાટડીનો વહીવટ એને સોંપી દીધો. હિંમતલાલ વેપારમાં ઘણા કુશળ નીવડયા. એમણે પિતાજીની હાટડીને પાછી તરતી કરી દીધી. એમની આ કુનેહથી પ્રભાવિત થઈને તે સમયના મિયાંગામના ઠાકોર સાહેબ મહારાવળ દાજીબાવા સરદારસિંહે એમને પોતાના ગામમાં આવીને વસવા આમંત્રણ આપ્યું, અને એમને પોતાના કારભારી નીમી પોતાના મોદીખાનાનો વહીવટ પણ એમને સોંપ્યો. બસ, ત્યારથી એ મોદી કહેવાયા અને કુટુંબની અટક મોદી પડી.

પણ શરૂઆતના દિવસો કપરા હતા. ત્યારે નાના ભાઈ જગજીવનદાસની ઉમર ઘણી જ નાની હતી. ત્યાંની ગામઠી શાળામાં બાળક જગજીવનદાસે પ્રાથમિક અભ્યાસ શરૂ કર્યો. એમની બુદ્ધિ અતિશય તીક્ષ્ણ અને સમજ તેમજ સ્મરણશક્તિ પણ એવાં જ તેજ હતાં. એક જ વર્ષમાં એમણે પ્રથમ ત્રણ ધોરણ પૂરાં કર્યાં! પહેલે જ વર્ષે ડેપ્યુટી ઇન્સ્પેક્ટર વાર્ષિક પરીક્ષા લેવા શાળામાં આવ્યા. આ છોકરાની બુદ્ધિ પ્રતિભાથી પ્રભાવિત થઇ એમણે તેને પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું : 'છોકરા, તારું નામ શું?' સ્વસ્થ જવાબ મળ્યો : 'જગજીવન' એના વર્ગશિક્ષકને પણ આથી હિંમત આવી અને વચ્ચે જ બોલી ઊઠયા : 'સાહેબ, આ છોકરો બહુ જ હોશિયાર છે. એને તો બીજી અને ત્રીજી ચોપડીનું લેસન પણ આવડે છે.'

'એમ ?' ઈન્સ્પેક્ટરે રમૂજ સાથે આશ્ચર્ય બતાવતાં કહ્યું. પછી પાછું પૂછ્યું : 'પરીક્ષા લઉં તારી, છોકરા?' લાગલો જ ઉત્તર : 'હા સાહેબ, મને બધું જ આવડે છે.' અને સાહેબે એને તરત લેવાનારી બીજા ધોરણની પરીક્ષામાં બેસવા દીધો. એમાં પણ એ સૌથી આગળ નંબરે પાસ થયો. આથી સાહેબે પાછું પૂછ્યું : 'અલ્યા, હવે ત્રીજીમાં બેસવું છે?'

'હા, સાહેબ.' છોકરો તો ખુશખુશ થઈ ગયો. સાહેબે એની ત્રીજા ધોરણની પરીક્ષા લીધી. એમાં પણ એ આગળ! પરન્તુ પછી સાહેબે કશું પૂછ્યું નહિ; એ છોકરાએ જ હિંમતથી પૂછી નાખ્યું: 'સાહેબ, ચોથીમાં બેસવા દો ને!' સાહેબ હસ્યા: 'છોકરો ચબરાક જણાય છે. બસ, હવે આજે આટલું બસ છે. ચોથીની પરીક્ષા આવતી સાલ.' અને બીજા વર્ષે એમણે ચોથા ધોરણની પરીક્ષા પણ પ્રથમ નંબરે પસાર કરી. આમ, ચાર ધોરણનો અભ્યાસ તો પૂરો કર્યો, પણ હવે શું? મિયાંગામમાં તો આગળ અભ્યાસની સગવડ હતી જ નહિ. અને મોટા ભાઈ હિંમતલાલ તો નાના જગજીવનને પોતાના ધંધામાં પલોટવા તૈયાર જ હતા. વળી, કુટુંબની આર્થિક સ્થિતિ એવી નહોતી કે જગજીવનદાસને આગળ અભ્યાસ માટે શહેરમાં મોકલી શકાય! તો પછી આવા તેજસ્વી વિદ્યાર્થીનો અભ્યાસ સગવડ અને સંપત્તિને અભાવે અટકી પડે તે પણ કેમ ચાલે?

ગામમાં એ વખતે એક વૈદ્યરાજ રહેતા. એમના એક સંબંધી વડોદરામાં પોતાની ખાનગી શાળા ચલાવતા હતા. વૈદ્યરાજે જગજીવનદાસની આગળ અભ્યાસ કરવાની ઈચ્છા જાણી વડોદરામાં પોતાના એ સંબંધીને ત્યાં રહેવાની સગવડ કરી આપી અને જગજીવનદાસે, આમ, માત્ર દસ જ વર્ષની ઉંમરે ઘર છોડ્યું. પછીથી તો વડોદરા જ એમનું વતન બન્યું. વડોદરામાં, એમને ઘેરે જ રહેવાનું, ખાવાપીવાનું અને અભ્યાસ કરવાનો અને બદલામાં નીચલા વર્ગના વિદ્યાર્થીઓને ભણાવવાના. આ રીતે દસ વર્ષની ઉંમરે જગજીવનદાસ વિદ્યાર્થીની સાથે સાથે શિક્ષક પણ બન્યા.

શાળાના અધિપતિ તો અસલ બ્રાહ્મણ! ગોરાણી રસોઈ ક્યારે કરે એનું ઠેકાણું નહિ. અને વળી સાંજના તો ઘણી વાર રસોડું બંધ પણ હોય! શાળામાં તો સવારમાં હાજર થવું પડતું, એટલે રાતનો ટાઢો રોટલો અને એક પાઈનું પડિયો ભરીને દહીં આવે તેનો નાસ્તો કરીને શાળામાં જવું પડે. બપોરે ઘેરે આવે ત્યારે જો રસોઈ તૈયાર ના હોય તો વળી પાછો એ જ ટાઢો રોટલો અને દહીં! આમ, બે વર્ષની આકરી તપશ્ચર્યા કરી એમણે છ ધોરણનો અભ્યાસ પૂરો કર્યો. અને ત્યાં આગળ અભ્યાસ કરવાના વર્ગ હવે ન હોવાથી થોડાં વર્ષો એમણે એ જ શાળામાં શિક્ષક તરીકે ગાળ્યાં. એટલામાં ત્યાં નવી ટ્રેઇનિંગ સ્કૂલ (અધ્યાપન શાળા) નીકળી એટલે તે એમાં જોડાયા અને ઈ. ૧૮૮૯ માં પહેલા વર્ષની પરીક્ષા પસાર કરી. આ અભ્યાસ દરમ્યાન એઓ છાત્રાલયમાં રહેતા અને પ્રતિમાસ રૂપિયા ચારની છાત્રવૃત્તિ પણ મેળવતા. આ અરસામાં જ વડોદરાના જગવિખ્યાત 'કલાભવન'ની સ્થાપના પણ નવી જ થઈ હતી. એની સાથે ટ્રેઇનિંગ સ્કૂલનું જોડાણ થતાં તે 'શિક્ષણપદ્ધતિ શાળા' તરીકે ઓળખાવા લાગી. એ જ શાળામાંથી ઇ. ૧૮૯૦ માં જગજીવનદાસે મધ્યમ પદની અને ૧૮૦૬માં ઉત્તમ પદની પરીક્ષાઓ સારા ગુણથી પસાર કરી. આ ઉપરાંત વડોદરા રાજ્ય તરફથી લેવાતી સંસ્કૃતની 'શ્રાવણ માસ દક્ષિણા પરીક્ષા'ની ત્રણ પરીક્ષાઓ પણ શોખ ખાતર આપેલી. શોખ ખાતર એટલા માટે કે આ પરીક્ષાઓમાં 'દક્ષિણા' માત્ર બ્રાહ્મણોને જ મળતી. એમના આ શોખથી પ્રાપ્ત કરેલા સંસ્કૃત જ્ઞાનને લીધે ટેકડીમાં કેટલાક એમને 'વૈશ્ય શાસ્ત્રી' કહેતા!

ઓગણીસ વર્ષની ઉંમરે ટ્રેઇનિંગ સ્કૂલની મધ્યમપદ પરીક્ષા ઉત્તીર્ણ કર્યા પછી એમની પ્રથમ નિમણૂક ગણદેવીમાં પ્રાથમિક શિક્ષક તરીકે થએલી. પછી બિલિમોરા, અકોટી, મુજપુર વગેરે ગામોમાં નોકરી કરતા કરતા એઓ ઈ. સ. ૧૮૯૭માં વડોદરા શહેરની રાવપુરાની પ્રાથમિક શાળામાં આવ્યા અને પછીનો બધો જ કાળ વડોદરામાં જ રહ્યા. નોકરીના આરંભમાં મહિને રૂપિયા સાત પૂરા બાબાશાહી (ગાયકવાડી)–બ્રિટિશ સરકારના કલદાર રૂપિયા સવા પાંચ–મળતા! પણ આમાંથી યે એઓ ઘરખર્ચ કાઢતા અને બચત પણ કરતા. પૈસો યે વેડફતા નહિ, તેમ કંજૂસાઈ પણ કરતા નહિ. આ જ અરસામાં મોટા ભાઈ હિંમતલાલનું યુવાન વયે અવસાન થયું, અને ભાભીનો તથા તેમના બે નાના પુત્રોનો ભાર જગજીવનદાસને માથે આવી પડ્યો. પણ આવી પડેલી જવાબદારીમાંથી છટકવાનું એ કદી જાણતા નહોતા. ભાઈના દીકરાઓને એમણે ભણાવ્યા-ગણાવ્યા અને નોકરીએ પણ વળગાડ્યા. ઉપરાંત મિયાંગામનું ઘર તથા મિલકત એમણે ભત્રીજાઓને સોંપી દીધાં એટલું જ નહિ, પણ મોટા ભાઈ બે હજારનું દેવું મૂકતા ગએલા તે પણ પોતે જ ચૂકવી આપ્યું. આટલો બધો હતો એમનો ભ્રાતૃસ્નેહ!

એમનું કુટુંબવાત્સલ્ય પણ એવું જ હતું! એમનું પ્રથમ લગ્ન ઈ. ૧૮૯૨માં એકવીસ વર્ષની ઉંમરે મણિગૌરી સાથે થયું હતું. પણ એ પ્રથમ પત્નીનું નિઃસંતાન અવસાન થતાં ઈ. ૧૯૦૮માં એમણે કમળાગૌરી સાથે બીજું લગ્ન કર્યું. આ પત્નીથી એમને ઈ. ૧૯૧૪માં એક પુત્ર પ્રાપ્ત થયો, અને ૧૯૧૬માં કમળાગૌરીનું પણ અવસાન થયું. આ અવસાનમાં નિમિત્ત રૂપ બની જગજીવનદાસની વારંવાર થએલી બદલીઓ; કારણ કે અતિ નાજુક તબિયતનાં એમનાં પત્ની કમળાગૌરી આ રખડપટ્ટીનો હડદોલો સહી શક્યાં નહિ. આ ઉપરાછાપરી બદલી થવાની પાછળ પણ એક નાનકડો ઇતિહાસ છે. એ સમય એવો હતો કે સરકારનો વિરોધ કરી શકાતો જ નહિ. કોઈ સંગઠન ઊભું કરવું એ તો એક ભયંકર અપરાધ ગણાતો. એવા સમયે પણ જગજીવનદાસે પોતાના કેટલાક મિત્રોની સહાયથી 'વડોદરા રાજ્ય કેળવણી મહામંડળ'-ની સ્થાપના કરી અને એ સંઘની છત્રછાયા નીચે એમણે રાજ્યભરના પ્રાથમિક શિક્ષકોને સંગઠિત કરી પોતે એ મંડળના મહામંત્રી બન્યા. એમના આ 'વિદ્રોહી' કાર્યથી એમને વડોદરા રાજ્યના કેળવણી ખાતાની ઈતરાજી વહોરવી પડી. વડોદરામાંથી તેમને ઉઠાવીને ઉત્તર ગુજરાતમાં મહેસાણા મોકલવામાં આવ્યા. ત્યાંથી ત્રણ જ માસમાં તો તેમને કાઠિયાવાડના ખાંભા મહાલમાં બદલી નાખ્યા. ત્યાંથી વળી આઠ માસમાં ફરીથી પાછા મહેસાણા અને ત્યાંથી પાટણ ફેરવવામાં આવ્યા. આ બધી રખડપટ્ટીમાં જ એમનાં પત્ની કમળાગૌરીનું સ્વાસ્થ્ય બગડ્યું અને અવસાન પામ્યાં. ત્યાર પછી એમણે, અનેકોના કહેવા છતાં લગ્ન ના કર્યા અને એકમાત્ર પુત્રને ઉછેરી સંસ્કાર સિંચન કર્યું.

જોકે એમની આ શિક્ષક-સંગઠનની પ્રવૃત્તિ પાછળ આજે પ્રવર્તમાન છે એવી કોઈ વ્યાવસાયિક મંડળની દૃષ્ટિ નહોતી, બલકે શિક્ષકના સ્વમાન અને શિક્ષણના બહુમાનનો જ પ્રશ્ન પ્રમુખ હતો. એઓ આ જીવન જે નિષ્ઠાથી શિક્ષણકાર્ય કરતા રહ્યા હતા તે જોતાં કોઈને પણ આ સમજાયા વગર રહેશે નહિ. પોતાની આરંભની કારકિર્દીમાં એમણે આર્થિક સંકડામણને હલ કરવા માત્ર બે વર્ષ જ બે ખાનગી ટ્યૂશનો કરેલાં. ત્યાર પછી તો એમણે પૈસા લઈ ખાનગી ટ્યૂશન આપવાનું સદાને માટે છોડી દીધેલું. એમના મનની એ દૃઢ પ્રતીતિ હતી કે વિદ્યાનું તો દાન જ થાય, વિક્રય નહિ. આથી, ત્યાર બાદ કોઈ પણ સાચા વિદ્યાર્થીને માટે એમનાં દ્વાર હમેશાં ખુલ્લાં જ રહ્યાં હતાં.

શિક્ષણનો સાચો શોખ એમના હૈયે એવો વસ્યો હતો કે ઈ. ૧૯૦૩માં જ્યારે જગજીવનદાસ વડોદરાની ગુજરાતી શાળાઓમાં ફરતા સંસ્કૃત શિક્ષક તરીકે નિમાએલા ત્યારે જુદી જુદી પ્રાથમિક શાળાઓમાં એમને અઠવાડિયે બે બે પીરિયડ સંસ્કૃત શીખવવા જવું પડતું. પણ વિદ્યાર્થીઓ આટલા ઓછા સમયમાં થોડું સંસ્કૃત શીખે એથી એમને સંતોષ નહિ. પરિણામે વિદ્યાર્થીઓને સંસ્કૃત સાહિત્યમાં રસ જાગે અને વધુ પુસ્તકો વાંચતા થાય એ આશયથી જગજીવનદાસ શાળાનો સમય પૂરો થયા પછી સરકારવાડાની પ્રાથમિક શાળાના એક ઓરડામાં વિદ્યાર્થીઓને ભેગા કરી આગળ સંસ્કૃત ભણાવતા.

જગજીવનદાસને જેમ શિક્ષણનો શોખ હતો તેમ પોતાના વિકાસ

માટે વિશેષ જ્ઞાન સંપાદન કરવાની તીવ્ર જિજ્ઞાસા પણ તેમને સદા રહેતી. પરિણામે એ આજીવન વિદ્યાર્થી જ હતા. એમણે જાતમહેનતે સંસ્કૃત અને પ્રાચીન ગુજરાતીનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એમના આ જ્ઞાનરાશિને કારણે એ સૌમાં આદર પામતા. એમના મિત્ર-વર્તુળમાં અવારનવાર સાહિત્યની રસભર ચર્ચાઓ થતી, અને કોઈ શબ્દની વ્યુત્પત્તિ કે અર્થ અથવા કોઈ કાવ્યપંક્તિ અગમ્ય લાગતી ત્યારે સૌ એમના ઉપર મીટ માંડતા. આથી જ સહુ એમને 'લિવિંગ એન્સાઈક્લોપીડિયા'–જીવંત જ્ઞાનકોશ–કહેતા. એ ટ્રેઇનિંગ કૉલેજના તાલીમાર્થી શિક્ષકોને માત્ર વિષયો શીખવીને જ સંતોષ ન માનતા; એમને એ સાહિત્યનો શોખ લગાડતા ને આદર્શ શિક્ષક બનવાની પ્રેરણા આપતા. તાલીમાર્થીઓને એ હમેશાં સામાન્ય શિક્ષક કરતાં વધુ અભ્યાસ કરીને તૈયાર રહેવાની શિખામણ આપતા. એઓ કહેતા : 'બાળકોને તમારે જે આપવાનું છે તેનાથી તમારી પાસે વધારે ભાથું હશે તો જ તમે તમારા જીવનપથમાં યશભાગી બનશો. વર્ગમાં શીખવવા જેટલી જ તૈયારી કરીને બેસી રહે તે સાચો શિક્ષક જ નથી. શિક્ષક પાસે તો જ્ઞાનનો ભંડાર જોઈએ, એનું વાચન વિશાળ જોઈએ, એ સતત અભ્યાસશીલ હોવો જોઈએ.' પણ શિક્ષકજીવનમાં એ સહુથી વધુ ભાર તો ચારિત્ર્ય પર મૂકતા, અને કહેતા : 'તમારામાં ચારિત્ર્ય અને નિર્લોભીપણું હશે તો જ તમે સમાજમાં સન્માનને પાત્ર બનશો.' એમના આ ચારિત્ર્યગુણ, અભ્યાસનિષ્ઠા અને શિક્ષણપ્રીતિને લઇને જ જ્યારે એમને ૭૫ વર્ષ પૂરાં થયાં ત્યારે એમને સન્માનવા વડોદરાનાં નાગરિકો, સ્નેહીઓ, મિત્રો તરફથી અમૃત મહોત્સવ ઉજવાએલો અને રૂ. ૧૭૦૦ની થેલી એમને અર્પણ કરવામાં આવેલી. એમણે આ રકમ વડોદરા રાજ્ય સરકારને એ શરતે અર્પણ કરી દીધેલી કે એના વ્યાજમાંથી ગુજરાતીમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને પારિતોષિક આપવામાં આવે. આ યોજના ત્યાર બાદ મુંબાઈ સરકાર અને ગુજરાત રાજ્ય પાસે થઇને હાલમાં તે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પાસે છે.

એમનો સાહિત્યનો શોખ પણ દાદ માગી લે તેવો હતો. વિદ્યાર્થીકાળે સંસ્કૃતની પરીક્ષાઓ એમણે આપી ત્યારે ગીતા, રામાયણ–મહાભારત, ભાગવત, ધર્મશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, વ્યુત્પત્તિ, તર્કસંગ્રહ, મનુસ્મૃતિ, રઘુવંશ, મેઘદૂત વગેરેનો અભ્યાસ કરવો પડેલો. આથી એમની સજ્જતા ઘણી જ વધી ગઈ હતી. વળી, અવનવું જ્ઞાન મેળવવા તો એ સદા પ્રયત્નશીલ રહેતા જ. આથી પણ દિનપ્રતિદિન એમની સજ્જતામાં વધારો થતો રહેતો. આ ઉપરાંત સાહિત્યની પ્રેરણા એમને એમના વિદ્યાગુરુઓ મણિશંકર રત્નજી ભટ્ટ (કવિ 'કાન્ત') અને છગનલાલ ઠાકોરદાસ મોદી પાસેથી મળેલી, બારતેર વર્ષની ઉંમરે તો એમણે કવિ શામળ ભટ્ટની પદ્યવાર્તાઓ વાંચી નાખેલી. એના પરથી એમને છપ્પા ને ચોપાઈ રચવાની ઊર્મિ થઈ આવતી. વળી, દલપતરામની કવિતા વાંચ્યા પછી એ શૈલીનાં કાવ્યો રચવાની લગની લાગેલી. પછી આગળ જતાં એમણે પોતાના વ્યક્તિત્વની છાપવાળી રચનાઓ કરવા માંડી.

ઈ. ૧૯૧૫માં સૂરત ખાતે પાંચમી સાહિત્ય પરિષદ ભરાએલી ત્યારે ત્યાંની સ્થાનિક સમિતિએ પાંચસોથી હજાર લીટીમાં રામાયણનો સાર આપતું કાવ્ય રચવાની હરીફાઈ યોજી હતી. હરીફાઈની મુદતને એકાદ અઠવાડિયું હશે, ત્યાં સુધી જગજ્જીવનદાસને એની ખબર નહિ. એમના વિદ્યાગુરુ છગનલાલ મોદીએ જ્યારે એમને આ હરીફાઈની ખબર આપી અને કાવ્ય રચવાનો આગ્રહ કર્યો ત્યારે ચાર જ દિવસમાં એમણે ૫૦૦ પંક્તિઓ રચી કાઢી. આ કાવ્યને વિસ્તારીને એમણે પછીથી ૨૦૦૦થી વધારે પંક્તિઓનું 'રુચિરા રામાયણ' તૈયાર કર્યું, જે ઈ. સ. ૧૯૪૮માં મુંબાઈના લક્ષ્મીનારાયણદેવ, માધવબાગ ટ્રસ્ટ તરફથી પ્રસિદ્ધ થએલું. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'સામાજિક હિતબોધ' તો છેક ઇ. ૧૮૯૫માં અને એમનાં કીર્તનોનો સંગ્રહ 'સ્તવનમંદાર' ૧૮૯૬માં પ્રકટ થયા હતા. એમના લેખો એ વખતનાં જાણીતાં સામયિકોમાં પ્રસિદ્ધ થતા. એમણે ૫૦૦થી વધુ કાવ્યો ઉપરાંત જીવનચરિત્રો, સંશોધનલેખો અને અનુવાદો પણ આપ્યાં છે. સંસ્કૃત–ગુજરાતી ઉપરાંત, હિંદી, મરાઠી, ઉર્દૂ અને બંગાળી પણ એ શીખ્યા હતા, અને બંગાળીમાંથી તો કેટલાક અનુવાદો પણ કરેલા. એમનો સંશોધનગ્રંથ 'વેતાલ પંચવીસી' મુંબાઈ યુનિવર્સિટીમાં તેમજ જર્મનીની લાઇપઝિગ યુનિવર્સિટીમાં પાઠ્ય પુસ્તક તરીકે પણ મંજૂર થએલો.

એમના આ સાહિત્યશોખને લઈને એમનું ઘર એક આદર્શ વિદ્યાધામ જ બની ગયું હતું. એમ.એ. અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ પણ એમની પાસે માર્ગદર્શન લેવા આવતા. એમના આ શોખને લીધે જ એમની પાસે ૩૦૦૦ પુસ્તકોનું અંગત પુસ્તકાલય વસ્યું હતું અને નરસિંહરાવ દિવેટિયા, કેશવ હર્ષદ ધ્રુવ, કૃષ્ણલાલ મો. ઝવેરી, ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ, નાનાલાલ કવિ વગેરેનો મૈત્રીસંબંધ વિકસ્યો હતો. વડોદરાની સાહિત્યસભાને 'પ્રેમાનંદ સાહિત્યસભા'નું નામ એમના જ પ્રયાસોથી મળ્યું હતું. એમના આવા સર્વક્ષેત્રીય જ્ઞાનને લીધે જ ઈ. ૧૯૧૯માં જ્યારે વડોદરા રાજ્યના ગેઝેટીઅરનું કામ શરૂ થયું અને પ્રાંતવાર ગુજરાતી સર્વસંગ્રહ તૈયાર કરવાની પ્રવૃત્તિ હાથ ધરાઈ ત્યારે તે સમયના સેન્સસ કમિશનર રા. બા. ગોવિંદભાઈ દેસાઈએ પ્રસ્તુત સર્વસંગ્રહમાં મદદ કરવા માટે જગજ્જીવનદાસની માગણી કરેલી. એ અગાઉ છેક ઈ. ૧૯૦૫-૬માં ઈચ્છારામ દેસાઈની વિનતિથી એઓ પ્રાચીન ગુજરાતી કાવ્યોના સંશોધન માટે થોડો સમય મુંબઈ પણ ગયા હતા.

પણ સાહિત્યમાં આવો ઊંડો રસ દાખવનાર જગજ્જીવનદાસ વહેવારચતુર પણ એટલા જ હતા. સંસારથી અલિપ્ત રહીને એમણે સાહિત્યોપાસના કરી નહોતી; બલકે સંસારસુધારાનાં કાર્યોમાં પણ એઓ સક્રિય રસ લેતા હતા. એમની જ્ઞાતિ જે વેરવિખેર પડી હતી. તેનું સંમેલન બોલાવી, નાનાનાના વાડાઓ તોડી એકત્ર થવાનો પણ તેમણે અનુરોધ કર્યો હતો. એમનું મોટા ભાગનું જીવન વડોદરામાં જ પસાર થયું હતું તેથી સ્વાભાવિક રીતે એમણે પોતાની પ્રવૃત્તિઓ ત્યાં જ વિકસાવી હતી. વડોદરા રાજ્ય કેળવણી મહામંડળના તેઓ લાંબા સમય સુધી મંત્રી તથા ખજાનચી રહ્યા હતા. રાવપુરા કિન્ડરગાર્ટનની સમિતિના એઓ આજીવન મંત્રી હતા. વળી, એ બાજવાડામાં રહેતા ત્યાં નજીકમાં લક્ષ્મીનાથ નામે એક બ્રાહ્મણ ગૃહસ્થ રહેતા હતા. એ નિઃસંતાન હતા તેથી તેમને સમજાવી એમની મિલકતને બક્ષિશ તરીકે લઈ વડોદરામાં એ દાતાના નામથી જ ઈ. ૧૯૦૮માં 'શ્રી લક્ષ્મીનાથ વ્યાયામશાળા' શરૂ કરી, અને છેવટ એનું સંચાલન એમણે છોટુભાઈ અને એમના નાનાભાઈ અંબાલાલ પુરાણી જેવી સમર્થ વ્યક્તિઓના હાથમાં સોંપ્યું. અહીંથી જ પુરાણીભાઈઓએ પ્રકટાવેલી વ્યાયામજ્યોત સમગ્ર ગુજરાતમાં ફેલાઈ.

ઈ. ૧૯૩૪માં નિવૃત્ત થયા પછી મિત્રોના આગ્રહથી એઓ વડોદરા સુધરાઈની ચૂંટણીમાં ઊભા રહ્યા હતા. ઈ. ૧૯૩૬નું એ વર્ષ માત્ર પોતાની સેવા અને પ્રતિષ્ઠાના જોરે જ એમણે આ સાહસ ખેડેલું. બન્યું એવું કે સામે એક શ્રીમંતે ઉમેદવારી નોંધાવેલી. રોજ સાંજ પડે અને નિરાશાજનક વાતો આવે: 'માસ્તર, તમે હારી જવાના છો. આ તો નાણાંના ખેલ છે. નાણાંકોથળી છૂટી મૂકો તો કામ થાય...જોઈએ તો ઘર ગીરે મૂકો, પણ નાણાંની વ્યવસ્થા કરો. પેલાએ તો બબ્બે રૂપિયે વોટ ખરીદવા માંડયા છે.' પણ જગજ્જીવનદાસ આવી વાતોનો સહુને જવાબ આપતા: 'યોગ્ય હશે ત્યાં પૈસા ખર્ચીશ. પ્રચાર-સાહિત્ય અને વાહનો માટે (એ જમાનામાં મતદારોને વાહનોમાં લઈ જવાની છૂટ હતી!) પૈસા કાઢીશ; પણ મારી પાસે એવો અનીતિનો પૈસો નથી કે હું છૂટો ઉડાડું.' અને પછી ઉમેરતા : 'લોકો તો મારી સેવાને ખાતર મને

ચાલુ વર્ષનાં પારિતોષિકો

લેખકો-ચિત્રકારોને નિમંત્રણ

'કુમાર'ના ૧૯૭૭ના ચાલુ વર્ષમાં નીચે મુજબનાં પારિતોષિકો આપવામાં આવનાર છે

૧) **કુમાર-ચન્દ્રક** : વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ સર્જન-પ્રવૃત્તિ કે લેખન-પ્રવૃત્તિ માટે વર્ષોવર્ષ અપાતો ચન્દ્રક
૨) રૂ. ૧૦૧ **શ્રી છોટાલાલ માવજી કોઠારી** તરફથી વર્ષ દરમ્યાનના પ્રાચીન ઇતિહાસ અને પુરાતત્ત્વ વિષયક લેખો પૈકી શ્રેષ્ઠને
૩) રૂ. ૫૦ **હરિઃૐ આશ્રમ પારિતોષિક–૧** : જીવનઘડતરમાં પ્રેરણારૂપ ચરિત્રલેખો માટે દર માસે
૪) રૂ. ૫૦ **હરિઃૐ આશ્રમ પારિતોષિક–૨** : ભારતીય સંસ્કારપરંપરાને ઉજમાળતાં વ્યક્તિચિત્રો કે પ્રસંગચિત્રો માટે
૫) રૂ. ૫૦ **હરિઃૐ આશ્રમ પારિતોષિક–૩** : વાચકોની રુચિને સંસ્કારે એવાં નવાં પૂર્ણરંગી ચિત્રો માટે
૬) રૂ. ૫૧ **દીપ્તિ-સ્મૃતિ પારિતોષિક** : સપ્ટેમ્બર ૧૯૭૬ થી ઑગસ્ટ ૧૯૭૭ સુધીના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક થાય તેવા શ્રેષ્ઠ લેખના લેખકને
૭) રૂ. ૫૧ **ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી** તરફથી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ વિજ્ઞાનલેખ માટે
૮) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ મૌલિક વાર્તા કે એકાંકી માટે
૯) રૂ. ૨૫ **ગિરીશકાકા પારિતોષિક** તેમના પરિવાર તરફથી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ જોડણીશુદ્ધ અને વ્યાકરણશુદ્ધ લેખ માટે
૧૦) રૂ. ૨૫ **એક સદ્‌ગૃહસ્થ તરફથી** : ઈ. ૧૯૭૬ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી વિકરાળ પ્રાણીનો સામનો નિરૂપતી પ્રાણીકથા માટે
૧૧) રૂ. ૧૫ **શ્રી દેવેન્દ્ર દવે** તરફથી તેમના પિતા વિજયકાન્તની સ્મૃતિમાં વર્ષની શ્રેષ્ઠ ગીતરચના માટે

મત આપવાના છે. વેચાતો મત તો મારે એકે ય ન ખપે.' પરિણામ એ આવ્યું કે એઓ બહુમતિથી ચૂંટાઈ આવ્યા અને છ વર્ષ સુધી મ્યુનિસિપાલિટીમાં રહી એમણે વડોદરા શહેરની યથાશક્તિ સેવા કરી. એમની આ કદરરૂપે વડોદરા શહેર સુધરાઈએ એમના અવસાન બાદ એઓ રહેતા તે ચોકઠાનું નામ 'સાક્ષર શ્રી જગજ્જીવનદાસ મોદી ચોક' પાડ્યું.

બેઠી દડીના અને ઓછાબોલા જગજ્જીવનદાસ સેવાકાર્યમાં પાવરધા હતા. સમય આવ્યે સ્પષ્ટવક્તા પણ બની શકતા. એક વાર વડોદરાના કલ્યાણરાયજીના મંદિરમાં પુષ્ટિમાર્ગી વૈષ્ણવોની એક સભા ભરાઈ હતી. ગોસ્વામી શ્રી ગોવિંદરાયજી સભાપતિ હતા. એ સભામાં એક અધ્યાપક વક્તાએ અતિરેકથી કહ્યું : 'પુષ્ટિ-સૃષ્ટિમાં પ્રવેશ મળવામાત્રથી જ જીવનાં સર્વ પાપો બળી જાય છે. પછી એને એકે પાપ લાગતું નથી. એણે પછી કાંઈ કરવાપણું રહેતું નથી.' જગજ્જીવનદાસ આ સભામાં હાજર હતા. એમનાથી આ અતિરેક સહન ના થયો. સભાપતિની અનુજ્ઞા મેળવી એમણે વિવેકપૂર્વક પોતાનો દૃઢ અભિપ્રાય વ્યક્ત કર્યો : '...સાહેબ જે વાત કરી તેનાથી કોઈ ભરમાશો નહિ. અંગારા પર પગ પડે એટલે તમે દાઝવાના જ છો; અને પાપ કરશો તો તેનું ફળ તમારે ભોગવે જ છૂટકો છે. તે વખતે તમારી કંઠી તમને એમાંથી બચાવી શકવાની નથી.' અને પછી એમણે વૈષ્ણવસંપ્રદાયના સિદ્ધાંતો એટલી વિશદ રીતે સમજાવ્યા કે ખુદ ગોવિંદરાયજી મહારાજ પણ ઘણા પ્રસન્ન થઈ ગયા. એમણે જગજ્જીવનદાસને બોલાવી પોતાની પાસે બેસાડ્યા ને પછી પોતાના પ્રવચનમાં કહ્યું : 'યદ્યપિ મોદીજી હમારે સમ્પ્રદાય કે નહિ હૈં, તબ ભી ઉન્હોંને હમારે સમ્પ્રદાયકા ઈતના સૂક્ષ્મ અભ્યાસ કિયા હૈ યહ દેખ કર મુઝે બડી પ્રસન્નતા હોતી હૈ.' પોતે સ્વામીનારાયણ સંપ્રદાયના હોવા છતાં ય એમનું અન્ય ધર્મ-સમ્પ્રદાયોનું વાચન આવું હતું!

આમ શ્રી જગજ્જીવનદાસ મોદી ભીષણ કૌટુંબિક પરિસ્થિતિમાંથી સ્વપુરુષાર્થ અને દૃઢ આત્મશ્રદ્ધાથી આટલા આગળ આવ્યા હતા. એમની આ જીવનસિદ્ધિ પાછળ માતૃદીધું ધર્મસંસ્કારનું અણમોલ ભાથું હતું, તો સ્વસૂઝથી એ એમણે દીપાવ્યું પણ હતું. એમની નિયમિતતા જીવનનાં લગભગ છેલ્લાં વર્ષો સુધી અનુકરણીય રહી હતી. વહેલી સવારે નિયમિત પાંચ વાગ્યે એ ઊઠતા. નાહીધોઈ સેવાપૂજાથી પરવારી એ સાંસારિક કામો માટે બહાર નીકળી પડતા. સાંજે વાડીના સ્વામીનારાયણ મંદિરે એઓ આરતીનાં દર્શન કરવા જતા. બધી જ પ્રવૃત્તિઓ સમયસર પતાવવાનો એમનો આગ્રહ રહેતો. દરેક પ્રવૃત્તિ માટે એમણે ચોક્કસ મિનિટો નક્કી કરી રાખેલી. પૂજા કરતી વખતે કે ભોજન કરતી વખતે પણ એ પોતાની સમક્ષ ઘડિયાળ મૂકી રાખતા. એમનું આ સમયપાલન પણ એમની પ્રગતિનું દ્યોતક છે.

સંસારની સૂકી પરિસ્થિતિમાં જન્મી એમણે અપ્રતિમ બુદ્ધિબળ અને જાતમહેનતથી પોતાની જીવનવાડીને લીલી બનાવી હતી. એમની સાદગી અને મિતભાષિત્વ એમને આદરના અધિકારી બનાવતું, એમની જ્ઞાનપિપાસા અને અભ્યાસનિષ્ઠાએ એમની સર્જન અને શિક્ષણ પ્રવૃત્તિમાં બળ પૂર્યું હતું. પુસ્તક પારંગત હોવા છતાં ય એમણે વ્યવહારજીવનમાં ય હૈયાસૂઝની દીપ્તિ દર્શાવી હતી. એમના સાલસ સ્વભાવ અને ઉદાર ચિત્તથી એમણે અનેકોનાં દિલ જીતી લીધાં હતાં. આમ, એક આદર્શ શિક્ષક, ધ્યેયનિષ્ઠ સર્જક અને સમભાવી સુધારક તરીકે જીવી જનાર જગજ્જીવનદાસનું વડોદરા ખાતે સંવત ૨૦૧૦ના માઘ માસની અમાસના રોજ એટલે કે ઈ. ૧૯૫૪ના માર્ચની ૪થી તારીખે સાંજે મંદિરની આરતીનો નાદ સાંભળતાં સાંભળતાં પ્રસન્ન ચિત્તે અવસાન નિપજ્યું અને એઓ અક્ષરધામમાં લીન થઈ ગયા. □

ઇનામી નિબંધ હરીફાઇ

મહારાજા સયાજીરાવ સ્મારક સંશોધન સમિતિ તરફથી 'ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ : તેની સમસ્યાઓ અને ક્ષિતિજો' એ વિષય ઉપર ઇનામી નિબંધ હરીફાઈ જાહેર થઈ છે, જેમાં ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સૂરત અને વલસાડ એટલા જિલ્લાના વતની ભાગ લઈ શકશે. નિબંધ તા. ૧–૭–૧૯૭૭ સુધીમાં નીચેના સરનામે મોકલવો. શ્રેષ્ઠ નિબંધ લખનારને રૂા. ૫૦૦–૦૦ (રૂા. પાંચસો)નું ઈનામ અપાશે. નિબંધનો વિસ્તાર, ઓછામાં ઓછો દસ હજાર શબ્દોનો હોવો જોઇએ અને તે પચીસ હજાર શબ્દોથી વધવો જોઇએ નહિ. નિબંધ ગુજરાતી, હિન્દી અને મરાઠી એ ત્રણમાંથી ગમે તે એક ભાષામાં લખી શકાશે.

પત્રવ્યવહારનું સરનામું : રણજિત મો. પટેલ, ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઑવ આર્ટ્સ, ટિળકરોડ, વડોદરા.

ડિટેક્ટિવ ફેલુદાનું એક નવું શોધસાહસ

જમ્બુક દેવ*ની મૂર્તિ

મૂળ લેખક · સત્યજિત રાય

અનુવાદક · સુકન્યા ઝવેરી

'ફોન કોનો હતો ફેલુદા?'...સવાલ પૂછતાં તો પુછાઈ ગયો, પણ પછી થયું કે આ મુર્ખામી કરી છે; કારણ યોગિક આસનો કરતી વેળા ફેલુદા વાત કરતો નથી. એક્સરસાઈઝ છોડી ફેલુદાએ આ યોગાસનો છ મહિનાથી જ કરવા માંડ્યાં છે. સવારે અર્ધો કલાક જાત-જાતનાં આસન કરે છે. અને માનવું પડે કે મહિનાની અંદર ફેલુદાનું શરીર વધુ 'ફિટ' થઈ ગયું છે.

પ્રશ્ન પૂછી તરત પાછું ફરી. ટેબલ પર મૂકેલી ઘડિયાળમાં ટાઈમ જોઈ લીધો. બરાબર સાડા સાત મિનિટ પછી આસનો પૂરાં કરી ફેલુદાએ જવાબ આપ્યો: 'તું નથી ઓળખતો.'

આટલી વાર પછી આવો જવાબ સાંભળી જરા માઠું લાગ્યું. એમ તો હું ઘણા બધાને નથી ઓળખતો, પણ નામ કહેવામાં શો વાંધો? અને ન ઓળખતો હોઉં તો શું ઓળખાણ ન પાડી શકાય! જરાક ગંભીર સ્વરે જ પૂછ્યું: 'તું ઓળખે છે?'

ફેલુદાએ પાણીમાં ભીંજવેલા ચણા ખાતાં ખાતાં કહ્યું: 'પહેલાં નહોતો ઓળખતો; હવે ઓળખું છું.'

કેટલાક દિવસથી મને પૂજા (નવરાત્રી)ની રજા પડી છે. બાપુજી ત્રણ દિવસથી કામ માટે જમશેદપુર ગયા છે. ઘરમાં હમણાં હું ફેલુદા અને મા. આ વખતે અમે પૂજામાં બહારગામ જવાનાં નથી, પણ મને એનો વિશેષ રંજ નથી. કારણ પૂજા વખતે કલકત્તામાં ગમે ય ખરું—અને તે પણ ખાસ કરીને ફેલુદા જ્યારે સાથે હોય ત્યારે. એનું આજકાલ ખાનગી ડિટેક્ટિવ તરીકે ખાસ્સું નામ પંકાઈ ગયું છે. તેથી કોઇ ને કોઈ રહસ્ય-ઉકેલ માટે એને ઠીકઠીક તેડાં આવે છે. આ પહેલાં દરેક રહસ્ય-ઘટનામાં હું ફેલુદાની સાથે જ રહ્યો છું. હવે જોકે ડર લાગે છે કે એ કોઈક દિવસ કહી બેસશે: 'હવે તને સાથે નહિ લઈ જાઉં.' પણ હજુ સુધી એવું બન્યું નથી. મને લાગે છે કે મને સાથે રાખવાનું એક કારણ છે. એક નાની વયનો છોકરો સાથે હોય તો મોટે ભાગે કોઇને શંકા ન આવે કે એ ડિટેક્ટિવ હશે.

'કોનો ફોન હતો એ જાણવાની ત્યારે તને ઉત્કંઠા છે નહિ?' આ ફેલુદાની એક રીત છે. એ જ્યારે ય જાણી જાય કે મને કોઈ વસ્તુ જાણવાની ખૂબ જ ઇંતેજારી છે ત્યારે એ ઝટ લઇને બોલે નહિ; પણ એક જાતનો સસ્પેન્સ તૈયાર કરે. એ હું જાણું એટલે જ વિશેષ ઉત્સાહ ન દેખાડતાં બોલ્યો: 'ફોન સાથે જો કોઈ રહસ્યનો બનાવ સંકળાએલો હોય તો તો જાણવાની ઇચ્છા થાય વળી.'

ફેલુદા ગંજી ઉપર એનું લીલી લીંટીવાળુ શર્ટ પહેરી લઈ બોલ્યો: 'એ માણસનું નામ નીલમણિ સાન્યાલ. રોલાન્ડ રોડ પર રહે છે. ખાસ કામ માટે મને બોલાવ્યો છે.' 'શું કામ છે એ ન કહ્યું?'

'ના, એ ફોન પર કહેવા નહોતો માગતો. એનો અવાજ સાંભળી મને લાગ્યું કે ખૂબ ગભરાઈ ગયો છે.' 'ક્યારે જવાનું છે?'

'ટૅક્સીમાં જતાં દસેક મિનિટ થશે. નવ વાગ્યાની ઍપૉઇન્ટમેન્ટ છે. એટલે થોડીક મિનિટમાં નીકળવું પડશે.'

ટૅક્સી કરી નીલમણિ સાન્યાલને ઘેર જતાંજતાં મેં ફેલુદાને કહ્યું: 'ઘણી જાતના બદમાશ લોકો હોય છે. ધારો કે નીલમણિ બાબુને કોઈ મુસીબત ન પણ હોય, અને તેઓ કેવળ તમને ફસાવવા માટે પણ બોલાવતા હોય!' ફેલુદાએ રસ્તા પરથી નજર ન હટાવતાં જ કહ્યું: 'એ રિસ્ક તો રહેવાનું જ. પણ એ જાતના લોકો ઘેર બોલાવીને ફંદામાં ન ફસાવે; કારણ એ તો એને માટે પણ રિસ્કી થઈ જાય. એવાં બધાં કામ માટે તો ઓછે પૈસે ભાડૂતી ગુંડાઓનો ક્યાં તોટો છે?'

એક વાત કહેવાની રહી ગઈ: ફેલુદા ગયે વર્ષે ઑલ ઇન્ડિયા રાઈફલ કૉમ્પિટિશનમાં ફર્સ્ટ આવ્યો હતો. માત્ર ત્રણ મહિના બંદૂક શીખ્યો હતો; પણ છતાં એનું નિશાન એકદમ લાજવાબ બની ગયું હતું. ફેલુદા પાસે અત્યારે બંદૂક અને રિવૉલ્વર બંને છે. પણ પુસ્તકમાંના ડિટેક્ટિવની જેમ એ આખો વખત રિવૉલ્વર લઇને ફરતો નથી. અને સાચું પૂછો તો હજુ સુધી એને એ બેમાંથી એકેનો ઉપયોગ પણ કરવો પડયો નથી પણ તો ય કોઈક દિવસ કરવો નહિ જ પડે એમ કેવી રીતે કહી શકાય?'

ટૅક્સી જ્યારે મૅડાક સ્ક્વેર પાસે આવી, ત્યારે મેં પૂછ્યું: 'પણ એ ભલા માણસ ધંધો શો કરે છે, ખબર છે?'

ફેલુદા બોલ્યો: 'એ સજ્જન પાન ખાય છે, લાગે છે, જરાક ઓછું સાંભળે છે. વાતવાતમાં 'આપણે આપણે' એ શબ્દ બોલવાની ટેવ લાગે છે. અને જરાક શરદી પણ થઈ છે. એ સિવાય બીજું કશું જ હું જાણતો નથી.' એ પછી મેં પણ કંઈ પૂછ્યું નહિ.

નીલમણિ સાન્યાલને ઘેર પહોંચ્યા ત્યારે ટૅકસીભાડું થયું એક રૂપિયો સિત્તેર પૈસા. બે રૂપિયાની એક નોટ કાઢી ટૅકસીવાળાને હાથમાં દેતાં ફેલુદાએ સ્ટાઈલમાં ઈશારાથી જ સમજાવી દીધું કે પરચૂરણ પાછું જોઈતું નથી. ગાડીમાંથી ઊતરી પોર્ટિકોની નીચે જઈ આગળના દરવાજા પાસે પહોંચી કૉલ-બેલ દબાવ્યો.

એક માળનું મકાન. પણ બહુ મોટું યે નહોતું, અને બહુ જૂનું પણ નહોતું. સામે એક બગીચો હતો, પણ એ ય બહુ સુંદર નહોતો.

દરવાન જેવા લાગતા એક માણસે આવીને ફેલુદા પાસેથી વિઝિટિંગ કાર્ડ લઈ અમને બેઠકખંડમાં બેસાડ્યા. ઘરમાં દાખલ થઈ ચારે કોર જોતાં જ ખૂબ આભો બની ગયો. સોફા, ટેબલ, ફૂલદાની, ચિત્રો, કાચના કબાટમાં ગોઠવેલી જાતજાતની સુંદર જૂની જૂની વસ્તુઓ બધું એકઠું મળી ઘરને ખૂબ જ ઝાકઝમાળ બનાવતું હતું. લાગે કે ખૂબ પૈસા ખર્ચી મગજ ચલાવી આ બધી વસ્તુઓ ખરીદી ઘર સજાવ્યું છે.

ફેલુદા પોતે ઊઠીને પંખાનું રેગ્યુલેટર ફેરવતો જ હતો ત્યાં એક સજ્જન ખંડમાં પ્રવેશ્યા. એમણે સ્લીપિંગ સૂટના પાયજામા પર એક તરફ બટનવાળો મલમલનો પંજાબી કુરતો, પગમાં હરણના ચામડાનાં ચપ્પલ, અને બે હાથની આંગળીઓમાં ઘણી બધી વીંટીઓ પહેરી હતી. મધ્યમ હાઈટ, દાઢી અને મૂછ ક્લીન શેઈવ, માથા પર વાળ આછા, વાન ઘઉંવર્ણો, અને આંખો ઘેરાએલી ઝીણી. લાગતું હતું જાણે હમણાં જ ઊંઘમાંથી ઊઠ્યા ન હોય.' ઉમર કેટલી હશે? પચાસથી વધુ નહિ.

'તમારું જ નામ પ્રદોષ મિત્તિર?' સજ્જને પૂછ્યું: 'તમે આટલા યંગ હશો એ તો ખબર જ નહિ.' ફેલુદાએ જરાક મલકી લઈ મને બતાવી કહ્યું: 'આ મારો પિત્રાઈ ભાઈ છે. ખૂબ બુદ્ધિમાન છોકરો છે. તમે જો કહો તો વાતચીત દરમિયાન હું એને બહાર મોકલી દઉં.'

મારી છાતી જરા ધડકી ઊઠી. પણ સજ્જને મારા પર એક નજર ફેરવી લઈ કહ્યું! 'શા માટે? ભલે રહ્યો ને. કશો વાંધો નથી.' એ પછી ફેલુદા તરફ ફરી બોલ્યા: 'આપણે—તમે કંઈ લેશો? ચા કે કૉફી!'

'ના, હમણાં ચા પીને જ નીકળ્યા.'

'ઠીક; તો પછી સમય ન બગાડતાં જે માટે બોલાવ્યા છે તે જ વાત

* જમ્બુક = શિયાળ

માંડું. હા, પણ એ પહેલાં હું તમને મારી ઓળખાણ આપું. જરાક દેખાય જ છે કે હું ખૂબ શોખીન માણસ છું. પૈસાટકા ય પાસે છે થોડા-ઘણા, એ ય તમે અનુમાન કરી ધારી લીધું હશે. પણ જો કહીશ તો તમને માન્યામાં નહિ આવે કે હું નોકરી યે કરતો નથી અને ધંધો પણ નહિ. અને બાપનો વારસો ય મળ્યો નથી.' નીલમણિબાબુ જરાક રહસ્ય કરવાનો ડોળ કરી ચૂપ થઈ ગયા. ફેલુદા બોલ્યો; 'તો શું લૉટરી?'

'એફ્ઝૅક્ટલી!' સજ્જન સાવ નાનકડા છોકરાની જેમ બરાડી ઊઠ્યા: 'અગિયાર વર્ષ પહેલાં રેંજર્સ લૉટરીમાં પહેલા જ દાવમાં મને અઢી લાખ લાગ્યા હતા! એ પછી એ રૂપિયા વડે, થોડી અક્કલ લડાવીને અને થોડા નસીબના જોરે, ખૂબ મઝેથી ચાલી રહ્યું છે. બંગલો બાંધ્યાને આઠેક વર્ષ થયાં. તમને થશે કે આમ કામધંધા વિના માણસ જીવતો શી રીતે હશે? પણ અસલમાં મારે એક હૉબી છે. એક જ ધંધો. એ છે ઑક્શનમાંથી આ બધી વસ્તુઓ ખરીદી ઘર શણગારવું.' કહેતાં સજ્જને તેમનો જમણો હાથ લાંબો કરી ચારે કોર ગોઠવેલી ચીજો બતાવી. પછી બોલ્યા: જે ઘટના બની છે તે સાથે મારી આ બધી આર્ટિસ્ટિક વસ્તુઓને કંઈ સંબંધ છે કે નહિ એ તો ખબર નથી. પણ મને એમાં શક છે કે કોઈ પણ શકે. આ જો—' કહેતા નીલમણિ બાબુએ તેમના પહેરણના ખીસામાં હાથ નાખી કાગળની થોડીક ચબરખીઓ બહાર કાઢી ફેલુદા તરફ લંબાવી. ત્રણ કાગળ. એ ત્રણેમાં લખાણને બદલે રેખાથી નાનાં નાનાં ચિત્રો દોરેલાં. એ બધાં ચિત્રોમાંનાં થોડાંક બરાબર સમજાતાં હતાં; જેવા કે ઘુવડ, આંખ, સાપ, સૂર્ય વગેરે. કોણ જાણે કેમ પણ લાગ્યું કે આવું બધું ક્યાંક જોયું છે. ત્યાં તો ફેલુદા બોલ્યો: 'આ બધું હિયેરોગ્લિફિક લખાણ હોય એવું લાગે છે.'

ભદ્રમાણસ જરાક હતવાક થઈ બોલ્યા: 'જી?' ફેલુદા બોલ્યો: 'પ્રાચીન સમયના ઇજિપ્શીઅન લોકોની લિપિ છે.' 'એમ કે?'

'હા; પણ આ ભાષા વાંચી શકે એવા માણસ કલકત્તામાં છે કે નહિ એની શંકા છે.' સજ્જન જરાક નિરુત્સાહ થઈ જઈ બોલ્યા: 'તો પછી? આ તો દર બીજે ત્રીજે દિવસે પોસ્ટમાં મારા નામે આવે છે. એનો અર્થ ન કરી શકાય તો ભારે મુસ્કેલીમાં મુકાઈ જઈશ! માની લો કે આ બધી સાંકેતિક ધમકી હોય—વખતે કોઈ મારું ખૂન કરવા માગતું હોય, અને એની પહેલાં મને ચેતવણી આપી હોય!'

ફેલુદા થોડી વાર ચૂપ રહી પછી બોલ્યો: 'તમારી જે આ બધી વસ્તુઓ ગોઠવી છે, એમાં કોઈ ઇજિપ્શીઅન વસ્તુ છે?' નીલમણિબાબુ હસીને બોલ્યા: 'મારી કઈ વસ્તુ ક્યાંની છે, એ તો મને પોતાને પણ બરાબર ખબર નથી. હું ખરીદું છું, કેમ કે મારી પાસે પૈસા છે. અને બીજા પાંચ શોખીન લોકોને આવું બધું ખરીદતા જોયા છે, એટલે.'

'પણ તમારી આ બધી વસ્તુઓમાં એક પણ સસ્તી કે બનાવટી હોય એવું લાગતું નથી. જેઓ પણ આ બધું જુએ એ તો એમ જ માને કે તમે રીતસરના સમજદાર માણસ છો.'

સજ્જન હસીને બોલ્યા: 'એ શાથી, ખબર છે? આ બધી વસ્તુઓમાં જે વસ્તુ સારી હોય એના પૈસા વધુ જ હોય. રૂપિયા છે તો પછી હું શ્રેષ્ઠ શા માટે ન ખરીદું? અનેક મોટા મોટા ઘરાક પર બોલી બોલી, હરાવી, ટક્કર મારી લીલામમાંથી આ બધું ખરીદ્યું છે મોશાય. તેથી સારામાં સારી જ વસ્તુ મારી પાસે હોય એમાં નવાઈ શી?'

'પણ મિસરની કોઈ વસ્તુ છે કે નહિ તે તમને ખબર નથી?'

નીલમણિબાબુ સોફા પરથી ઊભા થયા અને કાચના કબાટ પાસે જઈ તેના ઉપરના ખાનામાંથી એક વેંતેક લાંબી મૂર્તિ કાઢી અને લાવીને ફેલુદાના હાથમાં મૂકી. લીલા પથ્થરની મૂર્તિ. તેના અંગ પર જાતજાતનાં રંગીન ચમકતાં નંગ જડેલાં હતાં. એકાદ બે જગ્યાએ સોનું પણ હતું. અને આશ્ચર્યની વાત એ હતી કે મૂર્તિનું શરીર માણસ જેવું હતું પણ તેનું મુખ શિયાળ જેવું. 'આ દસેક દિવસ પહેલાં ખરીદી હતી. આરાટુન બ્રધર્સના એક લીલામમાંથી. આ લાગે છે—'

ફેલુદાએ મૂર્તિ પર એક વાર નજર ફેરવીને કહ્યું: 'આનુબિસ.'

'આનુબિસ? એ શું વળી?'

ફેલુદાએ મૂર્તિને સંભાળપૂર્વક આમતેમ ફેરવી જોઈ. પછી નીલમણિબાબુના હાથમાં પાછી આપી બોલ્યો: 'આનુબિસ હતો પ્રાચીન મિસરનો ગૉડ ઑવ ધ ડેડ—મૃત આત્માઓનો દેવતા...આ તો ખૂબ અદ્ભુત સુંદર વસ્તુ મળી છે તમને.'

'તો પછી—' સજ્જનના અવાજમાં ડર વર્તાતો હતો: 'આ મૂર્તિને આ બધી ચબરખીઓ સાથે કંઈ સંબંધ હશે શું? મેં શું કોઈ ભૂલ કરી છે? કોઈ આ મૂર્તિ મારી પાસેથી પડાવી લેવા મને ધમકી આપે છે?'

ફેલુદા માથું હલાવી બોલ્યો: 'એ કહેવું કઠણ છે. પણ આ બધા પત્રો ક્યારથી આવવા માંડ્યા છે?' 'ગયા સોમવારથી.'

'એટલે કે મૂર્તિ ખરીદ્યા પછી તરત જ?' 'હા'. 'કવર છે?'

'ના પરબીડિયાં તો ફેંકી દીધાં છે. હવે લાગે છે કે રાખવાં જોઈતાં હતાં. પણ સાવ સાધારણ કવર. સાધારણ ટાઈપરાઈટરથી લખેલું સરનામું. પોસ્ટઑફિસ ઍલ્ગિન રોડ.'

'ઠીક.' ફેલુદા ઊભો થયો: 'હમણાં તો કંઈ કરવા જેવું લાગતું નથી. કેવળ સેઈફ સાઈડ પૂરતું એ મૂર્તિને તમે કબાટમાં ન મૂકતાં તમારી પાસે જ રાખજો. હાલમાં જ એક જણને ઘેરથી આ જાતની વસ્તુની ચોરી થઈ હતી.' 'એમ કે?'

'હા, એક સિંધી સજ્જનને ત્યાંથી. જ્યાં સુધી મને ખયાલ છે ત્યાં સુધી તો ચોર પકડાયો નથી.'

અમે ઘરમાંથી નીકળી બહાર લૅન્ડિંગ પર આવ્યા. ફેલુદા બોલ્યો: 'તમારી મશ્કરી કરી શકે એવી કોઈ વ્યક્તિ તમને યાદ છે?' સજ્જને માથું ધુણાવી કહ્યું: 'કોઈ નથી. જૂના દોસ્તદારો સાથેનો સંબંધ તો વર્ષો થયાં છૂટી ગયો છે.' 'કોઈ દુશ્મન?'

કેટલીક પળ ચૂપ રહી તે બોલ્યા: 'પૈસાદારને દુશ્મનો તો હમેશાં હોય જ; પણ તેઓ કંઈ દુશ્મન છે એ રીતે ઓળખ થોડી આપે છે? સામે મળે તો સહુ જ સારી રીતે વાત કરે.'

'તમે કહ્યું કે મૂર્તિ તમે લીલામમાંથી ખરીદી છે?'

'હા, એરાટુન બ્રધર્સના લીલામમાંથી.'

'એ મૂર્તિ પર બીજા કોઈની નજર હતી?'

વાત સાંભળીને તેઓ તો અચાનક જાણે ખાસ્સા ઉત્તેજિત થયા હોય એમ હાથ ઘસવા માંડ્યા. એ પછી બોલ્યા: 'તમે જ્યારે પૂછ્યું ત્યારે મને યાદ આવ્યું. મારી સાથે એક સજ્જનને હંમેશાં લીલામમાં રસાકસી થાય છે. તે દિવસે પણ થઈ હતી.' 'કોણ છે એ!'

'પતુલ દત્ત', 'શું કરે છે?'

'લાગે છે વકીલ હતા. રીટાયર્ડ થયા છે. તે દિવસે એને ને મારે છેક સુધી જામી ગઈ હતી. એ પછી મેં બાર હજાર કહ્યા એટલે તેઓ અટકી ગયા. મને યાદ છે લીલામ પૂરું થયા પછી હું જ્યારે બહાર આવી ગાડીમાં બેસતો હતો, ત્યારે એમની ને મારી અચાનક એક વાર નજર મળી ગઈ. એ નજર મને જરાય ઠીક નહોતી લાગી.' 'આઈ સી...'

અમે નીલમણિબાબુને ઘેરથી બહાર નીકળ્યા. દરવાજા તરફ જતાં-જતાં ફેલુદાએ પૂછ્યું: 'ઘરમાં તમે ઘણા લોકો રહો છો?' નીલમણિબાબુ બોલ્યા: 'અરે શી વાત કરો છો? મારી જેવો એકલવાયો તમને કલકત્તામાં બીજો નહિ મળે. ડ્રાઈવર, માળી, બે જૂના વિશ્વાસુ નોકર, અને હું—બસ.' ફેલુદાનો એ પછીનો સવાલ બિલકુલ અણધાર્યો હતો: 'કોઈ નાનું છોકરું રહે છે આ ઘરમાં?'

સજ્જન એક મિનિટભર તો જરાક અવાક જ થઈ ગયા! પછી ખડ-

ખડાક હસીને બોલ્યા : 'જુઓ—સાવ ભૂલી જ ગયો! અસલમાં "માણુસો" એટલે હું "મોટા ઉમરલાયકનો" જ વિચાર કરતો હતો! આજ દસેક દિવસથી મારો ભાણેજ ઝુન્ટુ અહીં આવ્યો છે રહેવા. એના બાપા ધંધો કરે છે. એ થોડા દિવસ પહેલાં પોતાની પત્ની સાથે જાપાન ગયા છે. ઝુન્ટુને મારી પાસે મૂકી ગયા છે. બીચારો આવ્યો ત્યારથી ફ્લુમાં પડયો છે.' અને પછી અચાનક ફેલુદા ભણી જોઈ બોલ્યા : 'તે તમને અચાનક છોકરાની વાત શાથી સુઝી આવી?'

ફેલુદા બોલ્યો : 'બેઠકખંડની એક આલમારી પાછળથી એક પતંગનો ખૂણો દેખાતો હતો, એ જોઈને—'

નીલમણિબાબુનો નોકર ટૅક્સી લેવા ગયો હતો. એ કાંકરિયાળા રસ્તા પર જઇ કરકર અવાજ કરતી અમારી સામે આવી ઊભી રહી. ફેલુદા ટૅક્સીમાં ચડતાં બોલ્યો : 'કંઈ પણ સંદેહજનક બનાવ બને તો મને તત્કાળ જણાવજો. હાલ તુરત તો કંઈ કરવા જેવું લાગતું નથી.'

બીજે દિવસે સવારે પોણા છ વાગ્યે અમારા બારામદામાં છાપાનું બંડલ પડયું, બરાબર એની સાથેસાથે જ અમારો ટેલિફોન રણકી ઊઠયો. હું ફોન ઉપાડી હજુ 'હલ્લો' બોલ્યો, અને સામા પક્ષ તરફથી જવાબ સાંભળું તે પહેલાં જ ફેલુદાએ મારા હાથમાંથી રિસીવર ખૂંચવી લીધું' અને ઉપરાઉપરી ત્રણ વાર 'હં!' બે વાર 'ઓહ!' અને એક વાર 'અચ્છા, ઠીક.' કહીને ફોન ધડ લઈ ને મૂકી દીધો; અને ધીમેથી બોલ્યો : 'આનુવિસ ગાયેબ! હમણાં ને હમણાં જવું પડશે.'

સવારના પહોરમાં ટ્રાફિક કમ હોય એટલે નીલમણિ સાન્યાલને ઘેર પહોંચતાં અમને બરાબર સાત મિનિટ લાગી. ટૅક્સીમાંથી ઊતરતાં જ જોયું કે નીલમણિબાબુ કેવાય જાણે ગભરાએલા હોય એવી રીતે મોં પર ભાવ સાથે અમારી રાહ જોતા બંગલાની બહાર જ ઊભા હતા. ફેલુદાને જોતાં જ બોલ્યા : 'નાઈટમેરમાંથી પસાર થયો છું, મોસાય! આવો હૉરિબલ અનુભવ મને કયારે ય થયો નહોતો.' અમે એટલી વારમાં બેઠકખંડમાં દાખલ થયા. સજ્જને અમારી પહેલાં જ અંદર જઈ સોફા પર બેસી પડી પહેલાં પોતાના હાથનાં કાંડાં દેખાડયાં. જોયું. માણસ જ્યાં કાંડા પર ઘડિયાળ પહેરે છે બરાબર તેની નીચેની તરફ બે હાથ પર દોરી બાંધવાનાં લાલ લાલ ચાઠાં પડી ગયાં હતાં.

ફેલુદા બોલ્યો : 'કહો શી વાત છે?' તેઓ લાંબો શ્વાસ લઈ ધીમે સ્વરે બોલવા માંડયા : 'તમારા કહેવા પ્રમાણે મૂર્તિને મેં સૂવાના રૂમમાં સાથે લઈ જઇ મારા ઓશિકા નીચે મૂકી. અત્યારે થાય છે કે જ્યાં હતી ત્યાં જ પડી રહેવા દેત, તો બીજું તો કંઈ નહિ, પણ કમસે કમ આ શારીરિક ત્રાસ તો ભોગવવો ન પડત. જવા દો.—મૂર્તિ માથા નીચે મૂકી મજાનો ઊંઘતો હતો. એવામાં—રાતના કેટલા વાગ્યા હશે એ તો ખબર નથી—પણ એક ઘણી ખરાબ સ્થિતિમાં ઊંઘ ઊડી ગઈ. લાગ્યું કે કોઈ અંગૂછા વડે મારું મોં મુસ્કેટાટ બાંધતું હતું. બૂમ પાડવાનો રસ્તો બંધ થઈ ગયો હોવાથી હું હાથ વડે રોકવા જતો હતો, ત્યાં તરત જ સમજાયું કે મારાથી ખૂબ વધુ તાકાતવાળા માણસ સાથે પનારો પડયો હતો. જોતજોતાંમાં એણે મારા હાથ પીઠ પાછળ બાંધી દીધા. અને બસ—પછી ઓશિકા નીચેથી મૂર્તિ કાઢી લેતાં વાર કેટલી?'

સજ્જન જરા વાર શ્વાસ લેવા માટે રોકાયા. એ પછી ફરી શરૂ કર્યું : 'ત્રણેક કલાક, લાગે છે, આવી સ્થિતિમાં રહ્યો હોઈશ. આખું શરીર તો અકડાઈ ગયું હતું. ખાલી યે ચડી ગઈ હતી. સવારે નોકર નંદલાલ જ્યારે ચા લઈ આવ્યો ત્યારે એણે મને જોયો, અને મારાં બંધનો છોડી નાખ્યાં કે તરત જ મેં તમને ફોન કર્યો.'

ફેલુદાના મોં પરનો ભાવ, મેં જોયું કે બદલાઈ ગયો હતો. એ સોફા પરથી ઊભો થઈ ગયો અને બોલ્યો. 'તમારો બેડરૂમ એક વાર જોઈ લઉં; અને જરૂર પડશે તો તમારા બંગલાના થોડા ફોટા પાડી લઈશ.' કૅમેરા પણ ફેલુદાના એક નવતર શૉખની વસ્તુ.

નીલમણિબાબુ ઉપરને માળે એમના સૂવાના ઓરડામાં લઈ ગયા. અંદર દાખલ થતાં જ ફેલુદા બોલ્યો : 'આ શું?—બારીને સળિયા નથી?'

સજ્જને માથું ધુણાવી કહ્યું : 'તમે બોલશો જ નહિ—વિલાયતી ઢબનો બંગલો ને? અને એમાં પાછો હું બારી બંધ કરીને સૂઈ પણ શકતો નથી.' ફેલુદાએ બારીમાંથી ડોકું બહાર કાઢી નીચે નજર નાખી કહ્યું : 'ખૂબ સરળ—પાઈપ તો છે. કૉર્નિસ છે. કોઈ પણ જુવાન માણસ હોય તો સરળતાથી બારીમાંથી અંદર પેસી શકે.'

એ પછી ફેલુદાએ ઓરડાને ચારે કોરથી ખૂબ સારી રીતે જોઈ લીધો અને ફોટાબોટા પાડી બોલ્યો : 'બંગલાનો બીજો બધો ભાગ હું એક વાર ફરીને જોઈ લેવા માગું છું.' નીલમણિબાબુએ પહેલાં તો આખો ય ઉપલો માળ દેખાડયો. બાજુના ઓરડામાં જોયું તો એક પલંગ પર બાર-તેર વર્ષનો છોકરો ગળા સુધી રજાઈ ઓઢીને સૂતો હતો. આંખો મોટી મોટી, અને જોતાં જ લાગતું હતું કે એની તબિયત સારી નહોતી. લાગ્યું કે આ જ ઝુન્ટુ હશે. નીલમણિબાબુ બોલ્યા : 'કાલે ફરી ડૉક્ટર બોઝે ઝુન્ટુને ઘેનની દવા આપી છે. તેથી રાતના એને કંઈ સંભળાયું નહિ હોય.'

ઉપરના મજલા પર બીજા બે ઓરડા જોઈ, ભોંયતળિયાના બધા ઓરડા પર નજર નાખી લઈ અમે બંગલાની બહાર આવ્યા. નીલમણિબાબુના ઓરડામાંથી જોયું કે કેટલાંક ફૂલનાં કૂંડાંમાં પામની જાતના છોડ રોપ્યા હતા. ફેલુદા એ બધાં કૂંડામાં કંઈ છે કે નહિ તે જોવા લાગ્યો. બેમાં તો કંઈ ન મળ્યું. ત્રીજા ટબમાં પાંદડાં વચ્ચે હાથ ઘાલી તપાસતાં એક પતરાની ડબ્બી મળી. એનું ઢાંકણું ખોલી નીલમણિબાબુને બતાવતાં પૂછયું : 'તમારા ઘરમાં કોઇને છીંકણીની લત છે?' નીલમણિબાબુએ માથું ધુણાવી ના કહી. ફેલુદાએ ડબ્બીને પોતાના ખીસામાં મૂકી દીધી.

એવામાં નીલમણિબાબુ જાણે ખૂબ જ મરણિયા થઈ ગયા હોય એમ બોલ્યા : 'મિસ્ટર મિત્તિર, બીજું તો કંઈ નહિ—મૂર્તિ ગઈ તો ભલે, બીજી ખરીદી લઈશ—પણ એક ઘરફાડુ-ચોર ઘરમાં ઘૂસી આવ્યો અને મારા પર જે અત્યાચાર કરી ગયો એ સહેવાતું નથી. તમારે કંઈ ને કંઈ તો કરવું જ રહ્યું. જો તમે એ માણસને પકડી દેશો તો હું તેમને, આપણે—એટલે કે-આપણે-શું કહું—' 'પારિશ્રમિક!'

'હા હા, પારિશ્રમિક—એટલે કે રિવૉર્ડ આપીશ.'

ફેલુદા બોલ્યો : 'રિવૉર્ડ મોટી વાત નથી. એ તમારે દેવો હોય તો દે જો. પણ હું તમારા કામની જવાબદારી લઉં છું એનું મુખ્ય કારણ છે આ જાતની તપાસમાં એક જાતની ચૅલેંજ છે, એક આનંદ છે.'

એ પછી લગભગ દસ મિનિટ સુધી ફેલુદાએ નીલમણિબાબુના ડ્રાઇવર ગોવિંદ, નોકર નંદલાલ અને પાંચુ, તથા નટવર માળી સાથે વાત કરી. એ બધાએ કહ્યું કે રાતના અસ્વાભાવિક કશું જ એમણે જોયું નહોતું. બહારના લોકોમાં કેવળ એક જ જણ રાતના નવ વાગ્યે આવ્યું હતું અને એ હતા ડૉક્ટર બોઝ. ઝુન્ટુને જોવા આવ્યા હતા. એ પછી નીલમણિબાબુ પોતે એક વાર બહાર ગયા હતા—એ એન. મુખર્જી કેમિસ્ટને ત્યાં ઝુન્ટુ માટે દવા લેવા.

પાછા ફરતાં હું જરાક અનમનો હતો. અચાનક ખયાલ ગયો કે ટૅક્સી અમારા ઘરના રસ્તે ન જતાં કયાંક બીજે જ જઈ રહી હતી. ફેલુદાનું ગંભીર મોં જોઈ કંઈ પૂછયું નહિ. ટૅક્સી ઊભી રહી ફ્રી સ્કૂલ સ્ટ્રીટના એક મકાન સામે. જોતાં જ સામે દરવાજા પર એક સાઈન-બોર્ડ નજરે પડયું, જેના પર મોટા મોટા રૂપેરી અક્ષરે લખ્યું હતું : 'એરાટુન બ્રધર્સ ઑક્શનીઅર્સ.' આ જ હતી પેલી લીલામની દુકાન.

મેં કોઈ દિવસ લીલામઘર જોયું નહોતું. આ પહેલી વાર જોઇને ડોળા

તો ફાટી ગયા. આટલી બધી જાત જાતની અવનવી વસ્તુઓ એકસાથે આ પહેલાં ક્યારેય જોઈ નહોતી.

ફેલુદાનું કામ બે મિનિટમાં પતી ગયું. પ્રતુલ દત્તનું ઠેકાણું : સેવન બાઈ વન, લવ-લક સ્ટ્રીટ. મને વિચાર આવ્યો કે પ્રતુલ દત્તને ઘેર જઈને પણ ફેલુદાને નિરાશ થવું પડશે તો પછી તો એને ક્યાંય જવાનું બાકી નહિ રહે! એનો અર્થ એ કે ફેલુદાને આ વખતે હાર કબૂલવી પડશે અને તેથી મારા શા હાલ થશે એ તો શી ખબર! કારણ અત્યાર સુધી તો ફેલુદાએ ક્યાં ય હાર માની નથી. એ કોઈ પણ વાતમાં નિરાશ થઈ મોં એવડુંક કરી બેસી જાય એ દૃશ્ય હું કલ્પી યે નથી શકતો. એથી આશા રાખું છું કે એને કંઈ ને કંઈ કલુ મળી જાય તો સારું. જો કે અત્યાર સુધી મને તો બિલકુલ આશા જ નથી.

બપોરે જમતાં જમતાં મેં ફેલુદાને પૂછ્યું : 'હવે?'

'ભાતના ઢગ પર એક કાણું કરી એમાં ફોતરા વિનાની મગની દાળ નાખી એ બોલ્યો : 'હવે માછલી, એ પછી ચટણી, પછી દહીં.' 'પછી?'

'પછી પાણી પી ને હાથ મોં ધોઈશ અને પછી એક પાન ખાઈશ.'

'પછી?' 'પછી એક ટેલિફોન કરી અર્ધો કલાક ઊંઘી જઈશ.'

આ બધી વાતમાં કેવળ ટેલિફોનની વાત જ ઈન્ટરેસ્ટિંગ હતી. તેથી હું એની અપેક્ષા કરતો બેસી રહ્યો.

ડિરેક્ટરીમાંથી પ્રતુલ દત્તનો નંબર મેં જ જોઈ આપ્યો હતો. નંબર ડાયલ કરી 'હલ્લો' બોલતી વખતે જોયું કે ફેલુદાએ અવાજને એકદમ બદલી બુઢ્ઢા માણસ જેવો કરી નાખ્યો હતો. જે વાતો થઈ તેમાંની એક તરફી વાત જ હું સાંભળી શક્યો. અને એ રીતે જ લખી દઉં છું.

'હલ્લો! હું નાક-તલાથી બોલું છું.' ...

'જી, મારું નામ જયનારાયણ બાગચી. મને પ્રાચીન મૂર્તિઓમાં ખૂબ રસ છે. એ વિષય પર હું એક પુસ્તક લખી રહ્યો છું.' ...

'હં...જી હા. આપના સંગ્રહ વિષે મેં સાંભળ્યું છે. મારી એક ખાસ વિનંતી છે. જો મહેરબાની કરી આપની થોડીઘણી વસ્તુઓ મને જોવા દો......'

'ના, ના, ના! એમ તે કંઈ હોય?' ...

'ઠીક...અચ્છા.' ...

'હા—ચોક્કસ!' ...

'તમારી મોટી મહેરબાની. નમસ્કાર.' ટેલિફોન મૂકી દઈ ફેલુદા બોલ્યો : 'એમના ઘરને રંગરોગાન થઈ રહ્યો છે, એટલે વસ્તુઓ બીજે ઠેકાણે સાચવીને મૂકી છે. તેથી સાંજેક ઓરા જઈશું તો જોવા મળશે.'

પણ હું એક વાત બોલ્યા વિના ન રહી શક્યો : 'પણ પ્રતુલબાબુએ જો સાચે મૂર્તિ ચોરી હશે તો એ આપણને કંઈ દેખાડશે નહિ.'

ફેલુદા બોલ્યો : 'જો તારા જેવો બુધ્ધુ હોય તો દેખાડે ખરો. જો કે ન દેખાડવાની શક્યતા વધુ છે. પણ હું મૂર્તિ જોવા જતો નથી. હું તો જાઉં છું માણસ જોવા.'

તેના કહેવા પ્રમાણે ફેલુદા ટેલિફોન કરીને પોતાના ઓરડામાં સૂવા ચાલ્યો ગયો. ફેલુદાની એક અજબની કોઈ ખૂબી હોય તો એ છે કે એ ગમે ત્યારે જરૂર પ્રમાણે જરાક ખપપૂરતું ઊંઘી લઈ શકે છે. સાંભળ્યું છે, નેપોલિયનમાં પણ એ ખૂબી હતીઃ યુદ્ધ પહેલાં ઘોડા પર બેઠાં-બેઠાં એ જરાક ઊંઘી લઈ શરીરને તાજું કરી લેતો.

મારે તો કંઈ ખાસ કરવાનું નહોતું તેથી ફેલુદાની શેલ્ફ પરથી ઇજિપ્શીઅન આર્ટનું પુસ્તક લઈ એનાં પાનાં ઊથલાવી જોતો હતો, એવામાં 'ક્રીં...' કરીને ટેલિફોન બજી ઊઠ્યો. હું દોડ્યો અને એક દોટે બેઠક-ખંડમાં પહોંચી જઈ ફોન ઉપાડ્યો : 'હલ્લો!'

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૭૫

ભગંદર

આ ગુદ-પ્રદેશનો વ્યાધિ છે. સાંપ્રત વિજ્ઞાનમાં તેને 'ફિસ્ચ્યુલા' કહે છે. ગુદ-પ્રદેશમાં ફોડલી, ગૂમડું કે ઘા થયા પછી તે પાકે અને રૂઝાય નહિ તો તેનો પાક અંદર ઊતરી પોલાણ કરે છે. ઘણી વાર આ પોલાણ વધુ ઊંડુ જઈ નળીનું રૂપ ધારણ કરે છે. આને ભગંદર કહે છે. આ પોલાણમાં મળ ભરાઈ રહે છે, વારંવાર પાક થઈ તેમાંથી પરુ અને લોહી ટપક્યા કરે છે. જલદી રૂઝ આવતી નથી અને સતત વેદના થયા કરે છે. ભગંદરનું નિદાન ચિકિત્સક પાસે જ કરાવવું જોઇએ.

આ કષ્ટસાધ્ય વ્યાધિ હોઈ તેમાં ખૂબ જ પથ્યપૂર્વક ચિકિત્સા કરવી જોઇએ. ભગંદરના રોગીએ ભારે, ઠંડા, વાયડા, કબજિયાત કરનારા આહારનો સદંતર ત્યાગ કરવો જોઇએ. રોજ મળપ્રવૃત્તિ સાફ અને સુંવાળી આવવી જોઇએ જેથી ભગંદર ઉપર ઘસારો ન પહોંચે. આ માટે રોજ હરડે ચૂર્ણ, ત્રિફલા ચૂર્ણ કે ઈસબગુલનું રાત્રે સેવન કરવું જોઇએ.

ઔષધમાં ત્રિફલા ગૂગળ અને કાંચનાર ગૂગળ ઘા રૂઝવનાર અને નવો પાક થતો રોકનાર હોઈ ઉત્તમ ઔષધ છે. બંનેની ૪-૪ ગોળી ટુકડા કરી ત્રણ વાર નિયમિત પાણી સાથે લઈ લેવી. લાંબા સમયના આ પ્રયોગથી રોગ જરૂર મટે છે.

સ્થાનિક ચિકિત્સામાં જાત્યાદિ તેલ, જાત્યાદિ મલમ કે જાત્યાદિ ઘીનું પોતું મૂકવું જેથી પાક થતો રોકાઈ રૂઝ આવશે.

રોગની શરૂઆત હશે તો આટલી ચિકિત્સાથી જરૂર મટશે. પણ જો રોગ વધી ગયો હોય તો નિષ્ણાત ચિકિત્સક દ્વારા શસ્ત્રકર્મ, ક્ષારકર્મ અથવા અગ્નિકર્મ કરાવવું જરૂરી છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

થોડી વાર કોઈ કંઈ બોલ્યું નહિ. જોકે મને ખબર હતી કે ફોન ચાલુ હતો અને કોઈએ પકડી રાખ્યો હતો. મારી છાતી તો ધડકવા માંડી. લગભગ દસેક સેકંડ પછી એક ગંભીર કર્કશ અવાજ સંભળાયો :

'પ્રદોષ મિત્તિર છે?'

હું જેમ તેમ કરી થૂંક ગળી બોલ્યો : 'તેઓ ઊંઘી ગયા છે.' આપ કોણ?' ફરી થોડીક સેકંડ ચૂપકીદી. એ પછી અવાજ આવ્યો : 'અચ્છા; તમે એમને કહી દેજો કે મિસરના દેવતા પોતાના યથાસ્થાને પહોંચી ગયા છે. પ્રદોષ મિત્તિર એમાં માથું ન મારે; કારણ એથી કોઈ ને ય ફાયદો નહિ થાય. અને ઊલટાનું નુકસાન જ થશે.' એ પછી ખટ લઈ ને ફોન મૂકી દેવાનો અવાજ સંભળાયો અને પછી સન્નાટો!

કેટલીય વાર સુધી ફોન હાથમાં પકડી શ્વાસ રોકી બેઠો હતો, શી ખબર. અચાનક ફેલુદાનો અવાજ સંભળાતાં રિસીવરને ઠેકાણે મૂકી દીધો.

'કોનો ફોન હતો?' મેં ફોનમાં જે કંઈ સાંભળ્યું હતું તે કહી સંભળાવ્યું. ફેલુદા ગંભીર બની જઈ ભવાં સંકોચી સોફા પર બેસતાં બોલ્યો : 'હત્તારીની...મને ત્યારે બોલાવવો'તો ને!'

'શું કરું—ઊંઘમાંથી ઉઠાડત તો તમને ગુસ્સો આવત.'


'માણસનો અવાજ કેવો હતો?' ઘોઘરો અને ઘેરો.'

'હં...ઠીક, જવા દે. અત્યારે તો ચાલ પ્રતુલ દત્તનો ચહેરો જોઈ આવીએ. મને થતું હતું કે કંઈક પ્રકાશ પડ્યો હતો, પણ અત્યારે તો લાગે છે તે પાછું અંધારું ઘોર.'

(ચાલુ)

મંડોવર [ભારતીય મંદિર-સ્થાપત્યનાં વિવિધ અંગ-૮]

——લેખક: હરિપ્રસાદ સોમપુરા——




ભારતીય મંદિરોમાં જગતીની ઉપર દેવપ્રાસાદની જે મુખ્ય રચના હોય છે તેમાં ગર્ભગૃહની બાહ્ય ભિત્તીની રચના તે 'મંડોવર' (મંડોરો). શિખરના મૂળ સુધીની એની ઊંચાઈનાં વિધવિધ પ્રમાણ મંદિર-સ્થાપત્યના ગ્રંથોમાં વર્ણવેલાં છે, પણ અહીં એની વિગત જરૂરી નથી. છતાં મંડોવરની ઊંચાઈમાં જે વિવિધ સ્તર પાડી તેમાં ભિન્નભિન્ન શોભન કંડારાય છે તે સ્તરો આપણે જોઇએ. મુખ્યત્વે એવા તેર સ્તર હોય છે. જે ખુરક (ખરો), કુંભક (કુંભો), કલશ (કલશો), અંતરાલ, કપોતાલી (કેવાલ), મંચિકા (માચી), જંઘા (જાંઘી), ઉદ્‌ગમ (દોઢિયો), ભરણી, શિરાવટ્ટી, માલા કપોતાલી (પુષ્પકંઠ), અંતરાલ ને છાદ્ય (છાજું)ના નામે ઓળખાય છે. કવચિત્ મંડોવરમાં બે કે ત્રણ જાંઘી પણ કરાય છે, તો ખર્ચ બચાવવા આ તેર સ્તર (થર)માંથી અમુક બાદ પણ કરાએલા જોવા મળે છે. આ રીતે શિરાવટ્ટી, દોઢિયો, માચી અને કવચિત્ જંઘા વિનાના મંડોવરો જોવા મળે છે. છતાં દેવપ્રાસાદમાં મંડોવર એ એનાં શોભન અને ગૌરવ વધારનારું મુખ્ય અંગ હોઈ એના પર શક્ય એટલું સુંદર કંડારણ થએલું જોવા મળે છે. પ્રાચીન ભારતીય મંદિરોમાં ખજુરાહો, આબુ, રાણકપુર, કુંભારિયા, મોઢેરા, દ્વારકા અને દક્ષિણ ભારતનાં હળેબિડ, બેલુર વગેરે સ્થળોનાં પ્રાચીન મંદિરોના મંડોવરનું કલાખચિત કંડારણ વિખ્યાત છે.

મંડોવરની રચનામાં એની સમગ્ર ઊંચાઇના ૨૭, ૫૭, ૧૦૮, ૧૨૯, ૧૪૪ કે ૧૬૯ જેટલા ભાગ કરી તેમાં ઉપર કહ્યા તે થરનું પ્રમાણબદ્ધ કંડારણ કરેલું હોય છે. દ્વારકા, આબુ ને (નવા) સોમનાથનાં મંદિરોમાં ૧૯૮ ભાગના બે જંઘાવાળા મેરુ મંડોવરની રચના છે, તો ખજુરાહોના કૌંડર્ય મહાદેવના મંદિરનો મંડોવર 'અપરાજિત'માં વર્ણવેલા ત્રણ જંઘાના ૨૪૯ ભાગના 'મહા-મંડોવર' પ્રકારનો છે. આ જ રીતે જયપુર નજીક આમેરના જગત્ શિરોમણિ મંદિરનો મંડોવર પણ ત્રણ જંઘાયુક્ત છે.

પીઠ કે જગતીની ઉપર મંડોવરનો સૌથી નીચેનો પ્રથમ થર ખુરક સામાન્યત: નાનાવિધ ભૌમિતિક આકારોથી સુશોભિત કરેલો હોય છે. રાજસ્થાનમાં ખુરકની ઉપરનો બીજો કુંભક (કે કુંભો)નો થર વિશેષ અલંકૃત જોવા મળે છે. એમાં પરિકરયુક્ત નાનીનાની ગવાક્ષિકાઓ કરી તેમાં



▽ કર્ણાટકમાં હોયસળકાલીન મંદિરસ્થાપત્યના એક ઉદાહરણ રૂપ બેલુરના 'ચન્નકેશવ' વિષ્ણુ-મંદિરનો મંડોવર. દક્ષિણ અને ઉત્તર ભારતીય મંદિરોની રચનામાં જે કેટલીક ભિન્નતા જોવા મળે છે તેમાં દક્ષિણની અલંકારપ્રચુર દ્રાવિડી શિલ્પસમૃદ્ધિ સામાન્યજનનું પણ તુરત ધ્યાન ખેંચે છે. બેલુરના મંદિરના આ ઉદાહરણમાં સૌથી નીચેના થર ખુરકમાં હાથીઓની હારમાળા છે, તે પછી વિધવિધ શોભન આકારો, પક્ષી-પ્રાણીઓ, દેવદેવીઓ અને જીવનના વિવિધ પ્રસંગો નિરૂપતું શિલ્પાંકન છે. તેમાં સંગીત-નૃત્યમાં મસ્ત સ્ત્રી પુરુષનાં શિલ્પ કલાકારની હથોટી માટે સહેજે માન ઊપજાવે એટલાં સુંદર છે. (ફોટો - ચંદ્રકાન્ત ઝવેરી) ▽



△ ૧૪૪ ભાગનો મંડોવર અને એના ૧૩ મુખ્ય થર △


આસનસ્થ દેવદેવીઓનાં વિધવિધ સ્વરૂપો કંડારેલાં હોયછે. કુંભકની ઉપર કળશાના થરને બહુધા પત્રપુષ્પમય શિલ્પશોભનથી અલંકૃત કરેલો હોયછે.

કુંભક અને કલશ સ્તરના લાઘવયુક્ત કંડારણ પછી મંચિકા સ્તરસુધી શોભન શિલ્પ કર્યા બાદ જંઘામાં નાનાવિધ શિલ્પાકૃતિઓનું કંડારણ જોવા મળે છે, જેમાં અષ્ટ દિક્‌પાલો, નટેશ (નૃત્યરત રુદ્ર), અંધકાસુર અને ચંડ દૈત્યનો નાશ કરતી દંષ્ટ્રાયુક્ત દેવી, સૂત્રદેવો, દિશાધીશો ને ધ્યાનસ્થ તપસ્વીઓ વગેરેનાં શિલ્પ હોય છે. મંડોવરમાં આ થર મોટો ને મુખ્ય હોઈ તેમાં ઇલિકાલવણ (તોરણ)યુક્ત ગવાક્ષો કરી એમાં બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રની પ્રતિમાઓ પણ કંડારેલી હોય છે. આ જંઘાના નાગરી, લાટી, વૈરાટી અને દ્રાવિડી એવા ચાર પ્રકારો છે. મધ્ય ભારતમાં નાગરી, ગુજરાત તરફ લાટી અને દક્ષિણ દેશમાં દ્રાવિડી જંઘા જોવા મળે છે, જ્યારે વૈરાટી એ સર્વસામાન્ય પ્રકારની જંઘા છે. નૃત્યાંગનાઓ, વાજિંત્ર-વાદિનીઓ અને દેવાંગનાઓ પણ આ સ્તરમાં હોય છે. જે સ્થાપિત દેવનું મંદિર હોય એ મુખ્ય દેવનાં વિવિધ સ્વરૂપો પણ (અનુ. પૃ. ૧૩૦)

'વિનોદ'ની નજરે

(૧૩)

લેખક
વિનોદ
ભટ્ટ



શાન્તિલાલ શાહ

'ગુજરાત સમાચાર'ના અધિપતિ

અને ફરી એક વખત પ્રારબ્ધ ને પુરુષાર્થ ટકરાયાં. બેમાંથી કોણ જીતે? બંનેએ પોતપોતાના પ્રતિનિધિને પૃથ્વી પર મોકલ્યા. પુરુષાર્થે રમણલાલ શેઠને મોકલ્યા, ને પ્રારબ્ધે શાંતિલાલને...રમણલાલને 'જનસત્તા' વેચી નાખવું પડયુંને 'ગુજરાત સમાચાર'ના અધિપતિ શાંતિલાલ, કિફ઼ાયતભાવે મળી જાય તો 'જનસત્તા' ખરીદવાની ઇચ્છા ધરાવે છે.

મારી દૃષ્ટિએ શાંતિલાલ એક અદ્વિતીય પર્સનાલિટી છે. 'ગુજરાત સમાચાર' જેવા માતબર છાપાના આ અધિપતિને ના મળ્યા હો તો એકાદ વાર તો તમે મળજો જ. 'કસોટી' હરીફાઈના પ્રવેશપત્ર જેવું કપાળ ધરાવનાર આ માણસ ખાદીનો સ્હેજ-સ્હાજ ફાટેલો પણ ડ્રાઈ-ક્લીન કરેલો ઝબ્બો પહેરે છે. (ખાદી શા માટે પહેરે છે એની તો તેમને ય ખબર નથી.) પગમાં તે ચંપલ પહેરતા નથી. (કોઈ બાધાને કારણે નહિ, પણ ખરજવાને લીધે.) ખિસ્સામાં પૈસા રાખતા નથી. (કેટલા બધા નિઃસ્પૃહી કહેવાય!) કાંડે ઘડિયાળ બાંધતા નથી. (અર્થાત્ સમય તેમને બાંધી શકતો નથી.) પાસે ઈન્ડીપેન રાખતા નથી. (એટલે લેખક થઈ જવાનો કોઈ ભય નથી.) છાપાં તે વાંચતા નથી. (પણ 'સંદેશ' તે અચૂક વાંચે છે.)—તેમ છતાં ગુજરાતના એક સફળ છાપાના અધિપતિ તરીકે તે પ્રતિષ્ઠા ધરાવે છે.

શાંતિભાઈને હું ઘણી વાર મળ્યો છું. દરેક વખત, તેમને હું પહેલી વાર મળતો હોઉં એમ જ તે વર્ત્યા છે. અગાઉ મળ્યાનું તે કાયમ ભૂલી જાય છે. વર્ષ દોઢવર્ષ અગાઉ તેમના પુત્ર શ્રેયાંસે તેમને મારો પરિચય આપતાં કહ્યું: 'ભાઈ, આ વિનોદ ભટ્ટ છે—' ત્યારે તેમણે: 'અરે, એમને તો હું ઓળખું છું;ઈદમ્ તૃતીયમ...ઇદમ્ તૃતીયમ' કહી મારી પાસે ઊભા રહ્યા. પછી બોલ્યા: 'એક કામ કરો...હાસ્યનું એક મૅગેઝીન કાઢો...' બસ આટલું કહીને ત્યાંથી તે જતા રહ્યા. તેમના ભુલકણાપણાના ઘણા દાખલા નોંધાયા પણ છે. એક વાર તો પોતાની મોટર ખાડિયામાં પાર્ક કરી છે એ ભૂલીને જ ઘેર ચાલ્યા આવેલા; ને એક વાર એક મિત્રે તેમને કિંમતી હીરાની વીંટીનું સંપેતરું, પોતાના કોઈ સંબંધીને આપવા સોંપેલું એ બંડીના ખિસ્સામાં મૂકયા પછી તે ભૂલી ગએલા. બે ત્રણ મહિને, પેલા મિત્રના સ્નેહીને હીરાની વીંટી પહોંચી નહિ ત્યારે શાંતિભાઈ પણ મૂંઝાઈ ગએલા. બહુ યાદ કરે, પણ કંઈ યાદ આવે જ નહિ. છેવટે તેમની બંડીના અંદરના ખિસ્સામાંથી હીરાની વીંટી નીકળી! (તેમની પાસે અરધો ડઝન જેટલી બંડીઓ હોવા છતાં એનો ઉપયોગ તે ખુરસી પર ટીંગાડવામાં કે ખભે લટકાવવામાં જ કરે છે. ક્યારેક ફોટો પડાવવાનો હોય ત્યારે ય કરે છે.)

તેમની ઍબસન્ટ માઈન્ડેડનેસ માટેની એક દંતકથા એવી છે કે 'ગુજરાત સમાચાર' બિલ્ડિંગની લૉબીમાં તેમણે એક યુવાનને સીટી વગાડતો જતો જોયો. તેને ઊભો રાખતાં પૂછ્યું: 'સીટી કેમ વગાડે છે?'

'ભૂલ થઈ ગઈ.' પેલો ગભરાએલા અવાજે બોલ્યો.

'મારે ત્યાં આવું ચાલે જ નહિ. તું હમણાં ને હમણાં છૂટો થઈ જા. તારો પગાર કેટલો છે?' 'સાઠ રૂપિયા. પણ—'

'સાઠના નેવું લઈ જા, પણ હવે તું એક મિનિટ પણ અહીં ઊભો રહીશ નહિ, તારો હિસાબ સમજીને ચાલવા માંડ...' કહેતા શાંતિલાલ તેને ઍકાઉન્ટન્ટની ઑફિસ તરફ હાંકી લાવતા'તા, ત્યાં સામેથી ઍકાઉન્ટન્ટ મળ્યો: 'આને હમણાં ને હમણાં છૂટો કરી દો.' શાંતિલાલે ઍકાઉન્ટન્ટને હુકમ કરી દીધો.

'પણ તે આપણે ત્યાં નોકરી ક્યાં કરે છે? આ તો ચાવાળો છોકરો છે.' ઍકાઉન્ટન્ટે ખુલાસો કર્યો.

શાંતિલાલ તેમની કૅબિનમાં ભાગ્યે જ મળશે. તેમને મળવું હોય તો કંપોઝખાતું, તત્રીખાતું કે હિસાબખાતું ફંફોસવું; એમાંથી તે જડી જશે. તે બધાં ખાતાંઓમાં ફર્યા જ કરતા હોય છે. આને કારણે બે ફાયદા થાય છે: પહેલો એ કે તેમને 'ડાયેટિંગ' કરવાની જરૂર નથી પડતી; ને બીજું, તેમને જોઈને કેટલાક લોકો કામ કરવા મંડી જાય છે—(અથવા તો એવો દેખાવ કરવા માંડે છે.)

પોતાના છાપા પ્રત્યે શાંતિભાઈને અનન્ય પ્રેમ છે. કેમ કરીને છાપું જમાવવું, વધારે જમાવવું એની જ ચિંતામાં કાયમ તે રઘવાયા રઘવાયા ફર્યા કરે છે. કોઈ લેખક 'ગુજરાત સમાચાર'માં ગમે તેટલું સારું લખતો હોય તેને ય શાંતિભાઈ એમ જ કહેવાના: 'હજી ય જમાવો, ખૂબ જમાવો.' બધા જ બુદ્ધિજીવી લેખકો 'ગુજરાત સમાચાર'માં જ લખે એવો તેમનો કાયમી આગ્રહ રહે. તેમના અખાડામાં બધા જ કલમબાજો બૌદ્ધિક વ્યાયામ કરવા આવે એને તે પોતાનું ગૌરવ ગણે છે. (પણ એ લોકો શું લખે છે એ વાંચવામાં તેમને રસ નથી.) વાસુદેવ મહેતાની એક ખૂબ લોકપ્રિય કૉલમ 'અલ્પવિરામ' 'ગુજ. સમાચાર'માં ચાલતી. તેમાં ઘણા કવિઓની સરસ કવિતાનાં ચોકઠાં મુકાતાં. વચ્ચે વચ્ચે શેખઆદમ આબુવાલાની રાજકીય કવિતાઓ પણ તેમાં છપાતી. એક વાર નરીમાન કામાએ આદમને ઊભો રાખીને અભિનંદતાં કહ્યું: 'તારી પેલી કવિતા બહુ જ સરસ છે.' શાંતિલાલ કામાશેઠની બાજુમાં ઊભેલા, તેમણે તરત જ આદમને કહ્યું: આ પાણામાં એવું લખોને!'

'આપણામાં જ એ કવિતા મેં લખેલી.' આદમ બોલ્યો.

'એમ?...તો વધારે લખો...જમાવો...' પણ એક વાત છે. લેખકોને નામ કરતાં ઉપનામે લખવાનો આગ્રહ તે વધારે કરે છે. એના સમર્થનમાં ક્યારેક દલીલ પણ કરે છે: 'આટલો મોટો કલાપી જેવો કલાપી પણ ઉપનામે જ લખતો'તો ને?' પાછા ઉમેરે છે: 'જે લેખક નામ વગર લખે છે તેની કલમમાં ભગવાન વધારે તાકાત મૂકે છે.'

પૈસાની બાબતમાં શાંતિલાલ ઘણા ઉદાર. પૈસા આપવામાં પાછી પાની તે ક્યારે ય નહિ કરે. વચ્ચે મને કહે: 'બસ, તમે આપણે ત્યાં આવી જાઓ. ટર્મ ઈઝ યૉર્સ. મારી પાસે એક સ્કીમ છે. વરસમાં તમે મને પચ્ચીસ-પચાસ પુસ્તકો લખી આપો. હું દસ-પંદર હજાર કૉપીઓ છાપીને ફેંકી દઉં.' (ચોપડીઓની સાથે સાથે તેમણે લેખકોને ય ફેંકી દીધાના અનેક દાખલા ભૂતકાળમાં બન્યા છે.)

છાપાંવાળાઓની દુનિયામાં શાંતિભાઈ 'બેસ્ટ પે-માસ્ટર' તરીકે જાણીતા છે. (જો કે પગાર તો બીજા છાપાંવાળાઓ પણ ઘણો સારો આપે છે.) મારા એક મિત્ર ભાઈ પરમાનંદ ગાંધીનો પગાર આજથી વીસેક વર્ષ પહેલાં બાવીસસો રૂપિયા હતો 'પ્રભાત'માં. હા. 'પ્રભાત'માં. (જો કે રોકડા તો તેમને બસો મળતા'તા, ને બે હજારનો અનુભવ મળતો-'તો.) પૈસો માણસની નબળાઈ છે એ શાંતિભાઈ સારી પેઠે જાણે છે—ખાસ કરીને લેખકોની; ને એટલે એ બધાને તે પૈસાથી જ મારે છે. બહુ ઊંચો પગાર આપી દે છે. વચ્ચે શેખઆદમને કહે: '"સીને સ્ટાર" માટે તું મુંબાઈ જા.' 'મહિને પાંચ હજાર પગાર આપો તો જાઉં'.

'લઈ જા, પાંચ હજાર લઈ જા. પણ મુંબાઈ જા ને નરગીસનો ઇન્ટરવ્યૂ લઈ આવ.' તેમની દૃષ્ટિએ આજે ય હેમા માલિની નહિ પણ નરગીસ સર્વોચ્ચ અભિનેત્રી છે;-ભલે ફિલ્મક્ષેત્રમાંથી તેણે સંન્યાસ લીધો હોય...પણ તેથી શું થઈ ગયું ?

જયંતકુમાર પાઠક બીમાર હતા ત્યારે પણ તેમને ઘેર બેઠાં અરધો પગાર શાંતિભાઈ મોકલી આપતા. (આજે ય એવું જ છે. બીજાં છાપાંઓમાંથી લાવેલા કલમબાજોને તે ડબલ પૈસા આપે છે; અરધા 'ગુજરાત સમાચાર'માં લખવા માટે, ને અરધા બીજે નહિ લખવા માટે.)

પણ અહીં જગ્યાની બહુ તકલીફ છે (અહીં એટલે કે 'ગુજરાત સમાચાર' બિલ્ડિંગમાં, છાપામાં નહિ.) જેને જે ખુરસી-ટેબલ મળ્યાં હોય, જગ્યા મળી હોય તે એ પચાવી પાડે છે (પઝેશન ઈઝ પાવર.) બીજાનું આક્રમણ કોઈ સહી લેતું નથી. ભૂપત વડોદરિયાને એ જમાનામાં શાંતિભાઈએ રૂપિયા એક હજારના પગારથી નોકરીએ રાખ્યા. બીજા દિવસે ભૂપતભાઈ કામ પર આવ્યા. બધે ફર્યા, પણ એકે ય ટેબલ ખાલી નહિ. બેસવાની જગ્યા જ નહિ. શાંતિલાલ પાસે જઈને તેમણે ફરિયાદ કરી: 'અહીં તો, શાંતિભાઈ, એકે ય ટેબલ ખાલી નથી. મારે શું કરવું?'

'ઘેર જાઓ...' શાંતિભાઈએ સહેલો ઉપાય બતાવ્યો.

પ્રબોધ ચોકસી જેવાને ય જગ્યાની હાડમારી નડેલી. બેસવાની જગ્યા તંત્રીખાતામાં ન હોવાથી તે કમ્પોઝ ખાતામાં બેસતા! પણ આ બાબતમાં વાસુદેવ મહેતા વધારે શાણા નીકળ્યા. 'સંદેશ' છોડીને 'ગુજરાત સમાચાર'માં પગ મૂકતાં પહેલાં 'શરતનામું' જે તેમણે શાંતિભાઈ સમક્ષ મૂક્યું તેમાં પહેલી શરત ટેબલ-ખુરશી અંગેની હતી. પોતાનું ટેબલ કઈ જગ્યાએ રહેશે, ખુરશી કોની બાજુમાં રહેશે—એ શરત સ્વીકારાયા પછી જ બીજી શરતોમાં તે આગળ વધેલા. (હવે તેમને ટેબલ-ખુરશી સાથે કૅબિન પણ મળી હોઈ તે 'જનસત્તા'માં જોડાયા છે.)

શાંતિભાઈની હૉબીઝમાંની એક હૉબી બીજાં છાપાંઓમાંના કલમબાજોને પોતાના છાપા તરફ ખેંચવાની છે. (કોઈ મને કહેતું'તું કે શાંતિભાઈ નાના હતા ત્યારે બીજાના ચાલુ પતંગો કાપીને, લપટાવીને પોતાના છાપરે લાવવાનો તેમને ભારે શૉખ હતો.) તેમની એક આંખ પોતાના છાપા પર હોય છે ને બીજી અન્ય છાપાંઓ તરફ હોય છે. કયા લેખકને કેમ પાડવો એ તે સારી રીતે જાણે છે. કોણ કોનો મિત્ર છે? કોની લાગવગ ક્યાં ચાલે છે એ બધું પહેલાં જાણી લેશે. પછી જરૂર જણાશે તો પોતાની મોટર મોકલીને ય પેલાને તેડી મંગાવશે. જો તે વી. આઈ. પી. કક્ષાનો માણસ હશે તો 'ગુજરાત સમાચાર' ભવનના ત્રીજા માળે (જ્યાં પોતે રહે છે) તેને લઈ જઈને ખાખરા ખવડાવશે. (તેમના ખાખરા ખાનારની કતલ થઈ જ સમજો. વહેલો-મોડો ય તે ફસાવાનો જ). પછી ઑફર મૂકશે સ્ટ્રેઈટ વે; 'ટર્મ્સ ઈઝ યૉર્સ.' (એ તેમની ધ્રુવપંક્તિ છે.) કોઈ પણ કિંમતે તેને પોતાના છાપામાં શરૂ કરીને જ જંપશે.

તેમણે પોતે તો વાંચવાની કુટેવ ખાસ પાડી નથી. પણ તેમનામાં એક ખૂબી છે. તે ફેરિયાઓને પકડશે. તંત્રીખાતાથી માંડીને વૉર્ડ-બૉય સુધીના ને પૂછશે: 'અલ્યા ભૈ, ફલાણું શું કહેવાય, કઈ કૉલમ છે પેલી—' જાણી-બૂઝીને કૉલમનું ખોટું નામ બોલશે. કૉલમ જો જામતી હશે, લોકપ્રિય હશે તો સામેનો માણસ કૉલમનું સાચું નામ બોલી નાખશે. આ રીતે કઈ કઈ કૉલમ જામે છે કે ફિક્કી જાય છે વગેરે માહિતી મેળવી લેશે. તેમના આવા 'સૅમ્પલ સર્વે' દ્વારા બીજા છાપામાંથી ઈમ્પૉર્ટ કરાએલો લેખક જામે તો ઠીક છે; નહિ તો પછી એક દિવસ એની કૉલમ છાપામાંથી ઓચિંતી ઊડી જશે. પેલો ઈમ્પૉર્ટેડ લેખક બૂમો પાડતો આવશે તો એ વિભાગના વડાને (ને ક્યારેક તો જેને લાગતું-વળગતું ના હોય એવા કંપોઝ ખાતાના માણસોને)ખાલી-ખોટું દબડાવશે. વળી પાછી એની કૉલમ એકાદ વાર છપાઈને અદશ્ય થઈ જશે, એટલે તેને આશ્વાસન આપતા અવાજે શાંતિભાઈ કહેશે: 'તમને, યાર, પૈસા તો નિયમિત મળે છે ને? આ તો ભૈ, છાપાનું કામ. છપાય-ના છપાય એની ચિંતા તમે શા માટે કરો છો? પૈસા તમને રેગ્યુલરલી મળ્યા કરશે એ હું જોઈશ'.

'એવા પૈસા મારે નથી જોઈતા.' પેલો સ્વમાની લેખક કંટાળીને કહેશે.

'તો તમારી મરજી.' કહી શાંતિભાઈ ટાઢા પાણીએ ખસ કાઢશે! તે કોઈની કૉલમ બંધ કરતા જ નથી. લખવાવાળો જ દુઃખી થઈને સામેથી બંધ કરી દે છે.

શાંતિલાલનું કામ માળી જેવું છે. જે છોડ કરમાવા માંડે, નકામો થઈ જાય તેને કાઢે. જે લેખકના 'વૉલ્ટેજ' ઘટે તેનો 'ફ્યૂઝ' ગયો જ સમજો. તેમને મન લોકપ્રિયતા જેવી પવિત્ર ચીજ જગતમાં બીજી કોઈ જ નથી. તેમની દૃષ્ટિએ સ્થાયી કશું જ નથી. તે વર્તમાનમાં જીવવાવાળો આત્મા છે. થોડોક ફિલૉસૉફિક ટચ પણ છે, તેમનામાં. શરીરની જેમ નામ પણ નશ્વર છે. ચુ. વ. શાહ, ર. વ. દેસાઈ, ગુણવંતરાય આચાર્ય, કિસનસિંહ ચાવડા જેવા ધુરંધર લેખકોએ ય ધીમેધીમે પોતાની લોકપ્રિયતા ગુમાવી દીધી છે. અને એટલે જ તે દરેક લેખકનો હરીફ કાયમ શોધતા જ હોય છે. ખૂબીની વાત તો એ છે કે પાછું એને જ એના હરીફ બાબત પૂછે! જેમકે, વાસુદેવ મહેતાની કટાર બહુ ચગી હોય તો તેમને પૂછે: 'વાસુદેવ, તમારા જેવો બીજો કોણ છે આ ફીલ્ડમાં? કે પછી ગુજરાતનું પત્રકારત્વ વાંઝિયું જ છે?' કોઈ પણ સાચો પત્રકાર, પત્રકારત્વને ગાળ પડે એ સહી ના શકે, એટલે એવા બીજા કોઈ સમર્થ માણસનું નામ આપી દે. હરીફનું નામ મળે એટલે તેની શોધ આરંભાય. (પછી પાછો પેલો ખાખરિયો વ્યવહાર શરૂ થાય.)આ માણસમાં કોલમ્બસ પડેલો છે. નવી નવી શોધોમાં તેમને ઘણો રસ છે. આ કારણે જ તેમને ત્યાં ત્રણ ત્રણ ચિત્રકારો છે. એકની સામે બીજો, ને બીજાની સામે ત્રીજો. આનું સાચું કારણ મને તો એ લાગે છે કે પરાવલંબન તેમને ગમતું નથી. ફલાણું મારી પાસે નહિ હોય તો?—એ ભય તેમને સતત સતાવ્યા કરતો હશે. અદ્વિતીયતાના ભયને કારણે જ તે દરેક જણનો ડુપ્લિકેટ શોધે છે. (પોતાનો ડુપ્લિકેટ હજી સુધી તે શોધી શક્યા નથી એ જુદી વાત છે.)

શાંતિલાલ પાસે ધંધાની જબરી સૂઝ છે. તે હવામાંથી ય ધંધો સૂંઘી શકે છે. એક વખત સ્ટાફમાં કોઈ માણસ મોડો આવ્યો. શાંતિલાલે પૂછ્યું: 'કેમ'લ્યા, મોડો આવ્યો?'

'ડોંગરેજીની સપ્તાહમાં ગએલો. ભીડમાંથી બહાર નીકળતાં નીકળતાં જ પોણો કલાક થઈ ગયો.' પેલાએ ખુલાસો કર્યો.

'તે ત્યાં એટલી બધી ભીડ થાય છે?'

'અરે શેઠ, ત્યાં તો પડે એના કટકા છે.' પોતાના મોડાપણાને જસ્ટીફાઈ કરવા પેલાએ જરા અતિશયોક્તિ કરી.

આ 'ભીડ' શબ્દમાંથી તેમના મગજમાં ચમકારો થયો. બીજે દિવસે તેમણે તંત્રીખાતાના એક માણસને મોકલીને ડોંગરેજીની અમૃતવાણી કાગળ પર લેવડાવીને 'લોકસમાચાર'નો ડોંગરેજીની કથાનો સ્પેશ્યલ અંક

તાત્કાલિક બહાર પાડીને જોતજોતામાં તેની લાખેક નકલો વેચી પણ નાખી.

આમ શાંતિભાઇનો નાનામાં નાનો સવાલ પણ ઘણી વાર સહેતુક હોય છે. ઉપરછલ્લી દૃષ્ટિએ લાગે કે આ પ્રશ્ન અમથો જ પુછાયો છે, પણ એ પ્રશ્નની પાછળ તો તેમનું ભેજું પોતાની રીતે લડતું હોય છે. સ્ટાફનો કોઈ માણસ પગે સહેજ લંગડાતો દેખાય એટલે તેને ઊભો રાખીને શાંતિભાઈ સહાનુભૂતિથી પૂછશે: 'કેમ લંગડા ચાલો છો? પગમાં કંઈ તકલીફ છે?'

'હા, વાની તકલીફ છે. દાદર ચડતાંઊતરતાં ભારે કળતર થાય છે.'

'પણ કોઈ સારા ડૉક્ટરની દવાફવા કરોને!'

'દવા તો ચાલે છે, પણ ફેર જણાતો નથી.' કહી પેલો ત્યાંથી જાય. તે મનમાં રાજી થાય કે શાંતિભાઇએ પ્રેમથી કેવી ખબર પૂછી! પણ શાંતિભાઈ મગજના એક ખૂણામાં આ વાત નોંધી રાખે. પેલો ક્યારેક વાંકો થાય તો તેનું ટેબલ ત્રીજે માળે મુકાવી દે (ચડ-ઊતર કર્યા કર દીકરા!)

પોતાની કૅબિનનો દરવાજો શાંતિલાલ હમેશાં ખુલ્લો રાખે છે. પોતાના છોકરાઓને પણ એ જ સલાહ આપે છે કે દરવાજો કાયમ ખુલ્લો રાખો તો જ એ ખુલ્લા દરવાજામાંથી લક્ષ્મી અંદર આવી શકશે. (પણ છોકરાઓ, દરવાજો ખુલ્લો હશે તો લક્ષ્મી નાસી જશે એ ભયે કૅબિનનો દરવાજો બંધ રાખે છે.)

શાંતિલાલ સંબંધ પણ સાચવી રાખે એવા માણસ છે. પેટલીકર–પીતામ્બર 'સંદેશ' સાથે સંકળાએલા હોવા છતાં, હજી થોડા જ વખત અગાઉ, દર શનિવારે બપોરે અઢી વાગ્યે શાંતિભાઈની ચા પીવા જતા. (હવે નથી જતા. ચીમનભાઈની ડાયાબિટિક ચા તેમને માફક આવી ગઈ લાગે છે.) જે કોઈ બપોરે મળવા જાય તેને શાંતિલાલ (ને તેમના પુત્રો પણ) પ્રેમપૂર્વક ચા પીવડાવે છે. ત્યાં બેઠા હોઇએ તો ચાની પરબની વચ્ચે જ બેઠા હોઈએ એવું ક્યારેક લાગે.

શાંતિલાલને અંગ્રેજીમાં બોલતાં ક્યારેક જ મેં સાંભળ્યા છે. પણ મારા મતે અમદાવાદનાં છાપાંના માલિકોનું અંગ્રેજી (જેમને મેં સાંભળ્યા છે) એકબીજાની હરીફાઈ કરે એવું છે. એક વાર કોઈ અમેરિકન મહેમાન અમદાવાદમાં આવેલો—પત્રકારત્વ અંગેના સંશોધન માટે. એ શાંતિભાઈને ત્યાં જ ઊતર્યો. અમેરિકનને ગુજરાતીમાં બોલતાં થાય એનાથી થોડી ઓછી તકલીફ શાંતિભાઈને અંગ્રેજીમાં બોલતાં પડતી. શાંતિભાઈ, 'Some or how…Some or how…' એવું પાંચ-છ વાર બોલ્યા. સ્ટાફનો એક માણસ એ વખતે ત્યાં હાજર. તેણે કીકુજીને આ વાત કરી. બીજે દિવસે પણ શાંતિલાલ Some or how બોલ્યા એટલે કીકુજીએ તેમને ખાનગીમાં સમજાવ્યું: 'પેલો અમેરિકાથી આવ્યો છે એટલું વળી સારું છે; કેમકે ખરેખર તો Some how or other જ કહેવાય. પણ ચાલશે. હવે કોઈ ઇંગ્લિશમૅન આવે ત્યારે આવી ભૂલ ના થાય એટલા પૂરતું જ તમારું ધ્યાન ખેંચ્યું.' ને શાંતિલાલે 'એમ?' કહીને અચરજ અનુભવ્યું. (ત્યાંના લોકોનું અંગ્રેજી ના બગડી જાય એ ભયે જ શાંતિલાલ વારંવાર પરદેશ જતા નથી.)

જે મુલાકાતી પોતાને ના ગમતો હોય તેનાથી શાંતિલાલ આસાનીથી પીછો છોડાવી શકે છે. (આ કામ બહુ અઘરું છે, આમ તો.) બહુ સ્વાભાવિક લાગે એ રીતે તે ઘંટડી વગાડયા કરશે. નોકરને પહેલેથી જ સમજાવી રાખ્યું હોય છે કે તારે ત્રણેક ઘંટડીઓ વાગે ત્યાં સુધી અંદર આવવું નહિ. એક-બે ઘંટડીઓ વગાડીને શાંતિલાલ, 'હજુ ય કોઈ સાંભળતું નથી?' એમ બબડતા, પેલાને બેસાડીને પોતે કૅબિનની બહાર છટકી જશે. દોઢ-બે કલાક સુધી ઉપર-નીચે આંટા માર્યા કરશે ને પેલો કંટાળીને ચાલ્યો જશે.

છાપું ચલાવવું એ આમ તો માથાના દુખાવા જેવું જ કામ છે. લોકો કંઈ ને કંઈ ફરિયાદો લઇને આવ્યા કરે. આ બધાથી ત્રાસી જઇને શાંતિભાઈ એક જ વાક્ય બોલે છે: 'તે એનું શું છે?' ને એક દિવસ તો સવારથી જ ફરિયાદ કરવાવાળાઓએ તેમનો મૂડ ખરાબ કરી નાખેલો. 'તે એનું શું છે?' એવું ચાળીસ-પચાસ વખત બોલીને ય તે કંટાળી ગએલા. લમણે હાથ દઇને તે પોતાની કૅબિનમાં નીચા મોંએ બેઠેલા. મારો મિત્ર આબિદ સૂરતી મુંબાઈથી આવેલો એટલે તેને હું 'ગુજરાત સમાચાર'માં હરીશ નાયક પાસે લઈ ગયો. (ઈ. ૧૯૬૬-૬૭ની આ વાત છે.) હરીશ નાયકને એમ કે લાવો, શાંતિભાઈ સાથે આબિદનો પરિચય કરાવીએ. ક્યારેક ખપ લાગશે. આબિદને લઈને હરીશ નાયક શાંતિભાઈ પાસે ગયો. શાંતિભાઈ ને ખાઈ ગયા'તા એટલે આંખો મીંચીને બેઠેલા. હરીશે કહ્યું: 'શાંતિભાઈ, આ આબિદ સૂરતી—'

'તે એનું શું છે?' આદતના જોરે શાંતિભાઈથી બોલી જવાયું.

આપેલ વચન પાળવા માટે શાંતિભાઈ હમેશાં તત્પર હોય છે: પણ સંજોગો મોટે ભાગે તેમને સાથ નથી આપતા, એટલે કેટલીક વાર તે વચન નિભાવી શકતા નથી. પછી કોઈ તેમના પર આક્ષેપ મૂકે કે 'તમે વચન આપીને ફરી ગયા?' ત્યારે શાંતિભાઈ ઘણી જ ગંભીરતાથી કહે છે: 'હું નથી ફર્યો, સંજોગો ફરી ગયા છે. જે સંજોગોમાં તમને મેં વચન આપેલું એ ફરી આવશે તો હું ચોક્કસ વચન પાળીશ.'

પોતાના છાપાની સલામતીનો તે હમેશાં ખયાલ રાખે. છાપાના હિતને નુકસાન થાય એવું પગલું ભરે પણ નહિ ને કોઇને ભરવા પણ ના દે. તે દૂરંદેશ પણ ઘણા. ઈ. ૧૯૬૨ની સાલમાં ચીન અને ભારત વચ્ચે યુદ્ધ ચાલતું'તું એ વખતે 'ઝગમગ'માં હરીશ નાયક સંપાદક. ચીનાઓ અંગેની એક વાર્તા ત્યારે 'ઝગમગ'માં ચાલે. તેણે એક-બે ઠેકાણે લખેલું, 'ચીનાઓ આવા ને ચીનાઓ તેવા.' શાંતિભાઈનું ધ્યાન ગયું એટલે તરત જ હરીશને ટોકતાં તેમણે કહ્યું, 'આપણે આટલો બધો તુચ્છકાર ચીનાઓ તરફ નહિ બતાવવાનો. કાલે સવારે મારા બેટાઓ આપણા દેશ પર કબજો જમાવી બેસે તો આપણા છાપાને નુકસાન પહોંચાડે.'

આ માણસ જીવન પ્રત્યે કોઈ જુદો જ અભિગમ ધરાવે છે. તે વણિકપુત્ર હોઈ દરેક વાતનું ગણિત તેમના મનમાં રમતું હોય છે. ધારો કે કોઈ તેમને પૂછે કે 'તમારે વધારે બુદ્ધિશાળી થવું છે?' તો તે સામે પૂછશે: 'શો ખર્ચ થાય?'

'લગભગ બેએક હજાર જેટલો ખર્ચ આવે ખરો…'


'અચ્છા, બુદ્ધિશાળી માણસ ખરીદવો હોય તો કેટલામાં મળે?'

'એક હજારમાં…'

'વિચાર કરીને કહીશ.' એવું શાંતિલાલ કહે ખરા, પણ બે હજાર ખરચીને વધારે બુદ્ધિશાળી બનવાની ઝંઝટમાં પડવા કરતાં બે બુદ્ધિજીવીઓને રોકી લેવાનું તે વધારે પસંદ કરશે.

શાંતિલાલ બહુ જ જાગ્રત માણસ છે. પોતાનો હરીફ ક્યાં પાછો પડે છે, તેનામાં કઈ નબળાઇને કારણે તે માર ખાઈ રહ્યો છે એ જાણવા, માપવા શાંતિભાઈ હમેશાં કોશિશ કરે છે—આ નબળાઇઓ પોતાનામાં ના પ્રવેશી જાય એ વાસ્તે.

'સંદેશ'વાળા ચીમનભાઈ પટેલે હમણાં જ પોતાના ચિ. પુત્ર ફાલ્ગુનને પત્રકારત્વના વધુ અભ્યાસાર્થે પરદેશ મોકલ્યો. તેમની જગ્યાએ હું હોઉં તો મારા દીકરાને પરદેશની કોઈ યુનિવર્સિટીમાં ભણવા મોકલવાને બદલે છાપું સફળતાપૂર્વક કેમ ચલાવવું એનું જ્ઞાન મેળવવા શાંતિભાઈ પાસે જ મોકલું,–સાચે જ… □



સ્વતંત્ર ભારતની પહેલી ચૂંટાએલી પાર્લામેન્ટ (લોકસભા)

ભારત સ્વતંત્ર થયા પછીની સર્વ પ્રથમ ચૂંટણી ત્યારે તાજેતરમાં પૂરી થએલી, તે અનુસાર ચૂંટાઈ આવેલા પ્રજાના પ્રતિનિધિઓની પ્રથમ લોકસભા–પાર્લામેન્ટનો આ આલેખ આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો, તે તાજી ચૂંટણીના સંદર્ભમાં સમયસરનો લાગશે. તેમાં એકએક ખાનું તે એકએક બેઠક છે, અને તે ત્યારે કયા કયા પક્ષોમાં કેટકેટલી સંખ્યામાં વહેંચાએલી તે દરેક ખાનામાં તેની વિવિધ સંજ્ઞા મૂકીને દર્શાવી છે. દાખલા તરીકે તદ્દન કાળા રંગે પૂરેલી બેઠકો કૉંગ્રેસની છે અને તે એ પક્ષની ત્યારની જબ્બર બહુમતી દર્શાવે છે. તે પછીના જુદાજુદા આગળપડતા પક્ષોએ જે બેઠકો મેળવેલી તે જે જે સંજ્ઞાઓ વડે બનાવી છે તેનો નિર્દેશ આ આકૃતિના ચાર ખૂણાઓમાં કરેલો છે. તે ઉપરાંતના બીજા પક્ષોની બેઠકોમાં તે તે પક્ષના નામના પ્રથમાક્ષરો લખીને આ મુજબ બતાવી છે: યુનાઇટેડ સોશિયાલિસ્ટ ઑર્ગેનિઝેશન=યુ; રેવોલ્યુશનરી સોસિયાલિસ્ટ પાર્ટી=રે; હિંદુ મહાસભા=હિં; અકાલી દળ=અ; ગણતંત્ર પરિષદ=ગ; કૃષિકાર લોક પાર્ટી=કૃ; જનસંઘ=જ; રામરાજ્ય પરિષદ=રા; તામિલનાડ ટૉઈલર્સ પાર્ટી=તા; કૉમનવીલ પાર્ટી=કૉ; ત્રાવણકોર તામિલનાડ કૉંગ્રેસ=ત્રા; ઝરખંડ પાર્ટી=ઝ; દલિત વર્ગ ફેડરેશન=દ; લોકસેવક સંઘ=લો, મુસ્લિમ લીગ=મુ; ખેડૂત અને મજૂર પક્ષ=ખે; અને ફૉરવર્ડ બ્લોક=ફૉ. આલેખ દર્શાવે છે તે મુજબ લોકગૃહની કુલ ૪૯૭ બેઠકો પૈકી ૩૬૩ બેઠકો કૉંગ્રેસે મેળવી છે. તેની સામે સામ્યવાદીઓ અને તેમના સાથીદાર પક્ષોએ ૨૭, સ્વતંત્ર ઉમેદવારોએ ૩૬, સમાજવાદીઓએ ૧૨, કિસાન મજદૂર પ્રજા પક્ષ (કે. એમ. પી. પી.) એ ૧૦, જનસંઘે ૩; દલિત વર્ગે ૨; કૃષિકાર લોક સંઘે ૧; અને અન્ય પક્ષોએ ૩૫; આ ઉપરાંત પ્રમુખે ખાસ નિયુક્ત કરેલા ૮ સભ્યો મળી કુલ ૪૯૭ બેઠકોનું એ લોકગૃહ બનેલું હતું.

જીવનમાં આશીર્વાદરૂપ એક કુદરતી કરામત સ્વપ્ન

માણસના આયુષ્યનો લગભગ ત્રીજો ભાગ ઊંઘવામાં જાય છે. આહારની માફક જીવનની એ એક અનિવાર્ય જરૂરત છે. દિવસ દરમિયાન કાર્યરત રહેલા અંગોના આરામને ઊંઘ જરૂરી છે. પૂરતી ઊંઘ વિના ચિડિયાપણું, સ્મૃતિનાશ, ઊબકા, અશક્તિ વગેરે જેવી સ્થિતિ આવી પડે છે. જ્યારે પૂરતી ઊંઘ લેવાથી મન પ્રસન્ન થાય છે, શરીર હળવું બને છે, વિચારશક્તિ ઉત્તેજાય છે, દોષનો નાશ થઈ શરીરસુખ મળે છે. અવાજ, તેજ પ્રકાશ, ખૂંચતી પથારી કે જીવજંતુના કરડવાથી ઊંઘમાં વિક્ષેપ પડે છે. પણ જો આવા વિક્ષેપનું પ્રમાણ સાધારણ જ હોય તો એનાથી ઊંઘમાં ખલેલ ન પડે એ સારુ કુદરતે એક અજબ કરામત કરી છે. એ છે સ્વપ્ન. છેક વિચારતો થયો ત્યારથી આજ સુધી માણસને આ સ્વપ્નોનું રહસ્ય પામવામાં અને વાસ્તવિકતા સાથેનો એનો સંબંધ જાણવામાં રસ રહ્યો છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ સ્વપ્નોનો અભ્યાસ આરંભાયા પછી એ દિશામાં થોડી જાણકારી પ્રાપ્ત પણ થઈ છે.

દિવસ આખો કાર્યરત રહેતાં અંગો નિદ્રા-સમયે આરામ પામતાં હોય છે એ ખરું, પણ મનના જાગ્રત અને અજાગ્રત એવા જે બે ભાગ ગણાય છે તેમાંનું અજાગ્રત મન નિદ્રા વખતે પ્રવૃત્ત હોય છે. આશા-નિરાશા, ભય, અસંદિગ્ધ વિચારો અને વિસ્મૃતિમાં ખોવાઈ ગએલા અસંખ્ય અનુભવોના કોઠાર જેવા આ અજાગ્રત મન અને જાગ્રત મન વચ્ચેની મર્યાદા ઊંઘ દરમિયાન વિલાઈ જાય છે. અજાગ્રત મનની કામગીરીમાં જાગ્રત મન જાણે કે ડોકિયું કરે છે અને એનાથી રચાતો ભેળસેળભર્યો મસાલો અવનવા સ્વાંગ ધરીને સ્વપ્નરૂપે પ્રકટ થાય છે. જીવનનો ત્રીજો ભાગ ઊંઘમાં વીતે છે તો એ ઊંઘનો ચોથો કે પાંચમો ભાગ આ સ્વપ્નો જોવામાં જાય છે. એટલે કે સાઠેક વર્ષની વય દરમિયાન માણસનાં વીસેક વર્ષ ઊંઘવામાં અને એમાંથી યે ચાર-પાંચ વર્ષ સ્વપ્નો જોવામાં જ વીત્યાં હોય છે! પણ જાગ્યા પછી એ બધાં સ્વપ્નો યાદ આવતાં નથી.

સ્વપ્નો અંગે જે કંઈ શોધ-સંશોધન થયાં છે તેમાં યાદ રહી ગએલાં સ્વપ્નોનો મોટો આધાર છે. ઊંઘ દરમિયાનની એક શારીરિક પ્રક્રિયા પ્રતિ પણ સ્વપ્નો આંગળી ચીંધે છે. બાળકને ઊંઘમાં મરકતું કે ભરનિદ્રામાં કોઈને નિસાસા નાખતા કે મરડાતા જોવાનો ઘણાને અનુભવ હશે. આની સાથે સ્વપ્નોનો સંબંધ હોય છે.

ઊંઘ દરમિયાન કાન પર અથડાતો અવાજ, ઝાળી જેવો અગવડ ભર્યો ખાટલો કે ખૂંચતી પથારી જેવા બાહ્ય પ્રભાવોથી પણ સ્વપ્નો પ્રકટે છે. દા. ત. કોઈ ઊંઘતા માણસના કાન પર ક્યાંક દૂરથી બૅન્ડ વાગવાનો અવાજ પડે છે, તો એને એવું સ્વપ્ન આવે કે પોતે બહાર ખુલ્લા પ્રદેશમાં ઘૂમવા નીકળ્યો છે અને આસપાસમાં ઊજવાઈ રહેલા કોઈ ઉત્સવનાં વાજાં એને સંભળાય છે. વાસ્તવિક સ્થિતિ અને એને દેખાતા સ્વપ્ન વચ્ચે વાજાંના અવાજ સિવાય કોઈ સામ્ય નથી હોતું, પણ વાજાંનો સૂર કાને પડતાં એની કલ્પનાઓ જાગ્રત થઈને જે મિશ્રિત અનુભૂતિ પ્રકટાવે છે એ એને સ્વપ્નમાં દેખાય છે. વાજાંના આ સૂર બીજા માણસને વળી કંઈ જુદું જ દર્શન પણ કરાવે. આનું કારણ માણસની ભૂતકાલીન અનુભૂતિઓ અને એની કલ્પનાઓની ભિન્ન એવી પશ્ચાદભૂ હોઈ શકે. ઘડિયાળના ઍલાર્મના અવાજથી એક જણાને સ્વપ્નમાં યંત્રનો ઘરઘરાટ, બીજાને દેવળના ઘંટ તો ત્રીજાને હાથમાંથી પડીને તૂટી જતી કાચની રકાબીનો અવાજ સંભળાય એવું બને. આ જ રીતે બાહ્ય ઉત્તેજન તદ્દન મંદ હોય તો યે સ્વપ્નમાં કોઈને એની વધુપડતી કે વિકૃત અસર પણ જણાય. દા. ત. તદ્દન સાધારણ અવાજથી એ કોઈને સ્વપ્નમાં તોપધડાકો સંભળાય; અથવા પોતાની છાતીમાં ખંજર ભોંકાતું હોવાનું સ્વપ્ન આવે ત્યારે વસ્તુતઃ જોનારની છાતી પર એ સમયે માત્ર મચ્છર જ કરડ્યો હોય એવું યે બને.

ઊંઘતાં પહેલાં ઠસોઠસ ભરેલું પેટ, પેશાબનો ભરાવો, હૃદયની ક્રિયા પર ભારણ કે શ્વાસોચ્છ્વાસની તકલીફ જેવાં શારીરિક બળો પણ સ્વપ્નને પ્રેરે છે. રાતે વાયડો ખોરાક ખાવાની કે છાતી પર હાથ રાખીને ન સૂવાની માન્યતા બંધાવાની પાછળ આવું પણ કારણ હોઈ શકે. આવી સ્વપ્ન-પ્રેરક બાહ્ય કે આંતરિક ઉત્તેજનાની અસર જાણવા અંગે અનેક પ્રયોગો થયા છે. આવા એક પ્રયોગમાં નિદ્રાધીન વ્યક્તિને અત્તર સુંઘાડવામાં આવ્યું અને એ માણસને પોતે અગાઉ જોએલા કોઈ શહેરના બજારમાં અત્તરની દુકાન પાસે ભમતો હોવાનું સ્વપ્ન આવ્યું. જ્યારે એની આંખ પર તીવ્ર લાલ પ્રકાશ ફેંકવામાં આવ્યો ત્યારે એને વાદળોની વચ્ચે ઝબૂકતી વીજળી સ્વપ્નમાં દેખાઈ.

ઘણી વાર માણસને પોતાનાં રોજિંદાં કાર્યો કે ધંધા અંગે યા એની સાથે સંકળાએલી પોતાની લાગણી કે ભાવના અંગેનાં સ્વપ્નો પણ આવે છે. સામાન્ય રીતે એવું મનાય છે કે માણસની જાગ્રતાવસ્થાની ભૂતકાલીન અનુભૂતિઓ જ એક યા બીજા રૂપે કે મિશ્રિતરૂપે સ્વપ્નમાં પ્રકટ થાય છે. ક્યારેક એમાં ભૂતકાલીન અનુભવોનું પુનરાવર્તન પણ થતું હોય છે. ક્યારેક એમાં એના કલ્પનાતરંગ પણ ઉમેરાય છે. પરીકથાઓ સાંભળીને નિદ્રાધીન થએલા બાળકને સ્વપ્નમાં એવા જ તરંગી ચમત્કારો સાકાર થતા જોવા મળે છે. આ જ રીતે વ્યક્તિની અતૃપ્ત ઇચ્છાઓ પણ ક્યારેક સ્વપ્ન દ્વારા સંતોષાય છે. જેમકે ભૂખ્યાને ભોજનનું, બંદીવાનને મુક્તિ પામ્યાનું કે દૂર દેશાવરોમાં એકલા વસનારને પોતાના ઘર કે વતનનું સ્વપ્ન આવે છે. માનસિક ચિંતા કે તંગ સ્થિતિનો પણ સ્વપ્ન પર પ્રભાવ રહે છે. એ જ રીતે વ્યક્તિની કલ્પનાશીલતા પણ સ્વપ્નનું કથાનક રચવામાં અસરકર્તા રહે છે. બચપણથી આજ સુધીના અનુભવો, દૃશ્યો, પ્રસંગો, વિચારો અને તરંગોનો અકલ્પ્ય શંભુમેળો એકઠો થઈ એમાં કલ્પનાનું ઉમેરણ થતાં ચિત્રપટનાં દૃશ્યોની માફક સ્વપ્ન પ્રકટે છે. દિલને સ્પર્શનારા અનેક મનોવેધક પ્રસંગો સ્વપ્નમાં મોખરે રહે છે. અને વ્યક્તિને કેન્દ્રમાં રાખીને ભજવાતા કોઈ ઍબ્સર્ડ નાટક જેવું કંઈ જોતા હોવાનો એને અનુભવ થાય છે. આ દૃશ્યોનું સંકલન વિછિન્ન હોય છે. સ્થળ કે કાળનો પણ એમાં કોઈ બાધ હોતો નથી ને જોનાર એમાં માત્ર એક તટસ્થ પ્રેક્ષક જ હોય છે. આ સ્વપ્નોનાં દ્રશ્યો બહુધા ભૂખરાં હોય છે. સ્વપ્નોની આ રંગવિહીનતાનું કારણ હજી સમજી શકાયું નથી. કેટલીક વાર કોઈ ગૂંચનો ઉકેલ પણ સ્વપ્નો દ્વારા મળી રહે છે. પણ આગાહીસૂચક સ્વપ્નો માટે વિજ્ઞાન હજી શંકાશીલ છે. એ જ રીતે શુકનશાસ્ત્રમાં અપાએલાં સ્વપ્નોનાં અર્થઘટનને પણ કોઈ વૈજ્ઞાનિક ટેકો મળ્યો નથી.

ઊંઘ અને સ્વપ્ન અંગેના સંશોધન માટે ઈ. ૧૯૧૯માં જર્મન વિજ્ઞાની હાન્સ બર્જરે 'ઇલેક્ટ્રો-એન્સેફેલોગ્રામ (EEG) નામક એક નવી જ શોધ વિકસાવી. મસ્તક ઉપર ઇલેક્ટ્રોડ લગાડીને એના દ્વારા મેળવેલાં આંદોલનો પરથી જાગ્રત અને નિદ્રાધીન માણસના મગજની કામગીરીની નોંધ લેવાય છે. આ પ્રકારના પ્રયોગો દ્વારા જણાયું કે ઊંઘ પણ એક સમાન સ્થિતિ નથી. ઊંઘ દરમિયાન બિડાએલી આંખમાં થતું હલનચલન માપતાં જણાયું કે સ્વપ્ન જોતી વેળા એ હલનચલન ઝડપી હોય છે. બીજી રીતે કહીએ તો નિદ્રાધીન માણસની આંખની ઝડપી હલનચલન વખતે એ સ્વપ્ન જોતો હોય છે!

આંખની આ ઝડપી હલચલ પરથી પ્રશ્ન થાય કે માણસ ઉપરાંત ઊંઘતા પ્રાણીઓની આંખ પણ જો હલચલ કરતી હોય તો તેઓ પણ સ્વપ્નો જોતાં હશે? લગભગ ચાળીસ જાતનાં સસ્તન પ્રાણીઓ પર આ

અંગે પ્રયોગો થયા છે. આમાં ઑસ્ટ્રેલિયાનાં ઇંડાં મૂકતાં અમુક સસ્તન પ્રાણીઓ સિવાય બીજાં બધાં પ્રાણીઓની આંખોમાં નિદ્રા દરમિયાન ઝડપી હલચલ થતી જણાઈ હતી. એનાથી એક એવું તારણ નીકળ્યું કે બચ્ચાંને જન્મ આપતા જીવ અને સ્વપ્નભરી ઊંઘ એકબીજા સાથે સંકળાએલાં છે, એટલે કે જે બચ્ચાને જન્મ આપે છે એ બધાં પ્રાણી ઊંઘમાં સ્વપ્ન જુએ છે. વળી, મગજની કેટલીક અટપટી રાસાયણિક પ્રક્રિયાઓ પણ આમાં કારણભૂત છે, પણ આ પાસું ઊંડું વૈજ્ઞાનિક હોઈ અહીં આપણે જતું કરીએ.

પ્રયોગોથી એ પણ જણાયું છે કે અઠ્યાવીસ સપ્તાહના ગર્ભસ્થ બાળકમાં જાગ્રતિનું કોઈ ચિહ્ન કળાતું નથી એટલે કે એટલા ગાળા દરમિયાન સુષુપ્તાવસ્થામાં હોય છે; પણ એ પછી અને નવજાત બાળકની ઊંઘ વચ્ચેવચ્ચે ખલેલ પામતી રહે છે. જન્મથી વૃદ્ધાવસ્થા સુધીમાં સ્વપ્નાવસ્થાનો સમયગાળો ઘટતો જાય છે. ૨૦થી ૩૦ વર્ષની વય દરમિયાન વધુ સ્વપ્નો આવે છે. પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ સ્વપ્નો જુએ છે. શરીરની નિદ્રાધીનતા અને મગજની ઊંઘની અવસ્થા વચ્ચે પણ તફાવત છે. નિદ્રા દરમિયાન વધુ પ્રવૃત્ત અજાગ્રત મન કે એમાં સંઘરાએલી-દબાએલી વૃત્તિઓ જાગ્રત મનનો કબજો લઈ લે તો એનાથી પ્રેરાઈને નિદ્રાધીન માણસ અભાનપણે અનેક કૌતુકભર્યાં શારીરિક કાર્યો પણ કરે છે. ઊંઘમાં ચાલવું, લખવું, વાંચવું વગેરે જેવી જાગ્રતાવસ્થાની ક્રિયાઓ ઉપરાંત, ક્યારેક એ ચોરી, ખૂન કે આપઘાત જેવાં કાર્યો પણ કરી બેસે છે. અજાગ્રત મને પ્રેરેલી આ ક્રિયાઓની માણસને પોતાને તો ખબર પણ હોતી નથી. આવી સ્થિતિ મિનિટોથી માંડી કલાકો પર્યંતની પણ હોઈ શકે. પણ એ દરમિયાન એ કાર્ય કરનાર વ્યક્તિ તો નિદ્રાધીન જ હોય છે. જાગ્યા પછી પોતે શું કર્યું હતું એની એને તો ખબર હોતી જ નથી.

સ્વપ્નાવસ્થા દરમિયાન ઘણી વાર જાતીય અંગોની ઉત્તેજના પણ જોવા મળે છે. પુરુષોમાં એ રાત્રિ દરમિયાન ત્રણથી છ વાર જણાય છે. આ ઉત્તેજનાની તીવ્રતા અને એનો સમયગાળો ઓછોવત્તો હોય છે, પણ પાછલી રાતે આ સ્થિતિ વધુ જોવા મળે છે. યુવાનોમાં એનો કુલ સમય ૧૦૦થી ૧૧૦ મિનિટનો અને સ્વપ્નો જોવાનો કુલ સમય ૧૦૦ થી ૧૦૭ મિનિટનો જણાયો છે. બાલ્યાવસ્થામાં તેમજ ૭૦ થી વધુ વયના પુરુષમાં પણ આવી ઉત્તેજના જોવા મળી છે. જો કે મોટી વયે એની તીવ્રતા અને કુલ સમયનો ગાળો ઓછાં હોય છે. ઊંઘમાં ચાલનારા અને પથારી ભીની કરનારામાં આ ઉત્તેજનાનો સમય વધુ જણાયો છે. સ્ત્રીઓમાં પણ આ પ્રકારની ઉત્તેજના જોવા મળી છે.

આમ, સ્વપ્નોનું રહસ્ય અનેકવિધ વૈચિત્ર્યથી ભરેલું છે. પણ એટલું સ્પષ્ટ છે કે અનેક કારણોસર ઊંઘમાં પડતી ખલેલને એ હળવી બનાવી દે છે. માણસની કેટલીક અતૃપ્તિઓ સ્વપ્નો દ્વારા સંતોષાવાથી એનું મગજ પરનું ભારણ ઘટી જતાં માનસિક સ્વસ્થતા જળવાય છે. દિવસે મળેલી કોઈ નિષ્ફળતાની ચિંતાથી બગડતી ઊંઘ સ્વપ્નમાં કોઈ પ્રકારની સફળતાનો આનંદ મેળવી તૃપ્તિ અનુભવે છે. સ્વપ્નની આવી સાંત્વના ઊંઘમાં પડતા વિક્ષેપને દૂર કરે છે અને એથી લંબાએલી તૃપ્તિભરી ઊંઘ શરીરને યોગ્ય આરામ આપે છે. શારીરિક ને માનસિક સાંત્વના માટેની કુદરતની આ કરામત આ રીતે જરૂરી જણાઈ છે. જો ઊંઘતા માણસની આંખમાં ઝડપી હલનચલન જણાય, એટલે કે જ્યારે એ સ્વપ્ન માણતો હોય ત્યારે જ એને અધવચ્ચેથી વારંવાર જગાડી દેવામાં આવે તો તે અકળામણ અનુભવે છે. આ પછી જો એને ખલેલ પાડ્યા વિના ઊંઘવા દેવામાં આવે તો એને વધુ પ્રમાણમાં સ્વપ્નભરી ઊંઘ આવે છે. પ્રાણીઓમાં પણ આ જ સ્થિતિ જણાઈ છે. એટલે સ્વપ્નોભરી લાંબી ઊંઘ આવે તો માનજો કે એનાથી તમને શારીરિક અને માનસિક બંને રીતે લાભ જ થયો છે. હવે પીઠ પર મમતાભર્યો હાથ ફેરવીને અને મીઠાં હાલરડાં ગાઈને બાળકને ઊંઘાડવાની જૂની રીતમાં કંઈક તથ્ય હતું એમ નથી લાગતું? □

શતરંજના કોયડા

સુરેશ મોદી


આ વખતે આપણે બે ચાલવાળો Self-mate કોયડો જોઈએ. આકૃતિના થોડા અભ્યાસથી જ સમજાશે કે અહીં પણ જો કાળો રાજા કાળા હાથીના માર્ગમાંથી ખસી જાય તો સફેદ રાજા મ્હાત થાય છે. તેથી સફેદે કાળા રાજાને d2 પર જવા ફરજ પાડવી જોઇએ. આટલું વિચાર્યા પછી કોયડાનો ઉકેલ મળવો મુશ્કેલ નથી. છતાં સુંદર વિકલ્પોને લીધે આ કોયડો ઘણો જ રસમય બન્યો છે.

ચાવીની ચાલ: 1 QB4

ધમકી: 2 Qd2+, K×d2≠

વિકલ્પો: 1..., Qa5; 2 QE1+, Q×E1≠

K. S. Howard



Self-mate in Two

1..., Qf6+; 2 Sf2+, Q×f2≠

1..., Qg5; 2 B×E2; B×E2≠

1..., B×g4; 2 QE1+, R×E1≠

1...; Sf3; 2 Sf2+, R×f2≠ ૧ •)

અહીં Direct-mate કોયડાની જેમ ધમકી અટકાવતા પાંચ બચાવ છે. કાળાના દરેક બચાવ પછી વિવિધરીતે સફેદ કાળાને મ્હાત કરવાની ફરજ પાડે છે. આ વિકલ્પોમાં સામસામી શેહવાળો (1..., Qf6+ થી શરૂ થતો) વિકલ્પ ઘણો જ સુંદર લાગે છે. K. S. Howardના આ સુંદર કોયડાને સ્પર્ધામાં પ્રથમ ઇનામ મળ્યું હતું.

સુધારો

માર્ચના અંકમાં આપેલા શતરંજના કોયડાની આકૃતિમાં c2 પર એક કાળું પ્યાદું હોવું જોઇએ.

અનુસંધાન] કલાવાર્તા [પૃષ્ઠ ૧૨૯થી
ખોજ એ આ ગ્રંથનો પ્રયાસ છે.

આ વું જ એક બીજું પ્રકાશન અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ઇન્સ્ટિટ્યુટ ઑવ ઇન્ડૉલૉજીએ પ્રકટ કર્યું છે. એના નામ More Documents of Jain Paintings and Gujarati Paintings of Sixteenth and Later Centuries પ્રમાણે એમાં જૈન ચિત્રકળા શૈલીનો પરિચય આપવા સાથે ઉત્તર મધ્યકાલીન ચિત્રકળા વિષે એના લેખક ઉમાકાન્ત પ્રે. શાહે એક પૂર્ણરંગી અને ૮૩ જેટલાં એકરંગી ચિત્રો આપવા સાથે વિશિષ્ટ અને માહિતીપ્રદ ચર્ચા કરી છે. એ સાથે ૧૨મી સદી પછીનાં કેટલાંક નવા પ્રાપ્ત થએલાં ચિત્રો પણ એમણે રજૂ કર્યાં છે. વળી આ ક્ષેત્રના અભ્યાસ માટે ઉપયોગી થઈ પડે એવી પ્રાપ્ત સામગ્રીની એક યાદી પણ એમણે આપી છે. ગુજરાતી ચિત્રકળાની લાક્ષણિકતા અને તેના વિકાસની અભ્યાસસામગ્રીમાં આ પ્રકાશન પણ એક મૂલ્યવાન પૂર્તિ કરે છે. (પૃ. ૨૮+૨+૩૮ પ્લેટ, પાકું પૂઠું, કિં. રૂા. ૭૬.)

કલાવાર્તા

ગુજરાતની પ્રાચીન ચિત્રકલાની નવપ્રાપ્ત સામગ્રી

પાંચમી સદીમાં પ્રવર્તેલા ભયંકર દુષ્કાળમાં સંખ્યાબંધ મુનિઓના અવસાનથી જૈન સાહિત્યની પરંપરામાં ઘણો મોટો અવરોધ આવી પડ્યો હતો. એનો સદંતર નાશ ન થાય એ માટે ઈ. ૪૫૩ના અરસામાં વલભી મુકામે જૈન સાહિત્યને લિપિબદ્ધ કરી લેવાનો નિર્ણય લેવાયો. એ પછી આ દિશામાં ક્યાં ક્યાં કેવો અને કેટલો વિકાસ થયો એની નિશ્ચિત માહિતી તો પ્રાપ્ત નથી, પણ સંભવ છે કે ત્યારથી જ્ઞાનભંડારોની સ્થાપના થઈ અને તેમાં જૈન ધર્મ અંગેનું વિવિધ પ્રકારનું હસ્તલિખિત સાહિત્ય સચવાતું-સંઘરાતું થયું.

ધીરેધીરે દસમી સદી સુધીમાં જૈન મુનિઓને અને જૈન સમાજને આ જ્ઞાનભંડારો–ગ્રંથસંગ્રહોનું શૈક્ષણિક મહત્ત્વ સમજાયું. શ્રેષ્ઠીઓ તથા ભાવુકોએ ધાર્મિક ગ્રંથોની નકલો કરાવીને મુનિઓને ભેટ આપવા માંડી અને મુનિઓ એ હસ્તલિખિત ગ્રંથોને વિધવિધ સ્થળે જ્ઞાનભંડારોમાં સંઘરતા ગયા. આવી સદ્પ્રવૃત્તિના ઉત્તેજનાર્થે અવારનવાર જ્ઞાનપૂજાઓ પણ યોજાતી અને આ રીતે એ અંગેનો રસ જાગ્રત રખાયો. સિદ્ધરાજ જયસિંહે ત્રણસો જેટલા લહિયાઓને રોકીને મહત્ત્વના ગ્રંથોની રાજ્યના ગ્રંથસંગ્રહ માટે નકલો કરાવેલી. કેટલાક ગ્રંથોની વધુ નકલો કરાવી એણે જ્ઞાનપ્રચારાર્થે વિધવિધ સ્થળે ભેટ રૂપે પણ મોકલી. કુમારપાલે પણ સાતસો જેટલા લહિયાઓ રાખેલા. કેટલાંક ઉચ્ચ મહત્ત્વનાં લખાણો તો એણે સુવર્ણાક્ષરે લખાવેલાં. એણે એકવીસ જેટલા જ્ઞાનભંડારો સ્થાપ્યાનું મનાય છે. વસ્તુપાલ-તેજપાલ જેવા મહાન મંત્રીઓ પણ આ પ્રણાલિને અનુસર્યા. લાખોના ખર્ચે એમણે ત્રણ મોટા ભંડાર સ્થાપેલા. મંડુગઢ(મંડપદુર્ગ)ના મંત્રી પેથડ શાહે પણ ઈ. ૧૨૬૩માં ભરૂચ, દેવગિરિ, મંડુ અને આબુ સહિત સાતેક સ્થળે મોટા ભંડાર સ્થાપ્યા હતા.

જો કે આ જ્ઞાનભંડારોમાં મુખ્યત્વે તો જૈન ધાર્મિકસાહિત્યનો જ સંગ્રહ થતો, પણ સંદર્ભ અને ટીકા માટે એમાં જૈનેતર કૃતિઓ પણ સંઘરાતી. આમ, ત્યાં મધ્યકાલીન ગુજરાત ને ભારતની સંસ્કૃતિના અભ્યાસની વિપુલ સામગ્રી એકઠી થએલી છે. ગુજરાતમાં પાટણ, ખંભાત, વડોદરા, અમદાવાદ, ઈડર, સૂરત, ચાણસ્મા, લીમડી, કચ્છ અને રાજસ્થાનમાં જેસલમેર, માળવા ને દિલ્હી-આગ્રા ને મધ્યપ્રદેશથી છેક કર્ણાટક સુધીના જ્ઞાનભંડારો જાણીતા છે. શ્વેતાંબર અને દિગંબર એમ બંને જૈન સંપ્રદાયોએ પોતપોતાના આગવા ગ્રંથસંગ્રહો એકઠા કર્યા છે. તાડપત્ર તેમજ કાગળ પર લખાએલા આ સંખ્યાબંધ ગ્રંથોના લેખવસ્તુ ઉપરાંત એની સાથે સંકળાએલી ચિત્ર ને શોભનસામગ્રીનું કલાભ્યાસની દૃષ્ટિએ પણ ઘણું જ મહત્ત્વ છે. જોકે આ સામગ્રી લાંબા સમય સુધી સંશોધકોને પ્રાપ્ય નહોતી.

પરંતુ આ સદીના આરંભમાં વિખ્યાત કલામર્મજ્ઞ ડૉ. આનંદકુમાર સ્વામી તથા ગ્લાસનૅપે ખાનગી સંગ્રહમાંથી આવી કેટલીક પ્રાચીન સામગ્રી પ્રાપ્ત કરી ને કુમારસ્વામીએ પશ્ચિમ ભારતીય જૈન ચિત્રોને પ્રકાશમાં આણીને (અને તેના અનુસંધાનમાં તેને વિશિષ્ટ ગુજરાતી કલાશૈલી તરીકે સ્થાપીને) ભારતીય કલાક્ષેત્રે એક નવા જ અભ્યાસક્ષેત્રનાં દ્વાર ખોલ્યાં. આ પછી નૉર્મન બ્રાઉન, એન. સી. મહેતા, મુનિશ્રી પુણ્યવિજયજી, અર્ધેન્દ્રકુમાર ગાંગુલી, અજિત ઘોષ, સારાભાઈ નવાબ, મંજુલાલ મજમુદાર, મોતીચન્દ્ર, પ્રમોદચન્દ્ર, ઉમાકાન્ત પ્રે. શાહ વગેરેએ આ દિશામાં અભ્યાસ વધારી ઘણી નવી માહિતી પ્રકટ કરી. આમ છતાં યે આવી સામગ્રીની અલભ્યતાને કારણે આરંભનો એ અભ્યાસ અધૂરો હતો. હજી યે આ ક્ષેત્રે નવાં સંશોધનોને ઘણો બહોળો અવકાશ છે. છતાં ધીરેધીરે પ્રકાશમાં આવતી જતી સામગ્રી પરથી ઈ. ૧૧૦૦ થી ૧૫૫૦ના અરસાની ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં મહત્ત્વનું ઉમેરણ શરૂ થયું. શરૂમાં

નવપ્રાપ્ત ઉપદેશમાલા

પ્રાચીન જૈન સાહિત્યની બોધક કથાઓમાં 'ઉપદેશમાલા' ઘણી લોકપ્રિય રહી છે. એમાં લગભગ ૫૪૧ જેટલી ગાથાઓ છે. ધર્મદાસગણિએ એ રચી છે. એક મત છે કે આ ગણિ સ્વયં ભગવાન મહાવીરનો એક શિષ્ય હતો, પણ ગાથાઓની પ્રાકૃત ભાષા તથા ઈ. પૂર્વે ૫૦ કે લગભગ ઈ. ૫૦ આસપાસના આર્યવજ્ર જેવા સાધુનો એમાં જે ઉલ્લેખ આવે છે તે પરથી લાગે છે કે એની રચના પાંચમી-છઠ્ઠી સદીમાં થઈ હશે. એ રચનાકાળ તો જે હોય તે, પણ શ્વેતાંબર જૈનોમાં આ રચનાઓ દીર્ઘકાળ સુધી લોકપ્રિય રહી છે એ ચોક્કસ છે. એની મૂળ રચના પરથી તેમજ પછીથી નવેસરથી પણ કેટલીક કૃતિઓ રચાઈ છે. એના પર લખાએલી ટીકાઓ—બાલાવબોધ—પરથી પણ જણાય છે કે ઉપદેશમાલા કેટલી પ્રસિદ્ધ રહી હશે. જયસિંહસુરીએ વિ. સં. આસરે ૯૧૫માં ૯૮ કાવ્યની 'ધર્મોપદેશમાલા' તથા એ અગાઉ મૂળ ઉપદેશમાલા પરની એની ટીકા અને સિદ્ધર્ષિની 'હેયોપદેશ' નામક ટીકા તથા ઈ. ૧૧૮૧માં ચંદ્રાવતીમાં રત્નપ્રભસુરીએ લખેલી 'દોઘટ્ટી ટીકા' વગેરે પણ આ માન્યતાને પુષ્ટિ આપે છે. બાલાવબોધની કેટલીક ગુજરાતી ટીપ્પણીઓ પણ લખાઈ છે.

તાજેતરમાં મુનિશ્રી પુણ્યવિજયજીએ અમદાવાદના દેવશાના પાડાના ભંડારમાંથી ઉપદેશમાલાનાં ૨૧૦ જેટલાં પૃષ્ઠ પ્રાપ્ત કરેલાં. લાલ શાહીમાં સાદાઈથી લખાએલી પણ સંખ્યાબંધ સુંદર ચિત્રોથી સજ્જ આ હસ્તપ્રત હાલના તબક્કે વિ. સં. ૧૭૬૫ (ઈ. ૧૭૦૦)માં સૂરતમાં તૈયાર થઈ હોવાનું મનાય છે. એનાં ચિત્રો નાના કદનાં પણ દરેક વાર્તાપ્રસંગના મુખ્ય મુદ્દાને રજૂ કરતાં હોવા છતાં એને સમજવા માટે જોનારને મૂળ આખી વાર્તાનો ખયાલ હોવો જરૂરી છે. કેટલાંક ચિત્રોમાં ચિત્રકારે મૂળ કથાવસ્તુને બહુ જ લાઘવથી એક બે કે ત્રણ કથાપ્રસંગોને સાંકળી લઇને, પણ એનો ક્રમ જાળવ્યા વિના ચીતરેલાં છે. એમાંનાં માનવ પાત્રો ટૂંકા કદનાં છે, પણ એમના ચહેરા સચોટતાથી આલેખાયા છે. પાત્રોની આંખો મોટી અને અણિયાળી તથા નાક તીણાં છે. એમના પોશાકમાં એમની જોધપુરી પાઘડી સિવાય ખાસ કંઈ અસામાન્યતા નથી. એનાં મોટા ભાગનાં ચિત્રોમાં દૃશ્યાલેખનનું પણ સવિશેષ મહત્ત્વ નથી, છતાં કેટલાંકમાં ચિત્રકારે દૃશ્યરચનામાં ઊંડી સમજ દર્શાવી છે. એમાં વહેતી નદી કે જળાશય, ટેકરીઓ, ઘેઘૂર વૃક્ષો વગેરેમાં મનહર વાસ્તવિકતા જોવા મળે છે. પક્ષી-પ્રાણીનું આલેખન પણ ઘણું વાસ્તવિક છે. ઉત્તરકાલીન મુઘલ શૈલી જેવી આ કલમ ને રાજસ્થાની ચિત્રો વચ્ચે એક મોટો તફાવત વરતાઈ આવે છે. મોટા ભાગનાં રાજસ્થાની ચિત્રો જડ લાગે છે જ્યારે આ ઉપદેશમાલાનાં પાત્રોમાં કથાપ્રસંગને અનુરૂપ એવી ગતિશીલ સજીવતા જોવા મળે છે. આ અંકના આરંભમાં આપેલાં આ કલમનાં બે પૂર્ણરંગી ચિત્રો પરથી એનો ખયાલ આવી શકશે. □

પ્રાપ્ય જૈન ગ્રંથચિત્રોની એકવાક્યતા જોતાં લાગતું કે એના ચિત્રકારોને એ ચિત્રણાથી વિશેષ કલાનો ખયાલ નહિ હોય. વળી પારંપરિક ચિત્રશૈલીમાં નવા પ્રયોગો કરતાં પણ તેઓ ખચકાતા હશે. પણ નવી નવી ચિત્રસામગ્રી પ્રાપ્ત થવા લાગતાં એ માન્યતાની અધૂરપ પણ સ્પષ્ટ થવા લાગી.

જૈન સાહિત્ય અને કલાની આવી અભ્યસનીય સામગ્રીનાં સંશોધન અને પ્રસારના સદુદ્દેશથી મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયે પોતાની સુવર્ણજયંતી નિમિત્તે વિધવિધ પ્રકાશનો કરવાની એક યોજના વિચારી. તદનુસાર ડૉ. મોતીચંદ્ર તથા ઉમાકાન્ત પ્રે. શાહે એકઠી કરેલી નવી મોટી ચિત્રસામગ્રી પરથી એમણે New Documents of Jain Paintings નામે અંગ્રેજીમાં જૈન—અને એ રીતે પશ્ચિમ ભારતીય—ચિત્રકલા અંગે એક અતીવ સુંદર અને અભ્યસનીય સચિત્ર ગ્રંથ પ્રકટ કર્યો છે. બત્રીસ પૂર્ણરંગી અને એકાણુ એકરંગી ચિત્રો સાથે પશ્ચિમ ભારતની જૈન ચિત્રકલા પર એક માહિતીપૂર્ણ વિસ્તૃત લેખ, અને જે ત્રીસ જેટલી નવપ્રાપ્ત હસ્તપ્રતોનો એમણે આ માટે ઉપયોગ કર્યો તે તથા તેમાંનાં ચિત્રો પર વિગતસભર અલગ નોંધ એમણે એમાં સમાવી છે. લગભગ ૧૧૪ પાનાંમાં વિસ્તારેલી આ લેખસામગ્રી તથા એની સાથે ઉદાહરણાર્થે મૂકેલાં ચિત્રો આ ગ્રંથની ૧૨૫/–રૂપિયા જેટલી કિંમત હોવા છતાં કલાના અભ્યાસીઓ માટે એ ઘણા મહત્ત્વનો બન્યો છે. જેનો રચનાકાળ અથવા રચનાસ્થળ જ્ઞાત હોય એવી જ સામગ્રીનો ઉપયોગ કર્યો હોઈ એના આધારે લેખકો આ ચિત્રશૈલીના વિકાસની પ્રમાણભૂત કડીઓ રજૂ કરી શક્યા છે. જે આ ગ્રંથ-પ્રકાશનનો એક મુખ્ય આશય પણ છે.

જૈન પ્રાચીન સાહિત્યમાં અતીવ મૂલ્યવાન એવી 'ઉપદેશમાલા'ની એક સચિત્ર પ્રત મુનિ શ્રી પુણ્યવિજયજીએ અમદાવાદના દેવશાના પાડામાંથી મેળવી હતી. એનાં ચિત્રો આ ગ્રંથમાં પહેલી જ વાર પ્રકટ થયાં છે. આ જ રીતે 'કલ્પસૂત્ર કાલકકથા'ની એક અજ્ઞાતપ્રતનાં ચિત્રો, અમદાવાદના લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિરના સંગ્રહના 'ચંદ્રપ્રભચરિત્ર', 'શત્રુંજય-માહાત્મ્ય', 'માધવાનલ કામકંદલાકથા', 'ચંદરાજાના રાસ' વગેરેનાં ચિત્રો પણ ચિત્રકલાના ઇતિહાસની મહામૂલી સામગ્રી પૂરી પાડે છે. આમાં ૧૪મા સૈકાના કાગળ પર ચીતરાએલા 'કલ્પસૂત્ર'ની પ્રાપ્તિનું ઘણું મહત્ત્વ છે. માતરમાં ચિતારા ગોવિંદે ચીતરેલાં સંગ્રહણીનાં ચિત્રો પણ ગુજરાતી ચિત્રકળાની વિકાસકથામાં મહત્ત્વની કડી ઉમેરે છે. આમ ૧૪–૧૫મા સૈકાની પશ્ચિમ ભારતીય ચિત્રશૈલી નવેસરથી અને વધુ ઊંડાણથી વિશ્વાસપૂર્વક વિચારી શકાય એવી સામગ્રીની ઉપલબ્ધિ કલાના અભ્યાસી સંશોધકોને એક નવું અને કંઈક વધુ વ્યાપક ક્ષેત્ર પૂરું પાડે છે.

લેખકોએ 'ઉપદેશમાલા'ની ચિત્રપ્રણાલિને 'સિરોહી શૈલી'નું નામ આપ્યું છે. સિરોહી એ ગુજરાત-રાજસ્થાનની સીમા પરનું સ્થાન હોઈ આ બંને પ્રદેશોની અસર એમાં જોઈ શકાય છે. પ્રાચીન ચંદ્રાવતીનો કલાવારસો સિરોહીમાં જળવાયો હોય એ સ્વાભાવિક છે. અઢારમી સદીનું સિરોહીનું એક જૈન વિજ્ઞપ્તિપત્ર આ શૈલીનું એક ઉદાહરણ હોઈ એ પરથી લેખકો આ આગવી ચિત્રશૈલીને એ સ્થળનું નામ આપવા પ્રેરાયા છે. આ શૈલી સમસ્ત ગુજરાતમાં—ખાસ કરીને સૂરતમાં પ્રચલિત હોવાના પુરાવા પણ લેખકે રજૂ કર્યા છે. 'ઉપદેશમાલા'ની શૈલીમાં રાગમાલાનાં પણ ઘણાં ગુજરાતી ચિત્રો ઉપલબ્ધ હોઈ આ શૈલીને 'સિરોહી શૈલી'ના આગવા નામે ઓળખાવી શકાય તેમ લેખકો જણાવે છે.

ઉપરાંત કચ્છમાં ચીતરાએલા એક કલ્પસૂત્રમાંથી પ્રાદેશિક પ્રભાવવાળી એક આગવી પેટાશૈલી પ્રકટ કરીને કચ્છની પ્રાચીન કલા-પ્રવૃત્તિના ઇતિહાસને ફંફોસવા તરફ પણ લેખકોએ આંગળી ચીંધી છે, વળી કાલિદાસના 'મેઘદૂત' તથા 'કુમાર સંભવ'ની સચિત્ર પ્રતો પ્રતિ પણ એમણે લક્ષ દોર્યું છે.


આમ રાજસ્થાનમાં બુંદી, કિસનગઢ વગેરેની કલાશૈલી વિકસી ત્યારે ગુજરાતની કલાએ કઈ દિશામાં કેવો વિકાસ–વળાંક સાધ્યો હતો એની

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૪ પર)

શિશુમિલાપની સુંદર ભેટ

વિશ્વસંસ્થા 'યુનેસ્કો'એ ગયું વર્ષ 'શિશુવર્ષ' તરીકે ઊજવ્યું, એ નિમિત્તે લોકમિલાપ ટ્રસ્ટે ગઈ ગાંધીજયંતીના રોજ બાલભોગ્ય વાર્તાઓની પાંચ સુંદર બહુરંગી પુસ્તિકાઓ–'શિશુમિલાપ: સંપુટ પહેલો' પ્રકટ કરીને આપણા બાલ સાહિત્યમાં એક સુંદર ઉમેરણ કર્યું છે. મૂળ અંગ્રેજી પરથી અનુવાદિત કરેલી ને પૂર્ણરંગી ચિત્રોથી સજાવેલી અને રૂપકડી રજૂઆત તથા બાલભોગ્ય સરળ ભાષા-વિચારને કારણે પ્રશસ્ય ને આવકાર્ય બનેલી આ પુસ્તિકાઓ છે: (૧) **જોઉં, વિચારું, ગાઉં છું**: સૂરજમુખી ફૂલ જેવો ઊગતો સૂરજ, કલીગરની ચીર જેવો ચાંદો, વરસાદ ઝીલતું છત્રી જેવું ઝાડ કે દાંતિયા જેવી કાકાની મૂછ વગેરે જેવી મનોરંજક સરખામણીનાં જોડકણાં. લે. દીપક માનકર, અનુ. સુરેશ દલાલ, ચિત્રકાર: સનત સૂરતી. પૃ. ૧૬. (૨) **મને મોજ કરવાના ભાવ જાગે**: પોતાના રૂપ પર લટ્ટુ થઈ એદી બની ગએલા મોરને પરિશ્રમનો પાઠ ભણાવતા કૂકડાની બોધક કથા. લેખક: મોહિની બક્ષી, ચિત્રકાર: જગદીશ જોશી. પૃ. ૧૨; (૩) **ગોલુ**: જંગલનાં હિંસક પ્રાણીઓને મૂર્ખ બનાવી પોતાની જાતનું રક્ષણ કરી લેતા ટીણિયામિણિયા સસલાની મનોરંજક કથા. લે. મોહિની બક્ષી, ચિત્રકાર: અમેના જયાલ, પૃ. ૧૨; (૪) **વાંદરો અને આંબો**: પોતાને મનપસંદ એવી સ્વાદિષ્ટ કેરીઓને માણસને હાથ જતી બચાવવાની એક વાંદરા તથા એના મિત્ર લક્કડખોદની યુક્તિની રમૂજભરી ચાતુરીની કથા (પૃ. ૧૬) અને (૫) **લુચ્ચું શિયાળ**: વેશપલટો કરી વાઘનાં બચ્ચાંનો ખોરાક ખાઈ જતા એક લુચ્ચા શિયાળના મિથ્યાભિમાનના કરુણ ફેજની રમૂજી કથા (પૃ. ૨૦). બંનેના લેખક તથા ચિત્રકાર: ચમેલી અને રામચંદ્રન.

આરંભથી અંત સુધી દરેક પાને સરળ સુંદર ચિત્રો અને મોટા અક્ષરોમાં છપાએલી આ દરેક બાલવાર્તાઓની કિં. રૂ. ૨. પ્રકાશક: લોકમિલાપ ટ્રસ્ટ, ૧૫૬૫ સરદારનગર, ભાવનગર-૧.



'લુચ્ચું શિયાળ' વાર્તાનાં બે સચિત્ર પૃષ્ઠ

લેખક · મુકુન્દરાય પારાશર્ય

જૂના જમાનાની મોટપ

વર્ણવતાં કેટલાંક પ્રેરક પ્રસંગચિત્રો

જામનગરના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ મહાત્મા ઝંડુ ભટ્ટજી (ઈ. સ. ૧૮૩૧-૧૮૯૮)ની સાથે સંકળાએલી બહારવટિયાની આ વાત છે. વૈદ્ય તરીકેની અને તેમના મહાત્મા જેવા સ્વભાવની એ જેમ સુવાસ દર્શાવે છે તેમ તે કાળના બહારવટિયાના સ્વભાવની ખાનદાની પણ દર્શાવે છે.

ઝંડુ ભટ્ટજી જુવાનીમાં જ વૈદ્ય તરીકે નામાંકિત થતા જતા'તા. તે વરસોમાં એક સાંજે જામનગરથી પચીશત્રીશ માઈલ દૂર આવેલા કોઈ ગામથી એક ઘોડેસવાર ઝંડુ ભટ્ટજીને દરદીને જોવા તેડી જવા આવ્યો. તરત તેની સાથે ઝંડુ ભટ્ટજી ઘોડે ચડી નીકળ્યા. આખા કાઠિયાવાડમાં એ દિવસોમાં બહારવટિયાનો ભય રહેતો. પોલીસપલટન પણ સામાન્ય રીતે રાતના ન નીકળતી. પણ દરદીની ખેવના રાખનાર ઝંડુ ભટ્ટજી ઈશ્વરને આધારે નીકળી પડતા. ઉજ્જડ રસ્તે એ જતા'તા, ત્યાં ઝાડીમાંથી આઠ-દસ માણસોએ આડા ઊતરી તેમને પડકાર્યા. સાથેના ઘોડેસવારે તલવાર ખેંચી. તેને રોકતાં ને પોતે ઘોડા ઉપરથી ઊતરતાં ઝંડુ ભટ્ટજીએ કહ્યું: 'આ કોઈ આપણા શત્રુ નથી. એ આપણા જેવા જ છે. બોલો, ભાઈ, અમને શા માટે રોકો છો? હું જામનગરનો વૈદ્ય છું. મારું નામ ઝંડુ ભટ્ટ. અમુક ગામે દરદી બહુ માંદો છે. એ ભલા માણસ છે. એની તબિયત જોવા રાતવરતનું જવું પડે છે.'

બહારવટિયા લૂટવા માગતા'તા. ઝંડુ ભટ્ટજીએ કહ્યું કે 'મારી પાસે ફૂટી કોડી યે નથી, ઓસડ છે. મને અત્યારે ન રોકો. મને મારી નાખશો તો યે કંઈ પામશો નહિ. પણ હું પાછો વળું ત્યારે તમારામાંથી એક જણ મારી હારે આવજો. તો હું સવા સો કોરી અપાવીશ.' એ લોકોમાંથી કોઈ ઝંડુ ભટ્ટજીને ઓળખતા ન હતા. કોઈએ વૈદ્યને એકને જવા દેવા ને વૈદ્યની સાથે ગએલો પોતાનો માણસ કોરીઓ લઈ ન આવે ત્યાં સુધી વૈદ્યની સાથેના સવારને બાનમાં પકડી રાખવા કહ્યું ત્યારે ઝંડુ ભટ્ટજીએ કહ્યું કે 'ભોમિયા વગર હું કયે ગામ જઉં ને કોને જોવા જઉં? લાગે છે કે તમે મને ઓળખતા નથી, નહિ તો રોકો નહિ. ઈશ્વરની સાક્ષીએ જણાવું છું કે હું તમારા સાથીને નગરમાં પકડાવીશ નહિ. નાત, જાત, ગામ, કંઈ જાણવાની તજવીજ નહિ કરું ને મારા ભાઈની પેઠે જાળવી કોરીઓ આપી હેમખેમ પાછો મોકલીશ. મને રોકો નહિ. દરદી પીડાતો હશે માટે ઝટ જવા દો. એમાં ભગવાન તમારા પર રાજી રહેશે.' બહારવટિયાઓએ તેમને સાથી સાથે જવા દીધા. વળતાં એ જગ્યાએ કોઈ ન હતું, પણ બએક ગાઉ ગયા પછી એક જણ સાથે થઈ ગયો. ઓળખાણ આપી. ઝંડુ ભટ્ટજી એને પોતાને ત્યાં લઈ ગયા. દિવસ ઊગ્યે વૈદ્યરાજ બાવાભાઈ અચળજી પાસેથી સવા સો કોરી ઉછીની મંગાવી બહારવટિયાને આપી, જમાડી રવાના કર્યો.

વળતે દિ' સવારમાં ઝંડુ ભટ્ટજી પૂજામાંથી ઊઠયા ત્યારે અજાણ્યા ત્રણ માણસો આવી ભટ્ટજીને એકાંતમાં મળ્યા. તેમાંના વૃદ્ધે સવાસો કોરી ઝંડુ ભટ્ટજીના પગમાં મૂકી કહ્યું કે, 'બાપા, મારો છોકરો તમને ઓળખતો ન હતો. હજી બાળકબુદ્ધિ છે. ખોટે રવાડે ચડયો છે. અમારો દિ' બેઠો છે. તમને લૂટી પાપ કર્યું છે. અલ્યા લાગ પગે.' કહી સાથેના જુવાન પાસે ભટ્ટજીના પગમાં માથું મુકાવ્યું.

ભટ્ટજીએ કહ્યું: 'લૂટફાટનો ધંધો ખરાબ એ સાચું; પણ મને એનું ખોટું નથી લાગ્યું. દરદી પાસે હું ટાણે પહોંચી શકું માટે મને જવા દીધો એ વાત જ મને બહુ ગમી છે. મને ત્યારે લાગ્યું કે એના હૈયામાં ભગવાન બેઠા છે. બીજાને દુઃખ ન થાય એવું જોવાની જેને ટેવ હોય તેની સંભાળ ભગવાન રાખે છે. સુખી થાવ.'

ઈ. સ. ૧૮૬૪માં ભારતમાં સર્વ પ્રથમ દેશી દવા જથ્થાબંધ બનાવવા ઝંડુ ભટ્ટજીએ જામનગર શહેરની બહાર પોતાની વાડીમાં રસશાળા બનાવેલી. પોતે ઘણુંખરું એ વાડીમાં રહેતા ને ઔષધનિર્માણ પર ધ્યાન રાખતા. ત્યાં તેમણે શહેરના યુવાનોનાં શરીર કસરત વડે સુદઢ થાય એ માટે અખાડો તૈયાર કરાવેલો અને તેમાં તાલીમ આપનાર કુશળ મલ્લની ગોઠવણ કરેલી. એ અખાડામાં ઝંડુ ભટ્ટજીના કુટુમ્બી યુવાનો પણ તાલીમ લેતા. ઝંડુ ભટ્ટજીના નાના ભાઈ રસેશ્વર મણિશંકરે રાજકોટમાં દવાશાળા ખોલેલી. એ મણિશંકરના બંને પુત્રો અખાડામાં તાલીમ લેતા. તેમાં મોટા પુત્ર ત્ર્યંબકલાલ (ઈ. સ. ૧૮૬૨-૧૯૩૭) ઘણા દેખાવડા, ઊંચા ને કદાવર બાંધાના હતા. તે વધુ તાલીમ લેતા.

એ વખતમાં જામનગર રાજ્ય સામે સાગરીતો સાથે મોર સંઘવાણી નામે માણસ બહારવટે નીકળેલો. એની રંજાડ જામનગર રાજ્ય ઉપરાંત બીજાં રાજ્યોમાં પણ હતી. ત્ર્યંબકલાલ શરીરે પહેલવાન અને કુસ્તીમાં બીજાને જોતજોતાંમાં હરાવી દેતા તેથી પોતાની તાકાત વિષે ગૌરવ અનુભવતા. મોર સંઘવાણીની રંજાડ વધતી જતી'તી. એ દિવસોમાં ત્ર્યંબકલાલ અખાડામાં કછોટો મારી ઊતરે ત્યારે સાથળે હાથથી મોટા થાપા મારી બોલે કે મારી સામે મોર સંઘવાણી આવે તો એને ય પછાડી દઉં. એવું એ વારંવાર બોલતા.

થોડા દિવસ પછી એને પોતાના કુટુમ્બ સાથે જામનગરથી રાજકોટ જવાનું થયું. જામનગરથી રાજકોટ ત્યારે રેલવે નંખાઈ ન હતી. (એ ઈ. ૧૮૯૭માં થઈ.) સગરામ અગર ગાડામાં જવાતું. ત્ર્યંબકલાલ સાથે ગાડામાં તેનાં વહુ ઉપરાંત બીજી બે સ્ત્રીઓ પણ હતી.* સાથે બંદૂકધારી બે પસાયતા હતા. સાંજને ટાણે ગાડું પડધરીની સીમમાં આજી નદિ ઊતરતું'તું ત્યાં બુકાની બાંધેલા બંદૂકધારી આઠદશ માણસોએ તેને ઘેરી લીધા, ને ગાડું ઊભું રખાવી પસાયતા પાસેથી બંદૂકો ઝૂંટવી લઈ, બધાંને ગાડાની બહાર નીકળી માલમત્તા સોંપી દેવા કહ્યું. ત્ર્યંબકલાલ ઊતર્યા. તેને બહારવટિયાએ કહ્યું કે બૈરાંઓ બધાં ઘરેણાંગાંઠાં કાઢી આપે ને તું તારી પાઘડી ઉતારી દે. ત્ર્યંબકલાલે પાઘડી ઉતારી બહારવટિયાને દેતી વખતે ત્ર્યંબકલાલનાં વહુએ નાકની ચૂંક સુવાસણનું ચિહ્ન કહેવાય માટે તે રે'વા દેવા બહારટિયાને વિનંતી કરી. પણ બહારવટિયાએ કહ્યું કે બીજી બાઈઓ ભલે ચૂંક રાખે, પણ તમે કાઢી દો. જેનું એ ઘરેણું છે એ તમારી હારે હોવા છતાં ન હોવા જેવા છે. બધું ઝૂંટવી લીધા પછી બહારવટિયાએ કહ્યું કે 'અખાડામાં સાથળે થાપા ઠોકી બહારવટિયાને હરાવી દેવાની બડાઈ કયાં ગઈ? આપું મારી તલવાર તમારા હાથમાં, અને હું એમ ને એમ સામો આવું. જોવી છે તાકાત?' ત્ર્યંબકલાલ હાથ જોડી ગયા. બહારવટિયાઓએ તેમને જવા દીધા. ફરી ગાડું જોતરી એ લોકો પડધરી જઈ રાત રહ્યા. લૂંટાયાના ખબર બીજા દિવસની સવાર પડયા સિવાય રાજકોટ કે જામનગર મોકલી શકાય તેમ ન હતું.

વળતે દિવસે સવારે મોંસૂઝણું થતાં પહેલાં પોતાની વાડીએ નાહીને ઝંડુ ભટ્ટજી પૂજામાં બેસવા જતા'તા ત્યાં માણસે આવી જણાવ્યું કે કોઈ

* તેમાં એક તો કલાપીના ગુરુ પ્રભુલાલ પ્રભાશંકરના મોટા ભાઈ ઉમિયાશંકરનાં વહુ સાથે હતાં.

અજાણ્યો માણસ ત્રંબકલાલભાઈના સમાચાર દેવા તાબડતોબ આવ્યો છે. બહારવટિયાનો ભય રહેતો જ. ઝંડુ ભટ્ટજી તરત મળવા આવ્યા. આવનાર માણસે ઓરડામાં એકલા મળવા માગણી કરી. ઝંડુ ભટ્ટજી એ રીતે મળ્યા. આવનાર માણસે ભટ્ટજીના પગમાં પડી નીચે બેસી પછેડી છોડતાં કહ્યું કે, 'બાપા ત્રંબકલાલભાઈ ને વહુ હેમખેમ પડધરી પહોંચી ગયાં છે, ને આજે રાજકોટ જશે; પણ આ એની પાઘડી, ઘરેણાંની પેટી ને છૂટાં ઘરેણાં છે તે સંભાળી લો. મારું નામ મોર સંઘવાણી, તમારા કુટુંબનું કે સગાંવા'લાં કોઈનું મેં કદી કાંઈ બગાડયું નથી. બૂરું ઇચ્છયું નથી. ઊલટાનો, તમે દેવ જેવા છો એટલે તમારા મે'માનને સાચવીને જવા દઉં છું. પણ આ ત્રંબકલાલભાઈ રોજ અખાડામાં મને હરાવી દેવાની બડાઈ હાંકતા'તા એટલે એની બહાદુરી જોવા હું પડધરી પાસે સામોસામ આવ્યો. મારી જાત હલકી કે'વાય. ગમે તેવાં કાળાં કામ કરતાં પાછા ન પડીએ. ત્રંબકલાલભાઈ તમારો દીકરો એટલે જવા દીધા. એને કે'જો કે નાહક મારું નામ દઈ મને નો વતાવે. લ્યો બાપ, ઘરેણાં જોઈ, ગણી લો; ને ત્રંબકલાલભાઈનાં વહુને આ નાકનું ઘરેણું દઈ કે'જો કે ધણી નાકના ઘરેણા જેવો થઈને રહે તો નાકે ઘરેણું શોભે.' આટલું કહી ભટ્ટજીને પગે લાગી મોર સંઘવાણીએ ચાલતી પકડી. ભટ્ટજીએ ખાવાનું સાથે લેતા જવા કહ્યું, પણ તે હાથ જોડી, લીધા વગર ગયો.

ઈ. સ. ૧૮૬૨માં ઠાકોર તોગાજી કોટડા-સાંગાણીની ગાદીએ આવ્યા. એથી નાના કુમાર મૂળૂજીને પીપળિયામાં, ને તેથી નાના કુમાર ખેંગારજીને ભગદડિયામાં ગરાસ મળેલા. ઠાકોર તોગાજી ઈ. સ. ૧૮૭૯માં અવસાન પામ્યા. એમના અમલ દરમિયાનની આ વાત છે. એ સમય એવો હતો કે આખા કાઠિયાવાડમાં બહારવટિયાનો ત્રાસ હતો. એને જેર કરવા કોઠી સરકાર રાજ્યોને મદદ કરતી. બહારવટિયા મરાતા છતાં નવાનવા નીકળતા હતા. એ સમયમાં અરડોઈ ગામ ગોંડલના કબજામાં ગણવું કે કોટડા સાંગાણીના, એ બાબતના ઝગડાનો નિર્ણય કોઠી સરકારે હજી લીધો ન હતો. નિર્ણય ન આવે ત્યાં સુધી અરડોઈ પર ગોંડલની હકૂમત હતી. એટલે અરડોઈની હદમાંથી સામાન્ય રાહદારીથી જવાય-અવાય પણ ફોજની હરફર ગોંડલ રાજ્યની મંજૂરી વગર ન થઈ શકે. એ સ્થિતિનો લાભ બહારવટિયા લેતા.

પીપળિયા ગામ નાનું. મૂળૂજી ત્યાં રે'તા. ગામમાં બે નાના વેપારી ખરા. ઘણીખરી વસ્તી ખેડૂની. ગામને ફરતી હાથલા થૉરની ઘાટી, પહોળી ઊંચી વાડ. ગામને ડેલા જેવો મજબૂત ઝાંપો. રાતે ઝાંપો બંધ કરી આડાં ગાડાં દેવાતાં. ઘણાંખરાં ગામોમાં એ જ ધોરણ હતું.

એ ગામમાં આધેડ વયનો એક આયર હતો. એના જીવનની વધુ વિગતો તો નથી મળી, પણ મને તો એના નામની યે ખબર નથી. (સાંભળ્યું હશે પણ મારાથી નોંધાયું નથી ને આજે યાદ પણ નથી.) જુવાનીમાં એ જામનગરની ફોજમાં સૈનિક તરીકે જોડાએલો, પણ થોડા જ વખતે લડાઈમાં ઘાયલ થવાથી લંગડો થઈ જવાના કારણે નોકરીમાંથી બાતલ થએલો, તેથી પાછો પીપળિયે આવી માબાપ સાથે રે'તો. એને સ્ત્રી કે સંતાન ન હતું. એક ઝૂંપડીમાં રે'તો. સીમમાં નાનું ખેતર હતું. તે પોતે અપંગ હોવાથી દઈ-ખેડાવતો. મળતાવડા સ્વભાવનો પણ નહિ,–ઘણો ઓછાબોલો હતો. ખેતરમાં રાડાંની ઝૂંપડી કરી ઘણુંખરું ત્યાં રે'તો. ગામથી જે દિશામાં ખેતર હતું એ દિશાની ગામની વાડમાં તેણે સર્પાકાર એવું છીંડુ કરેલું કે એમાંથી કૂતરું યે નીકળી ન શકે, પણ રાતવરતનો ક્યારેક એ તેમાંથી સૂઇને જતોઆવતો. વાડ જોનારને છીંડુ હોવાનો સંભવ ન લાગે એવું એ હતું. ગરાસદાર મૂળૂજીએ કે ગામલોકે એનો કેમ વાંધો નહિ લીધો હોય તેની ખબર નથી.

એક વાર મૂળૂજી પોતાના કુટુંબપરિવાર અને સવારો સાથે કોઈ કારણસર કોટડા-સાંગણી ગએલા. પાછળથી એક દિવસ સાયંકાળ પછી બંદૂકના બાર કરતા બહારવટિયા એ ગામ પર ત્રાટકયા. જેને રખોપું સોંપેલું તે પોલીસ-પટેલ માંદો પડી ગએલો, તે ગોળીબારના અવાજ સાંભળી ધ્રૂજવા લાગ્યો. થોડા ગામલોક સાથે લંગડાતો આયર પણ પોલીસ પાસે પહોંચ્યો. તેને ધ્રૂજતો જોઈ તેની પાસેથી બંદૂક વગેરે સાધનો પડાવી લઈ આયરે પોલીસ-પટેલને કોઈ ખેડૂને ત્યાં કડબ નીચે સૂઈ રહેવા કહ્યું અને ઉમેર્યું કે હું ગામબારો જઈ બધું સંભાળી લઈશ. તમે અંદરથી બાર ન કરશો, સામનો ન કરશો. બહારવટિયા, ન કરે નારાયણ ને અંદર ધૂસી આવે તો માગે તે દઈ દેજો પણ બહાર બંદૂકવાળો કોણ છે કે કેટલા છે તે ન કે'શો.

એ બંદૂક લઈ પેલા છીંડા વાટે બહાર નીકળી; દૂર એક ખાડામાં જઈ, જે બાજુ બહારવટિયા વાડ કાપતા હતા તે પર તેણે ઉપરાઉપરી ગોળીબાર કર્યા. સામા ગોળીબાર કરતા બહારવટિયા ભાગ્યા; પણ પછી પોતા પર કોઈ ગોળી આવતી ન જોઈ બહારવટિયા ફરી ગામ પાસે આવી વાડે પહોંચ્યા. ફરી તેમના પર ગોળીબાર થયા. અંતે બહારવટિયાઓ ભાગ્યા. થોડી વારે બંને બાજુથી અવાજ બંધ થયા, છતાં ગામલોકની આખી રાત ફફડાટમાં ગઈ.

રાતને પાછલે પહોરે લંગડો આયર પોલીસ-પટેલને તેની બંદૂક દેવા ગયો ત્યારે તે હજી આવ્યો ન હતો. એને ઘેર બંદૂક સોંપી આયર પોતાની ઝૂંપડીએ ગયો. સવારે ગામના માણસોએ જોયું તો ગામની વાડે બહારવટિયાનાં છસાત મડદાં પડેલાં હતાં. એકનું માથું ન હતું, સંભવ છે કે બહારવટિયા તે વાઢી લઈ ગયા હોય. ગામલોક આયર પાસે જઈ, કોઈ તો પગે લાગી, વખાણ કરવા લાગ્યા ત્યારે તેણે કહ્યું કે 'મેં શું કરી નાખ્યું છે? જાણતો હોઉં ને કરી શકું તેમ હોઉં ઈ તો મારે કરવું જોઇએ ને?' કહી તે પોતાને ખેતર ચાલ્યો ગયો.

દિવસ ચડયે કોટડેથી ઠાકોર તોગાજી તથા ગામગરાસદાર મૂળૂજી, ફોજના થોડા માણસોને લઈ મારતે ઘોડે આવ્યા. ગામલોક પાસેથી વાત સાંભળી ખૂબ રાજી થયા, ને જાતે આયરના ખેતરે જઈ વાંસો થાબડયો. પોતે ઇનામ દેવાનો નિર્ણય કર્યો છે એમ કહી ઠાકોરે આયરને કોટડે આવી રહેવા કહ્યું, પોતે ત્યાં જમીનખોરડું આપશે, તેમ પણ કહ્યું. પણ લંગડા આયરે કહ્યું: 'ઈમાં શું ઈનામ? માણસ છું ને જાણું છું ઈ કરી છૂટયો. કરવું જ જોઈએ ને? વળી, આ ભોંમાં મારો જનમ, આંહી આવડો થ્યો; હવે આંહીં જ ઠીક છે.'

એણે ન ઈનામ લીધું, ન ગામ છોડયું. જીવતો'તો એમ જ જીવ્યો. બેશક, ગામલોકનો આદર તેના તરફ ત્યારથી વધેલો. પણ તેનો લાભ લેવા એણે ના જ કહી. રાજકોટ કોઠીના દફતરે એની હકીકત નોંધાએલી. એ દફતર સ્વતંત્ર ભારતે જાળવ્યું હોય ને તેને ઉકેલવાની કોઈની દાનત થાય તો જીવના જોખમે આપમેળે જવાબદારી ઉપાડી કામ કરનાર આ આયર જેવાનું બીજું યે ઘણું જાણવા મળે. મારા દાદા કાનજી હરિરામ કોટડા-સાંગાણીમાં ઈ. સ. ૧૮૭૮થી રાજવૈદ્ય હતા અને મોટીબાને કંઠે આવા ઘણા જીવતા માણસોની વાતો હતી. એ લાંબું જીવ્યાં. તેમની પાસેથી અનાયાસે સાંભળી મેં નોંધ ટપકાવેલી. છતાં એ આયરના નામની મને યે ખબર નથી, ત્યાં બીજા કોઈ આવા વિષય માટે યત્ન કરે એમ કહેવાનો મારો અધિકાર નથી. માત્ર દિશાસૂચન છે. □

અંગ્રેજી સાહિત્યનું આચમન

—ખંડ ૫મો · પ્રકરણ ૪થું મહાકવિ મિલ્ટન—

આરંભકાળનાં કાવ્યો

વિદ્યાભ્યાસના સમયથી જ મિલ્ટને મહાન કવિ થવાનું સ્વપ્ન સેવ્યું હતું અને એ સ્વપ્ન સાકાર કરવા માટે નિષ્ઠાપૂર્વક, સતત અને સખત પરિશ્રમ તેણે કરવા માંડયો હતો. ટૉમસ યન્ગ નામના એક પ્રેસ્બિટેરિયન શિક્ષક પાસેથી તેણે ગ્રીક, લૅટિન ને હિબ્રૂ ભાષાની મનભર તાલીમ લીધી હતી. અંગ્રેજી સાહિત્યમાં પોતે ચિરંજીવી કૃતિ મૂકી જવાનો છે એવી દૃઢ પ્રતીતિ તો તેને હતી જ, અને એ માટે તેણે સજ્જતા પણ પ્રાપ્ત કરી લીધી હતી. એ કેમ્બ્રિજની ક્રાઇસ્ટ કૉલેજમાં જોડાયો ત્યારે જ કવિતાને ચરણે જીવન સમર્પિત કરવાનો નિર્ધાર તેણે કરી લીધો હતો અને કેમ્બ્રિજકાળ દરમ્યાન એણે કવિ તરીકેની કારકિર્દીનો આરંભ લૅટિન ભાષામાં કવિતા રચીને કરી દીધો હતો.

લૅટિન ભાષામાં કાવ્યરચના કરી તે સાથે તેણે ઈ. ૧૬૨૮માં પોતાની વીસ વર્ષની ઉમરે સર્વપ્રથમ અંગ્રેજી કાવ્યકૃતિ, 'ઓડ ઑન ધ ડેથ ઑવ અ ફેર ઈન્ફન્ટ' પ્રકટ કરી. એ કાવ્ય અલબત્ત મનોયત્ન જેવું છે, સ્પેન્સરની રીતિનો રણકો પણ તેમાં સંભળાય છે, રચના સુગ્રથિત નથી, તેમ છતાં તેણે રચેલી તરંગમાળા અને શિષ્ટ પદાવલિ તેના અંતરમાં પડેલા કવિચેતનાના સ્ફુલિંગનો નિર્દેશ કરી જાય છે. કાવ્યનો વિષય તેની ભાણેજના મૃત્યુ અંગેનો છે. સુમધુર બાલિકાનું મૃત્યુ તરુણ કવિના ચિત્તમાં તરંગલીલા પ્રેરે છે: એ બાલિકા મૃત્યુ પામી શકે નહિ; કોઈક ઊંચા આનંદવર્તુલમાં તે વિદાય લઈ ગઈ છે; કદાચ આકાશમાંથી પૃથ્વી પર ખરેલી એ તારલી તો નહિ હોય? ફરી પાછી દેવતાઓએ તેને ત્યાં સ્થાપિત કરી હશે?...કાવ્યના અંતમાં મૃતબાળકીની માતાને દિલાસો છે: તેં ભગવાનને કેવી ઉમદા ભેટ ધરી તેનો વિચાર તો કર! એ તને બીજું એવું ફૂલ આપશે કે જેની કીર્તિ તારા નામને અમર કરી જશે.

ઇસુજન્મ વિષેનું કાવ્ય

મિલ્ટને ઊગતી કારકિર્દીમાં કાચીપાકી કાવ્ય રચનાઓ ઠીક રચી, પણ તેના યુવાકાળમાં જ રચાએલી 'ઑન ધ મૉર્નિંગ ઑવ ક્રાઇસ્ટ્સ નેટિવિટી' (ઈ.૧૬૨૯) તેને યશ આપે તેવી કૃતિ છે. આ કાવ્યમાં મિલ્ટને ઇસુનો જન્મોત્સવ નિરૂપ્યો છે. તેની ઉત્કટ ધાર્મિકતા તેમાં વરતાય છે. અલબત્ત એ યુગમાં આ યુવાન કવિને સહેજે મોહવશ કરી મૂકનારી ડનની અધ્યાત્મવાદી (metaphisical) રીતિનો અણસારો પણ આ કાવ્યમાં નથી. શિયાળાની હિમ વરસતી ઋતુમાં ઇસુનો જન્મ થયો છે તેને લક્ષ કરીને કવિ ચિત્ર નિરૂપે છે: ઇશ્વર રખે પોતાની વિકૃતિ પરખી જાય એ બીકે પૃથ્વી પોતાના મુખને હિમના આવરણથી ઢાંકી દે છે. આ વર્ણનમાં મિલ્ટન રૂઢ પરંપરાને અનુસર્યો છે, પણ એ પછી તરત જ મનહર ગતિશીલ ચિત્રાલેખનમાં, પ્રતીકોના આયોજનમાં અને ખાસ તો કાવ્યબાનીમાં એની મૌલિકતા ઝળહળી ઊઠે છે. દિવ્ય બાળકે અસુરોને અને વહેમોને કેવા છિન્નભિન્ન કરી નાખ્યા તે કાવ્યનું મુખ્ય વસ્તુ છે. ઇસુના જન્મનો ઉલ્લાસ આરંભની પંક્તિમાં કવિ વર્ણવી દે છે:

This is the month, and this the happy morn.

અને કવિનાં કલ્પનો વિકસતાં જાય છે. હિમભર્યા શિયાળામાં દિવ્ય બાળકનું પૃથ્વી પર અવતરણ થયું છે. ચીંથરાંગાભામાં એનો દેહ ઢંકાએલો છે. પ્રકૃતિએ એ બાળકની અદબ જાળવવા માટે પોતાના પ્રેમી સૂર્ય સાથે સંવનન કરવાનું પણ મુલતવી રાખ્યું છે. રાત્રી નીરવ છે. પૃથ્વી પર પ્રકાશ અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા ઇસુનું આગમન થયું છે.

But peaceful was the night
Wherein the prince of light
His reign of peace upon the earth began.

મંદ વહેતી પવનની લહરો સાગરના જળ પર ઝૂકીને આનંદની કથા શાંત સાગરના કાનમાં સંભળાવી રહી છે. ભરવાડો એમનાં ટોળાં જમાવીને ગોઠડીમાં મસ્ત બની બેઠા છે. એમના કાનમાં ધીરે ધીરે ઇસુના અવતરણનો કલશોર પ્રસરે છે, ઇસુની આસપાસ ઉચ્ચાવચતાના ક્રમ પ્રમાણે દેવદૂતો આસન જમાવીને બેઠા છે તે દૃશ્ય ભરવાડો જુએ છે. વાતાવરણમાં મૃદુ પ્રેરક સંગીત પ્રસરે છે.... મિલ્ટને આ સમગ્ર વર્ણનમાં અર્થ અને ધ્વનિનું એવું અદ્ભુત સંયોજન કર્યું છે કે અંગ્રેજી સાહિત્યના વિવેચકો તેની બાની પર વારી ગયા છે.

ઇસુનો જન્મ આ યુવાન કવિના ચિત્તમાં મધુર કલ્પના પ્રેરે છે. સુવર્ણયુગ પાછો આવી રહ્યાનું રમણીય ચિત્ર તે આલેખે છે: મિથ્યાડંબરો હવે વિનાશ પામશે અને પેલું રક્તપિત્તિયું પાપ પૃથ્વી પરથી ઓગળીને અલોપ થઈ જશે, અરે નર્ક પોતે જ નાશ પામી જશે. હા, અને હવે ફરી સત્ય અને ન્યાયની માનવસમાજમાં પુનઃસ્થાપના થશે, અને દિવ્ય વસ્ત્રોથી વિભૂષિત દયા તેમની વચમાં રાણીની જેમ વિરાજશે, અને સ્વર્ગમાં મહોત્સવ સમયે તેનાં વિશાળ દ્વાર ઊઘડી જાય છે તેમ હવે દ્વાર ઊઘડી જશે... મિલ્ટન જાણે બળપૂર્વક આ તરંગલીલાને આગળ વધતી અટકાવે છે અને કુશળતાપૂર્વક જૂના યુગના અસ્તનું અને નવા યુગના ઉદયનું પ્રતીકો દ્વારા નિદર્શન કરે છે. ફિરસ્તાઓ પોતપોતાના પદક્રમે બાળ ઇસુને પારણામાં ઝુલાવીને પોઢાડે છે તેવા મંગલ મધુર ચિત્રથી કાવ્ય વિરામ પામે છે. મિલ્ટને આ કાવ્યમાં ફિરસ્તાઓનો પદક્રમ, દરબારની વ્યવસ્થિત પ્રણાલિકા, એ સર્વનું ચિત્ર સમુચિત પદાવલીમાં પ્રયોજીને તે દ્વારા વિશ્વની સંવાદિતાનો નિર્દેશ કર્યો છે. અહીં એણે પોતાની ઉચ્ચ કવિત્વશક્તિને ધર્મની સેવામાં કામે લગાડી છે. આ 'ઓડ' (Ode) પછી તેણે 'પૅરૅડાઇઝ લૅાસ્ટ' પૂર્વે ઠીકઠીક રચનાઓ કરી છે, પણ ઇસુજન્મ વિષેના આ કાવ્યની તોલે આવે તેવી તેમાં એકે નથી.

મિલ્ટનનું બીજું એક—જીવનનો ઉત્સાહ પ્રગટ કરતું—કાવ્ય 'ઑન મે મૉર્નિંગ' નામનું છે. ચાર જ પંક્તિમાં એણે આલેખેલું પ્રભાતચિત્ર મિલ્ટનની સર્ગશક્તિનું એક જ્વલંત ઉદાહરણ બની રહે તેવું છે:

Now the bright morning star, day's harbinger,
Comes dancing from the East, and leads with her
The flowery May who from her green lap throws
The yellow cowslip and the pale primrose.

એ સમયગાળાનાં, આ ઉપરાંત તેનાં બીજાં કેટલાંક કાવ્યો-સૉનેટો છે, તેમાં શેક્સ્પીઅર વિષેના સોનેટનો તથા 'ઑન ટાઈમ', 'ઍટ અ સૉલેમ મ્યૂઝિક' ઇત્યાદિનો સમાવેશ થાય છે. અને એ પછીનાં કાવ્યોમાં—પૅરૅડાઈઝ લૅાસ્ટ' પૂર્વે—'લ઼ૅ લેગ્રો અને ઈલ પેન્સરોસો' (L' Allegro and Il Penseroso)—ઈ. ૧૬૩૨—'આર્કેઈડ્ઝ' (Arcades)–ઈ. ૧૬૩૩–'કોમસ'(Comus)-ઈ. ૧૬૩૪–અને 'લિસિડસ(Lycidas) –૧૬૩૭ ધ્યાનપાત્ર છે.

લ઼ૅ લેગ્રો અને ઇલ પેન્સરોસો

'લ઼ૅ લેગ્રો અને ઈલ પેન્સરોસો'ના કાવ્યયુગલમાં મિલ્ટન મુખ્યત્વે

લઘુકથા

બિચ્ચારો

હસમુખ કે. રાવલ

કોણ જાણે કેમ, કાળુડી કૂતરીને બચબચતાં ગલુડિયાં જોવાં મને ખૂબ ગમે છે. તડકાની તાસકમાં રેડાએલું આ દૃશ્યામૃત હું ઘટઘટાવતો હતો ત્યાં...'હેમંતભાઈ, જમવાનું તૈયાર છે...પછી કહેશો "મારે નિશાળનું મોડું થયું."' પગ મને ઘરમાં લઈ ગયા. દેવઘર આગળ ટોકરી રણકી ને ભગવાનનો થાળ મારા પાટલા આગળ મુકાયો. અજાણ્યા સંકોચ સાથે હું જમવા બેઠો ને રસોડામાંથી અવાજ ટહૂક્યો; 'કેમ, હેમંતભાઈ, આજે રસોઈ કેમ છે?'

'પરીક્ષામાં નાપાસ થનાર કંઈ બધે નાપાસ થોડાં થાય છે?'

'ત્યારે તો તમે નાપાસ ને મમ્મી પાસ.' 'એમ શાથી?'

'નિશાળનું તમે ભણાવ્યું ને ઘરનું મમ્મીએ!'

'એમ ત્યારે, આખરે મમ્મી કોનાં? મારાં જ ને!'

'મારી મમ્મી,... મારી મમ્મી... માઆઆરી...'

'એમાં ઝગડો છો શા માટે? બંનેની મમ્મી, બસ?'

બારણામાંથી તારવાળાનો અવાજ.

'મમ્મી, નરેશભાઈનો તાર છે...શું લખે છે, હેમંતભાઈ?'

'આજે બપોરની ગાડીથી આવે છે.'

'હાય મમ્મી! ભાઈ આવે છે! મારા માટે સાડી લાવશે. તારા માટે ...ઓય, મમ્મી! મારી તો રોટલી બળી ગઈ...'

'જો વસુ, રોટલીની કણક એમની એમ રહેવા દે...કંસારનું આધણ મૂક...ને પછી બાથરૂમમાં ટુવાલ...નવો સાબુ...ને ઉપર દીવાનખાનું જરા ઠીકઠાક... ને જો પેલી નવી ચાદર...'

ભાતનું કોઇએ ન પૂછ્યું. મારાથી હાથ ધોવાઈ ગયા. ચાવી ઝુલાવતો હું બહાર નીકળી ગયો.

સાંજે બારણું ખખડાવ્યું ત્યારે—'કોણ?'–ઉપરથી પ્રૌઢ અવાજ.

'એ તો હેમંતભાઈ.'—નીચેથી તરુણ જવાબ.

'એમનું દૂધ આવ્યું છે. આપી દેજે.' ને પછી ધીમો અવાજ: 'પાડોશમાં રહે છે. માબાપ વગરનો બિચ્ચારો એકલો જીવ છે. આપણી વસુને ભણાવતો. ને સ્વભાવનો સારો, એટલે મારો જીવ બળે. કો'ક દિ' દાળ-શાક આપું તો કો'ક દિ' ઘેર જ બોલાવી લઉં.'

હાથમાં દૂધનો પ્યાલો આવી ગયો હતો. સામેની ચાટમાં ગલુડિયું એઠવાડ ચાટતું હતું. મને કશુંક થયું ને હાથમાંનો પ્યાલો પડી ગયો.

મેં મારી રૂમનો દરવાજો ઉઘાડ્યો. ફ્રેમમાં માનો ઝાંખો ફોટો દેખાયો. રૂમમાં અકળાયો. પાછો બહાર આવ્યો ત્યારે ધરતીમાં શોષાઈ ગયેલું દૂધ ચૂસવા એક ગલુડિયું વ્યર્થ પ્રયત્ન કરી રહ્યું હતું. □

પ્રકૃતિકવિ તરીકે પ્રતીત થાય છે. એમાં નિસર્ગનાં રમણીય વર્ણનો હોવા ઉપરાંત મિલ્ટનની વિવિધ સમયની મનઃસ્થિતિનાં ચિત્રો પણ છે. કદાચ આ કાવ્યખંડોમાં નિસર્ગ કરતા મિલ્ટનનું ચિત્ત જ વિશેષપણે પ્રકટ થાય છે. આ કૃતિમાં મિલ્ટન ઉત્તમ–પવિત્ર આનંદની શોધમાં છે અથવા અહીં કવિ 'આનંદ કે ગાંભીર્ય'–એ વિષેની મથામણ અનુભવતો જણાય છે. કર્તવ્ય અને કામના વચ્ચે કોઈ ઝગડો હોય તેવું કવિને લાગતું નથી. મિલ્ટન અહીં જેટલો આનંદપ્રમોદનાં વર્ણનોમાં રાચે છે તેવો બીજે ક્યાંય રાચ્યો નથી. એનું કવિચિત્ત અહીં મુક્તપણે વિહાર માણવા અભિસર્યું છે. પણ અંતે તો તેના ચિત્તને આનંદ કરતાં ઉદાસી જ વિશેષ ભાવે છે. એક તરફ એ સૃષ્ટિના અને સંસ્કૃતિના સમગ્ર આનંદનું નિરૂપણ કરે છે, જેમાં સૂર્યોદય, વસંત, બુલબુલ, ખેતી કરતાં ગ્રામજનો, લણણીનો સમય, વાળુ સમયની મધુર ગોષ્ઠિ, નગરમાં નૃત્ય, નાટક–એ બધાંનો સમાવેશ થાય છે, તો બીજી તરફ એ એકાંત ચિંતનનો આનંદ પણ એવી જ બલકે વિશેષ સમર્થતાથી વર્ણવે છે. પેન્સરોસો કોઈ ઊંચા એકાંત ટાવરમાં તત્ત્વચિંતનમાં કે વિજ્ઞાનમાં નિમગ્ન બન્યો હોય અને રાત વીતીને પ્રભાત ધીરે ધીરે સભ્યવેશે (civil-suited) પ્રકટતું હોય, નાટક કે નૃત્યો જોવા માટે થીએટરોમાં જવાને બદલે એ મીઠું સંગીત સાંભળવા જતો હોય તો કયો આનંદ વિશેષ?

અલબત્ત, અહીં વર્ણનોમાં મિલ્ટન સવિશેષ રાચ્યો છે, છતાં આ પછી રચાએલી કૃતિઓમાં આ કાવ્યખંડોમાં છે તેવો આહ્લાદ અને કલાસંયમ નથી. આ બંને કાવ્યખંડો એક રીતે જોતાં નિરીક્ષણોના સંચય જેવા જ છે, તેમ છતાં એ વર્ણનોમાં ઊર્મિનો એક તાર સળંગ ગૂંથાએલો છે અને તે એ કૃતિને આકાર આપે છે.

આ કૃતિઓમાં મિલ્ટને આનંદપ્રમોદનાં ચિત્રો આપ્યાં છે, તેમ છતાં એની એ યુવાવયમાં પણ તેણે તેમાંથી પ્રેમતત્ત્વની તો બાદબાકી જ કરી નાખી છે. પચીસેક વર્ષના આ કવિની દૃષ્ટિ ઊંચે ઊંચે વ્યોમને પેલે પાર દિવ્યતત્ત્વ પર સ્થિર થએલી છે. એને સ્વપ્નાં ધર્મમય સંયમી જીવનનાં આવે છે. માત્ર લૅલેગ્રોમાં સમ ખાવા પૂરતો કોઈ એક કિલ્લામાં રહેતી સુંદરીનો ઝાંખો નિર્દેશ છે. તેમ છતાં સમગ્રપણે કૃતિમાં મિલ્ટનનો આનંદ ભૌતિક સુખોમાં નહિ પણ ધર્મ અને નીતિના ચિંતનમાં રહેલો સ્પષ્ટ દેખાય છે. (ચાલુ)

મંડોવર (અનુસંધાન પૃષ્ઠ ૧૧૮થી) કેટલાંક મંદિરની જંઘાઓમાં જોવા મળે છે. ખજુરાહોના મંદિરસમૂહના મંડોવરની જંઘામાં આલિંગનબદ્ધ મિથુન-શિલ્પો તથા વિવિધ પ્રકારે રતિક્રીડામાં રત માનવ સ્વરૂપો કંડારેલાં છે. આ પ્રકારનું શિલ્પ કંડારણ અન્યત્ર પણ થોડા પ્રમાણમાં જોવા મળે છે. પિલાણીના સરસ્વતીમંદિરની જંઘામાં ભારતીય સંતો ને વિવિધક્ષેત્રના મહાપુરુષોની પ્રતિમાઓ કંડારી છે. ભારતમાં આ પ્રકારનું એ એક જ મંદિર છે. કાળાનુસારનો આ ફેરફાર એ એક નવીનતા ખરી, પણ મંદિરનાં ગૌરવ ને મહત્ત્વની દૃષ્ટિએ તો જે દેવતાની પ્રતિમા એના ગર્ભગૃહમાં સ્થાપિત હોય એની જ પ્રતિભા અને ગૌરવ પ્રકટ કરતું શિલ્પશોભન એ મંદિરના મંડોવરની જંઘામાં કંડારાય એ વધુ યોગ્ય લાગે છે.

જંઘાના સ્તર પછી ઉદ્ગમ (દોઢિયા)ના થરમાં ગ્રાસમુખો, કપિરૂપો ને ભૌમિતિક શોભન આકારો જોવા મળે છે. તે પછીના ઉપરના બાકીના સ્તરો મુખ્યત્વે કેવળ શોભનશિલ્પથી જ અલંકૃત કરેલા હોય છે. જેની સૂક્ષ્મ વિગતમાં આપણે નહિ ઊતરીએ.

કુંભારિયાજીમાં નેમિનાથ જૈનમંદિરનો મંડોવર એની અનેકવિધ ખાંચયુક્ત રચનાને કારણે, આબુના ચતુર્મુખ પ્રાસાદનો મંડોવર એના કુંભક–કલશ થર પરની કલાત્મકતા તથા જંઘાની શિલ્પપ્રતિમાઓને લીધે તો રાણકપુરના જૈનમંદિરનો મંડોવર તેના પર કંડારેલી નૃત્યાંગનાઓ ને વાજિંત્રવાદિનીઓના સુંદર શિલ્પાંકનને કારણે ખાસ ઉલ્લેખનીય છે. ભુવનેશ્વરના રાજારાણી મંદિરના મંડોવર પરની નૃત્યાંગનાઓનું કંડારણ સુખ્યાત છે. ખજુરાહોના મંડોવર તો તેના પરનાં મિથુન અને મૈથુનનાં શિલ્પથી જગવિખ્યાત થઈ ગયા છે. ગુજરાતમાં મોઢેરાના ભગ્ન સૂર્યમંદિર, રુદ્રમાળ અને સોમનાથના (પ્રાચીન) મંદિરોના મંડોવરની સ્થાપત્યકીય રચના તેના પરની શિલ્પસમૃદ્ધિથી ખ્યાત રહી છે. જો કે કમનસીબે આમાંના પ્રથમ બે સ્થાનનાં મંદિર હજી યે ભગ્નાવસ્થામાં જ પડ્યાં છે, જ્યારે સોમનાથના મંદિરની તો હસ્તી જ મિટાવી દેવાઈ છે. સોમનાથના નવા મંદિરની સ્થાપત્યરચના ઘણી સુંદર છે, પણ એના મંડોવરમાં ઘણી શિલ્પાકૃતિઓનું કંડારણ હજી ખૂટે છે. □

—ક્રિકેટ જગતની યાદગાર ટેસ્ટ મૅચો-૧—

'ધી ઍશીઝ': ઇંગ્લૅન્ડની ક્રિકેટકીર્તિની ભસ્મ

—ભરત ના. ભટ્ટ—

ઈ. ૧૮૮૨ની ૨૮મી ઑગસ્ટે ઓવલ ખાતે રમાએલી મૅચ ટેસ્ટ મૅચના ઇતિહાસમાં હમેશ માટે યાદગાર બની ગઈ છે. એક જ ટેસ્ટની આ



રમતમાં મર્ડોકની ઑસ્ટ્રેલિયન ટીમ હારશે એવું પૂર્વ અનુમાન હતું. આગલા બે દિવસમાં પડેલા વરસાદથી ભીની થએલી પિચ પર ઑસ્ટ્રેલિયાએ ટૉસ જીતી દાવ લીધો ને સવાબે કલાકમાં ૬૩ રન કરીને ઑલ આઉટ થયું. ઇંગ્લૅન્ડના દાવની પણ ૧૦૧ રનમાં એ જ સ્થિતિ થઈ.

તે રાતે વધુ વરસાદ પડચો. પીચને નકામી બનાવી દીધી. બીજે દિવસે ઑસ્ટ્રેલિયાએ બીજો દાવ લીધો ત્યારે મેસીએ ભીના લીસા બૉલ સામે અદ્ભુત આક્રમક રમત રમીને ૫૫ મિનિટમાં ૫૫ રન કર્યા. છતાં ઑસ્ટ્રેલિયા માત્ર ૧૨૨ રન કરી શક્યું.

જીત માટે જરૂરી ૮૫ રન કરવા ઇંગ્લૅન્ડ મેદાને પડચું ત્યારે કંઈ અણધાર્યું બનવાની કોઈને કલ્પના જ નહોતી. ઑસ્ટ્રેલિયન છાવણીમાં ચિંતા હતી, પણ તેમના 'સરના પત્તા સમા' બોલર સ્પૉફૉર્થે કહેલું: 'This thing can be done'. ઇંગ્લૅન્ડ તરફથી ગ્રેસ ફૉર્મમાં હતા ને બે વિકેટે ૫૧ રન થયા! આ પળે 'વૉક્સહૉલ એન્ડ' છોડીને સ્પૉફૉર્થે 'પૅવિલિયન એન્ડ' બાજુથી બૉલિંગ આરંભી અને ઉલ્પાટ ગયા. ૫૩ રને બોયલેના બૉલમાં ગ્રેઈસ ગયા! આ પછી જરૂરી ૩૨ રન કરવા માટેનો બાકીના ૭ બૅટ્સમેનોનો પ્રયત્ન મરતા માણસની જિજીવિષા જેવો હતો. પણ સ્પૉફૉર્થ તેમને માટે કૅન્સર સમા નીવડચા. વિકેટો પડવા લાગી અને ૭૭ રનમાં દાવ પૂરો થયો! ઑસ્ટ્રેલિયાનો ૭ રને વિજય થયો જેના ઘડવૈયા સ્પૉફૉર્થ (૯૦ રનમાં ૧૪ વિકેટ) હતા! ઇંગ્લૅન્ડના મેદાન પર ઑસ્ટ્રેલિયાનો એ પ્રથમ વિજય હતો. સ્ટેડિયમ આખું અવાક્ બની ગયું! આ નાટયાત્મક વિજય પર 'સ્પોર્ટિંગ ટાઈમ્સે' એક વ્યંજનાપૂર્ણ મૃત્યુલેખ લખ્યો:

In affectionate remembrance of English cricket
Which died at the oval on 29th August, 1882.
Deeply lamented by a large circle of sorrowing
friends and acqaintances. R. I. P.–The body
will be cremeted, and ashes taken to Australia.

–ને તેણે મૂર્ત રૂપ ત્યારે લીધું, જ્યારે ૧૮૮૨–'૮૩માં ઑસ્ટ્રેલિયામાં ૨–૧ થી વિજયી બનેલી ઇંગ્લિશ ટીમના સુકાની બ્લાઈને ઑસ્ટ્રેલિયન મહિલાઓએ બેઈલની ભસ્મ ભરેલું એક પાત્ર ભેટ આપ્યું. આ પાત્ર ભેટ ધરનાર ફ્લૉરેન્સ મર્ફી બ્લાઈના પ્રેમમાં પડીને એને પરણી ગએલી. બ્લાઈની અંગત માલિકીનો 'ધી ઍશીઝ'નો એ ફૂલો તેના મૃત્યુ પછી, તેની ઇચ્છા મુજબ, લૉર્ડ્ઝની સ્મારક ગૅલેરીમાં મૂકવામાં આવ્યો છે. ઑસ્ટ્રેલિયા 'ધી ઍશીઝ' જીતે તો પણ એ ત્યાંથી ખસેડાતો નથી.

તા.૧૨–૩–૧૯૭૭ના રોજ ટેસ્ટ-ઇતિહાસનાં સો વર્ષ થયાના નિમિત્તે મેલબોર્ન ખાતે ઇંગ્લૅન્ડ–ઑસ્ટ્રેલિયા વચ્ચે 'શતાબ્દી ટેસ્ટ' રમાશે ત્યારે 'ધી ઍશીઝ'ના અમૂર્ત જન્મને ૯૪ વર્ષ અને ૧૯૬ દિવસ થયા હશે. આ દરમિયાન ઑસ્ટ્રેલિયા પાસે ઍશીઝ રહ્યાને ૫૪ વર્ષ અને ૨૯૬ દિવસ તથા ઇંગ્લૅન્ડ પાસે રહ્યાને ૩૯ વર્ષ ને ૨૬૫ દિવસ થશે. ક્રિકેટ આલમમાં સર્વોપરિતાની સૂચક આ 'ઍશીઝ' પાછળ આમ ઇંગ્લૅન્ડના એક મોટા પરાજયની કથા છે. ઇંગ્લૅન્ડની ક્રિકેટકીર્તિની કાલ્પનિક ભસ્મ–'ઍશીઝ'નું અસ્તિત્વ આમ શરૂ થયું. □

ડૉક્ટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-ઉમરેઠ)) ની સલાહ

૧. હાથ, પગ, બરડો ને પેટ ઉપર પુષ્કળ વાળ છે. કારણ અને ઉપાય?

ઉ. શરીરે સર્વત્ર અને વધારે વાળ એ વારસાગત બાબત છે. જો કે આ પુખ્તવયે પ્રાપ્ત થાય છે, પણ કદીક બાળવયમાં પણ હોય છે. શરીરની અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવના બગાડાને કારણે પણ આમ હોઈ શકે છે.

૨. કસરત કરવા છતાં વજન ન ઘટે તો શું કરવું?

ઉ. ખોરાક પર કાબૂ રાખવો. અ-સમતોલ અને વધુપડતા ખોરાકથી શરીરનું વજન વધે છે. સાદાઈથી રાંધેલો ને ઓછામાં ઓછા ખાંડ-ગોળ ને તૈલી પદાર્થોવાળો પ્રમાણસર ખોરાક લેવો. એથી ભૂખ ન સંતોષાય તો ફળો અને શાકભાજી વગેરે જેવો ઓછી કૅલરીવાળો ખોરાક લેવો. બની શકે તો રાતનું ભોજન ટાળવું યા શરીરની તાસીર વિચારીને અનુકૂળ હોય એવાં ઋતુનાં ફળ ને દૂધ લેવાં.

ભારે કસરતના બદલે જલદ ચાલ, તરવું, સાઈકલ ચલાવવી કે ટટ્ટાર ઊભા રહી હાથ ઊંચા કરીને પછી પગના અંગૂઠા પકડવાની કે એવી હળવી કસરત કરવી. ઘરમાં રહીને કરવાના વ્યાયામમાં આસનો ઉત્તમ છે.

૩. ચા અને કૉફી પીવાથી કંઈ નુકસાન થાય ખરું?

ઉ. એક પ્યાલો કૉફીમાં બે ગ્રેઈન કૅફિન અને એક પ્યાલો ચામાં લગભગ એટલું જ કૅફિન અને એ ઉપરાંત થિયોફિલિન હોય છે. ઔષધમાં કૅફિન ઉત્તેજક તરીકે વપરાયો છે, અને ૧૫૭ ગ્રેઈન જેટલી માત્રામાં એ ઘાતક નીવડે છે. પંદરેક ગ્રેઈન જેટલું કૅફિન એકસામટું શરીરમાં જતાં ધ્રુજારી, ઝડપી થડકાટ, ઊલટી, ઝાડા ને માનસિક ગૂંચવાડો થાય છે. ચાના એક પ્યાલામાં આવેલા કૅફિનથી લોહીનું દબાણ દસ આંક જેટલું વધે છે. ડાયાબીટિસના દર્દીમાં એથી યે વધારે વધે છે. કૅફિનથી ઘણાની રાતની ઊંઘ ઊડી જાય છે. હૃદય, લોહીની નળીઓ ને લોહી ઉપર પણ કૅફિન અસર કરે છે. કૅફિનથી લોહીમાં શર્કરા વધે છે. જોકે કૅફિનથી હૃદયરોગના હુમલા થવાનું સાબિત તો નથી થયું, પણ નિરીક્ષણમાં એટલું તો જણાયું છે કે હૃદયરોગના દર્દીઓ કૉફી વધુ પીતા હતા.

૪. વૃદ્ધાવસ્થામાં ઘણી બાબતો ભૂલી કેમ જવાય છે? એનો કંઈ ઉપાય?

ઉ. ઘરડી વયે મગજની લોહીની નળીઓમાં લોહી જામી જવાનું થાય છે. એથી પક્ષાઘાત તો નથી થતો. પણ ભૂલી જવાનું—ખાસ કરી તાજા બનાવો ભુલાઈ જવાનું સામાન્ય બને છે. વળી, વૃદ્ધ વયમાં મગજશક્તિનો વપરાશ પણ માણસ ઓછો કરી નાખે છે, અને શરીરનો જે ભાગ ન વપરાય એ ક્ષીણ બનવા લાગે છે; એટલે વૃદ્ધાવસ્થામાં પણ માણસે મનને સદા જાગ્રત રાખવું. રોજ કંઈ નવું શીખવા-જાણવામાં સક્રિય રસ લેવો ને મનને એ રીતે કાર્યરત રાખવું. આમ છતાં ય કંઈ ભૂલી જવાય તો એની ફિકર કરવી નહિ. દૃઢ મનોબળ વડે લકવો થએલા માણસો પણ ધીરેધીરે હાલતાચાલતા થયા છે.

સાહિત્યસંપર્ક

'સમાન્તર'ની સમાન્તર

ધીરુ પરીખ

ડૉ. રમણલાલ જોશીનું આ દસમું પુસ્તક* એમની અવિરત સાહિત્યપ્રવૃત્તિ અને વિવેચનવૃત્તિનું પરિણામ છે એમ લાગ્યા વગર નહિ રહે. અહીં સંગૃહીત થએલા નાનામોટા લેખો અગાઉ આપણાં પ્રશિષ્ટ સામયિકોમાં પ્રકટ થઈ ચૂકેલા છે તેમજ કેટલાક અન્યોનાં પુસ્તકોના પ્રવેશકો છે.

આ લેખોમાં આપણા મહાન સર્જક ગોવર્ધનરામથી માંડી નવસર્જક ભાનુપ્રસાદ ત્રિવેદી પરનાં લખાણો છે, એ દર્શાવી આપે છે કે લેખકનો વ્યાપ ઘણો મોટો છે. એમાં ગદ્યનાં વિવિધ સ્વરૂપોની કૃતિઓ–કાવ્યસંગ્રહો, વિવેચન તેમ જ સંપાદનો વિષેની એમણે સમીક્ષા કરેલી છે. આ સંગ્રહમાં સાહિત્યની કોઈ તાત્ત્વિક ચર્ચાનો લેખ નથી, પરંતુ મુખ્યત્વે સમીક્ષાત્મક આ લખાણોમાં લેખકની સૂઝ, ને એ સૂઝને અભિવ્યક્ત કરવાની પ્રધાનતયા મિષ્ટ રીતિનો પરિચય થાય છે. જ્યાં કંઈ કહેવા જેવું લાગ્યું ત્યાં તેમણે તે હિમ્મત દાખવી પણ છે, પરંતુ મુખ્યત્વે એમનો અભિગમ ગુણદર્શી હોઈ એમનાં આ લખાણોમાં સહાનુભૂતિ અને સ્નેહાર્દ્રતા આગળ તરી આવે છે.

આ લેખોમાંથી ગોવર્ધનરામ પરના પ્રથમ બે લેખો, રાવજી વિષેનો 'તાજી માદક સુગંધ' નગીનદાસ પારેખ વિષેનો 'સત્યશોધક વિવેચક', 'સાહિત્યમાં આધુનિકતા' વગેરે લેખો નોંધપાત્ર બની રહે છે. સંગ્રહના ઉપાન્ત્ય બે લેખો– 'કવિ-વિવેચક સેસિલ ડે લૂઈ' તથા 'એડમન્ડ વિલ્સન–પ્રતીકવાદના પરામર્શક'–રમણભાઈના અંગ્રેજી સાહિત્યના પરિચય અને રસના દ્યોતક બની રહે છે. આ લેખો મુખ્યત્વે આગળ કહ્યું તેમ, સમીક્ષાત્મક હોઈ શુદ્ધ વિવેચનાના વ્યાપ અને ઊંડાણ એમાં ઓછાં જોવા મળે તે સ્વાભાવિક છે. એકંદરે રમણભાઈની વિવેચન પ્રવૃત્તિનાં સાતત્ય અને સજગતાનો દ્યોતક આ સંગ્રહ બની રહે તેમ તો છે જ.

* 'સમાન્તર' : પ્રકા. કુંકુમ પ્રકાશન, મૉડેલ સિનેમા સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧, પૃ. ૧૯૫, પાકું પૂઠું, રૂ. ૧૨.

નવી નવલકથાઓ

બહાદુરશાહ પંડિત

ઊર્ધ્વબાહુ : પ્રયોગશીલ સર્જક શ્રી પિનાકિન દવેએ આ નવલકથામાં મુંબાઈના શ્રીનિકેતન નામના માળાની પાંચ રૂમોમાં રહેતી પાંચ વ્યક્તિઓની વિવિધ પ્રકારે ઉદ્ભવતી વેદનાઓ સરસ રીતે વણી લીધી છે. મામી સાથે પ્રેમ કરી એને એક પુત્ર આપવા છતાં પોતે નિ:સંતાનપણાની વેદના વેઠતો સોમનાથ, પોતાના પુત્રને હાથે ખોલાતી દારૂની દુકાન જોવામાં થતી વેદના અનુભવતો ગાંધીવાદી વિશ્વનાથ, પોતાની વાગ્દત્તાને છેતરી સિનેનટી રેણુકા સાથે પરણવા જતાં છેતરાતો વિનોદ ને જીવનના સંઘર્ષમાં ઝોલાં ખાતો સુવ્રત વગેરે પાત્રો પોતપોતાની અને એકબીજા સાથે સંકળાએલી જિંદગીઓના તાણાવાણા દ્વારા એક આહ્લાદક સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. આ બધા ધનના અભાવે જીવતા માણસો સામે ઘણા ધનની પીડા ભોગવતા ધારશીભાઈ કથાને એકસૂત્રે બાંધવાનું કાર્ય કરે છે. આ પ્રકારના પ્રયોગમાં લંબાણ થવાનો ભય રહેતો લેખકે કુશળતાથી ટાળ્યો છે. (પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ–૧, પૃ. ૬૪૦, પાકું, રૂા. ૧૦–૫૦)

સ્થિર આંખો – અસ્થિર મન : શ્રી ધનંજય યાજ્ઞિકની આ લઘુનવલમાં પોતાની પ્રિયતમા માધવીની હત્યા કરવા પ્રયાસ કરતા પ્રેમી કૈવલ્યને પ્રથમ મેન્ટલ ઑફિસમાં અને ત્યાર બાદ એને ભગાડી મૂકનાર નર્સ ઍન્જલાના ખૂનના કારણે લૉકઅપમાં પુરાવું પડે છે. એ ફરી માધવીને પ્રાપ્ત કરે એ પહેલાં રહસ્યમય બનાવોના એક મોટા ચકાવામાંથી એને પસાર થવું પડે છે. માનસશાસ્ત્રીય છતાં ડિટેક્ટિવ કસાની આ લઘુનવલ નિયતિના વર્ચસ્વનો ઈશારો આપતી રસપ્રદ કથા છે. (પ્ર. વૉરા ઍન્ડ કં., ગાંધી ચેમ્બર્સ, ગાંધી રોડ, અમદાવાદ-૧, પૃ. ૧૨૭, કાચું પૂઠું, રૂા. ૬–૫૦.)

નવપદ : માનવમનનાં સૂક્ષ્માતિસૂક્ષ્મ સંવેદનો સરસ અને આકર્ષક રીતે રજૂ કરતી શ્રી શિવકુમાર જોશીની આહ્લાદક શૈલીની ૨૨ વાર્તાઓનો નવમો વાર્તાસંગ્રહ. (પ્ર. ઉપર પ્રમાણે : પૃ. ૨૨૮, પાકું પૂઠું, રૂા. ૧૭–૨૫.)

દીવાન ધનેશ્વર : રાજપીપળા સ્ટેઈટના એક મુત્સદ્દી ને વફાદાર દીવાનની અંગ્રેજ અમલદાર સામેની ટક્કર રજૂ કરતી ઐતિહાસિક નવલકથા. લેખક શ્રી રમેશ જોશી આ અગાઉની ઐતિહાસિક નવલકથાઓ લખીની હજી કથનમાંથી કલાત્મકતા તરફ વળ્યા જણાતા નથી. (પ્ર. ગુજરાત પુસ્તકાલય સેવા નિગમ, અમદાવાદ–૧, પૃ. ૪૧૪, પાકું, રૂા. ૨૦.)

કુમુદ અને કુસુમ : રાવસાહેબ કૃષ્ણલાલ દેસાઈની બે એકસરખી દેખાતી પુત્રીઓ કુમુદ અને કુસુમમાંથી કુમુદનો વિવાહ ડૉ. પૂર્ણેન્દ્ર સાથે થયો હોવા છતાં પૂર્ણેન્દ્રએ કરેલી વારંવારની ભૂલોથી કુમુદના બદલે કુસુમ પૂર્ણેન્દ્ર સાથે કેવી રીતે પરણી જાય છે એ દર્શાવતી શ્રી દોલકની મધ્યમ બરની લઘુનવલ. (પ્ર. નવભારત સાહિત્ય મંદિર, મુંબાઈ–૨, પૃ. ૧૬૦, પાકું પૂઠું, રૂા. ૬–૭૫.)

કમનીય કાંગસીવાળી : વલભીપુરના રાજા શીલાદિત્ય છઠ્ઠાના સમયમાં એના રાજ્યના વેપારી રંગ કાકુની દીકરી રત્નાની કાંસકી માટે રાજા અને કાકુ વચ્ચે થએલા મન:દુખના પરિણામે વલભીનો વિનાશ થયો હતો, એ દંતકથાને કેન્દ્રમાં રાખી શ્રી દેવશંકર મહેતાએ સૌરાષ્ટ્રની મલડા જાતિ ઉપર અહીં પ્રશસ્ય

શબ્દકથા : ગોખલો · ગવાક્ષ

આપણે આ પહેલાં જોયું કે બારી માટેના અંગ્રેજી શબ્દ વિન્ડોનો મૂળ અર્થ છે 'પવન માટેની આંખ'. છાપરામાં કે દીવાલમાં ઊંચે રાખેલા બાકોરાને આ વર્ણન બરાબર બંધ બેસે છે.

સંસ્કૃતમાં પણ કાંઇક આને મળતો એક બારીવાચક શબ્દ છે: **गवाक्ष**. તેનો વ્યુત્પત્તિમૂલક અર્થ છે 'ગાયની આંખ'. પહેલાં તે નાની લંબગોળ બારીનો વાચક હતો. સંસ્કૃત સાહિત્યમાં **गवाक्ष**ના ને જાળીવાળા **जालगवाक्ष**ના ઘણા ઉલ્લેખ છે. પછીથી તે સામાન્યત: કોઇ પણ બારી માટે વપરાતો થયો. કોશોમાં **वातायन** અને **गवाक्ष** પર્યાય તરીકે આપેલા છે.

गवाक्ष પરથી પછીની ભારતીય ભાષામાં **गोख** શબ્દ આવ્યો. મધ્યકાળમાં **गोख** શબ્દ ઝરૂખા માટે વપરાયો છે. જેમાં ઊભા રહી શકાય અને જે બહાર કાઢેલી હોય, ઝળૂંબતી હોય તેવી બારી તે ઝરૂખો, છજું કે ગોખ. આમાં હવા-અજવાળા ઉપરાંત મુખ્ય પ્રયોજન તો બહારના જગતને જોવાનું (ને જાતને બતાવવાનું પણ) છે એ સ્પષ્ટ છે.

આ **गवाक्ष** પરથી જ થએલો **गोख** કે **गोखलो** ઘરની અંદર ભીંતમાં નાની ચીજવસ્તુ મૂકવા માટે રાખેલો ખાડો કે બારણા વગરનું તાકું એવા અર્થમાં પ્રચલિત થયો છે. બારીના જેવા આકારને કારણે અર્થફેર થયો જણાય છે. **ताकुं** (ઉચ્ચારફેર **टांकुं**) અરબીમાંથી આવેલો છે.

હરિવલ્લભ ભાયાણી

પ્રકાશ પાડયો છે. નવલકથાની સંકલના શિથિલ હોવા છતાં રસ જળવાઈ રહે એ રીતે પ્રસંગોનું આયોજન થયું હોવાથી નવલકથા વાચનક્ષમ બની છે. (પ્ર. નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ; પૃ. ૩૬૦, પાકું પૂઠું, રૂા. ૧૭-૫૦)

પ્રેમ-કટારી આરંપાર : મૂળ વલભી યાને વળાના રાજા એભલ વાળા ત્રીજાના પરાક્રમને કેન્દ્રમાં રાખી ધંધુકાના રાજા ધન મેરની બહેન કેસરનું શૌર્ય આલેખતી શ્રી દેવશંકર મહેતાની મધ્યમ કક્ષાની ઐતિહાસિક નવલકથા પ્ર. ઉપર મુજબ; પૃ. ૩૮૦, પાકું, રૂ. ૧૮II)

હેવમોરમાં એકલાં ન જવાય ? શ્રીમતી ભાનુમતી જાનીની આ નાનકડી નવલકથામાં એક આધુનિક યુવતી જેને ચાહતી હતી એને પરણવાને બદલે બીજા યુવાન પ્રકાશ સાથે પરણતાં પહેલાં સંજોગોનો શિકાર બની તે જે મનોમંથનો અનુભવે છે તેનું આલેખન કરતી આત્મકથાત્મક શૈલીમાં લખાએલી, પ્રથમ પ્રયાસની તમામ કચાશો વ્યક્ત કરતી આ લઘુનવલ તદ્દન સામાન્ય કક્ષાની છે. (વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરસ્તો, અમદાવાદ-૧; પૃ. ૧૧૯ પાકું પૂઠું, રૂ. ૬-૫૦)

નવાં પ્રકાશનો

ધીરુ પરીખ

ગોવર્ધનરામનું મનોરાજ્ય : ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ અધિવેશનના પ્રમુખ અને મૂર્ધન્ય સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી વિષે આ વર્ષના પરિષદ-પ્રમુખ અને મૂર્ધન્ય વિવેચક રામપ્રસાદ બક્ષીએ જુદાજુદા સમયે લખેલા નાના-મોટા સાત લેખો અહીં સંગૃહીત કરવામાં આવ્યા છે, જે ગો.મા ત્રિ.ની સર્જક પ્રતિભા તેમજ તત્ત્વજ્ઞપ્રતિભા પર મનનીય પ્રકાશ પાથરે છે. અહીં આપાએલા સાત લેખો પૈકી પ્રથમ ચાર : 'ગોવર્ધનરામનું મનોરાજ્ય', 'ગોવર્ધનરામ અને શોપનહાઉઅર', 'ગોવર્ધનરામનું અને આનંદશંકરનું તત્ત્વજ્ઞાન' તથા 'જ્ઞાનગરવા ગોવર્ધનરામ'માં લેખનાયકની વ્યક્તિત્વ-માનસ-છબિને વિશ્લેષણાત્મક તેમજ વિશદ રીતે રજૂ કરવામાં આવી છે, જ્યારે છેલ્લા ત્રણ લેખો 'બાણ અને ગોવર્ધનરામ', 'સ્નેહમુદ્રા' તથા ગોવર્ધનરામ કૃત 'બે અજ્ઞાન વિરહકાવ્યો'માં લેખનાયકની સર્જકપ્રતિભાનો પરિચય કરવાવામાં આવ્યો છે. આ લેખો શ્રી રામપ્રસાદબક્ષીની વિવેચ્ય વિષય-સર્જક પરની પૂરી પકડના દ્યોતક છે. (પ્રકા. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૬૪, શામળદાસગાંધી માર્ગ, મુંબાઈ-૪૦૦૦૦૨ કાચું પૂઠું, પૃ. ૧૧૫, રૂ. ૮.)

ધ્રુવ ગઠરિયાં : ચંદ્રવદન મહેતાની 'ગઠરિયાં' શ્રેણીમાં આ દસમું પુસ્તક ઉત્તર ધ્રુવ તરફની એમની પ્રવાસયાત્રાને રોચક શૈલીમાં

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



રમણલાલ ગો. સરૈયા

જન્મ : ૧૬ જાન્યુઆરી, ૧૮૯૮. બી.એ., બી.એસસી., લંડનની કેમિકલ સોસાએટીના ફેલો. 'ઇન્ડિયન સેન્ટ્રલ કૉટન'ના ઉપપ્રમુખ (૧૯૪૭-'૫૨). ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરના પ્રમુખ (૧૯૫૦). 'એફ. આઈ. સી. સી. આઈ.'ના પ્રમુખ (૧૯૫૩-'૫૪). 'આઈ. સી. એ. સી. બૅંગલોરની ૨૨મી પ્લીનરી સેશનના ચેરમૅન (૧૯૬૩). બૅંકિંગ કમિશનર (૧૯૬૯-'૭૨). તાતા કેમિકલ્સ લિમિ., મહારાષ્ટ્ર સ્ટેઈટ ટ્રાન્સપોર્ટ કૉર્પો. વગેરે જેવી અનેક મોટી સંસ્થાઓમાં વિવિધ સમયે ઉચ્ચ પદાધિકારી. પદ્મભૂષણ-૧૯૬૩.

૧. વ્યાપારમાં નવાગંતુકોને આપ શી સલાહ આપો?

ઉ. વ્યાપારમાં સફળ થવા માટે જે વસ્તુનો વ્યાપાર હાથ ધર્યો હોય તે વસ્તુની પૂરી પરખ ઉપરાંત, પોતાના ક્ષેત્રને સ્પર્શતા કાનૂની મુદ્દાઓની સમજ, હિસાબકિતાબનું જ્ઞાન, માનવસ્વભાવ વગેરેના પૂરતા જ્ઞાન સાથે પોતાના કામમાં ઊંડો રસ તથા એ માટે પૂરતા પરિશ્રમની તૈયારી હોવી જોઈએ.

૨. બૅન્કિંગ કમિશનના આપ સરકાર નિયુક્ત ચૅરમૅન છો. ભારતમાં બૅન્કિંગના વિકાસ અંગે આપ શું સૂચવો છો?

ઉ. કમિશને કરેલી ૪૧૧ ભલામણોમાં મુખ્યત્વે બૅંકોની આર્થિક કામગીરી, જાહેર જનતાને અપાતી સેવામાં સુધારો, સંચાલનમાં સુધારણા, ગ્રામ બૅંકોની સ્થાપના ને વિસ્તરણ, કર્મચારીઓની ભરતી માટે 'બૅન્કિંગ સર્વિસ કમિશન'ની સ્થાપના વગેરે અંગેનાં સૂચનો ઉપરાંત, બૅન્કની વ્યાખ્યામાં ન આવે એવી નાણાં-સંસ્થાઓને લગતા ખાસ કાયદાઓ વિષેની ભલામણો હતી.

૩. મહારાષ્ટ્ર સ્ટેઈટ ટ્રાન્સપોર્ટના અધ્યક્ષ બન્યા પછી પરિવહન-ક્ષેત્રે આપ કંઈ સૂચવો ?

ઉ. મારી ઉમેદ તો એવી હતી કે પ્રત્યેક ગામથી પગે ચાલીને પહોંચી શકાય એટલા અંતરે બસ-સ્ટૉપ હોવાં જોઈએ. મારી એ ઉમેદ મહદ્ અંશે ફળી પણ ખરી. પરિવહન-સંસ્થાનાં ઘણાં પાસાંના સંકલનની જરૂર છે. ટ્રાફિક, મિકૅનિકલ, એન્જિનીઅરિંગ, ઑટોમોબાઈલ એન્જિ., સંચાલન, કર્મચારીઓ અને વહીવટકર્તા વચ્ચેના સંબંધો વગેરે.

૪. પંદર વર્ષની વયે મૅટ્રિકમાં આપ સમગ્ર યુનિવર્સિટીમાં કઈ રીતે પ્રથમ આવેલા?

ઉ. પ્રથમ આવવા માટે મેં પ્રયાસ કર્યો નહોતો. રોજ પાંચેક કલાક હું વાંચતો. પાઠ્ય પુસ્તકો ઉપરાંત અભ્યાસને સંબંધિત બીજું વાચન પણ કરતો. પરીક્ષામાં સફળ થવું હોય તો એનાથી કદી ડરવું નહિ અને પરીક્ષા અગાઉના બેએક દિવસ તો એની બધી જ ચિંતા છોડી દેવી.

૫. દેશનું વ્યાપારી માળખું આર્થિક અને સામાજિક ક્ષેત્રે કઈ રીતે સધ્ધર બની શકે?

ઉ. એ માટે અરસપરસ સહયોગ જોઇએ. ઉત્પાદકો, કામદારો, ગ્રાહકો વગેરે સૌએ દેશના વ્યાપક હિતને લક્ષમાં રાખવું જોઈએ. દેશની પ્રગતિનો આધાર માત્ર વ્યાપાર જ નથી. ખેડૂતો, રાજકારણીઓ, સંરક્ષક દળો, વહીવટદારો એમ સમસ્ત પ્રજાએ એમાં પોતપોતાનો ભાગ ભજવવો જોઇએ.

૬. જીવન પ્રત્યેનું આપનું દૃષ્ટિબિંદુ કયા પ્રકારનું છે?

ઉ. એક અજ્ઞાત સ્થાનેથી બીજા અજ્ઞાત સ્થાને જવાનો પ્રવાસ એટલે જીવન. કોઈ સનાતન પ્રક્રિયાનો એ એક ભાગ છે. મનુષ્ય એમાં સૂક્ષ્મ છતાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સર્વવ્યાપક કોઈ અકળ ચેતનાનો એ એક તાણો છે.

રમણલાલ ગો. સરૈયા

રજૂ કરે છે. એમાં વચ્ચે વચ્ચે વિવિધ સંદર્ભે સામાજિક, રાજકીય, ધાર્મિક, નૈતિક આદિ વિષયો પરનાં એમનાં જે મંતવ્યો એમણે વ્યક્ત કર્યાં છે તેમાં એમની એક વિચાર-વિમર્શક તરીકેની તાસીર પણ પ્રકટ થાય છે. સ્થળ-કાળનાં જે કેટલાંક સુચારુ વર્ણનો આવે છે તે એમની રસજ્ઞતાનો અને અભિવ્યક્તિ-પક્ષે એમની કવિત્વશક્તિનો પુરાવો પૂરો પાડે છે. પણ જો કોઈ ખૂંચે તેવી વાત હોય તો તે જોડણીની અશુદ્ધિ. —પાન બે પર 'મૂકે'ને સ્થાને 'મુકે' અને એ જ લીટીમાં 'ઊપડી' ને સ્થાને 'ઉપડી' તેનાં ઉદાહરણો છે, તે છેવટે પ્રૂફ-રીડરે પણ કેમ નહિ સુધાર્યાં હોય તે પ્રશ્ન થયા વગર રહેતો નથી. વળી, પૃ. ૩૦૩ પર પ્રથમ પંક્તિમાં જ 'ગોસમોટાળો' ને સ્થાને 'ઘોસમોટાળો' જેવો ખોટો શબ્દપ્રયોગ થયો છે તે સુધારી લેવો જોઈતો હતો. આપણા પ્રસિદ્ધ લેખકોનાં પુસ્તકોમાં આવતા આવા દોષો ઊગતી પેઢી માટે ગંભીર પરિણામ લાવનારા નીવડે તે ભુલાવું ના જોઈએ. અને આવી બાબતમાં સહેજ પણ બેકાળજી ન ચલાવી લેવાનું પ્રકાશકોનું અને પ્રશંસકોનું પણ વલણ હોવું જ જોઈએ. (પ્રકા. ત્રિપાઠી પ્રા. લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; પાકું પૂઠું, પૃ. ૪૫૧, રૂ. ૨૧.)

સાહિત્યકાર પન્નાલાલ પટેલ: આપણા એ પ્રથિતયશ લેખકનાં જીવન અને સર્જનનો અભ્યાસ-આલેખ રજૂ કરતું ડૉ. 'સુહાસી' લિખિત આ પુસ્તક વિદ્યાર્થીઓ તેમજ અભ્યાસીઓ સહુને ઉપયોગી થઈ પડશે. (વિક્રેતા: રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર, ૪/૭૭૩, ટાવર રોડ, સૂરત; કાચું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૧૦.)

વાર્તાના કસબી શરદબાબુ: બંગાળી નવલનવેશ શરદબાબુના આ શતાબ્દીવર્ષમાં પ્રકટ થતું મુકુલ કલાર્થી લિખિત આ પુસ્તક શરદબાબુના જીવનનો મુખ્યત્વે અને સર્જકપાસાનો ગૌણ ને સુભગ પરિચય કરાવી રહે છે. (વિક્રેતા : ઉપર મુજબ, કાચું, પૃ. ૧૧૬, રૂ. ૬.)

સૂક્ત-સુધા નિરુક્ત-પર-મર્શ: સંસ્કૃતના અભ્યાસી પ્રો. રતિલાલ જગન્નાથ જાનીના વેદ અને નિરુક્તવિષયક વિવિધ અને અભ્યાસપૂર્ણ લેખોનો આ સંગ્રહ બે ખંડમાં વહેંચાએલો છે. પ્રથમ ખંડમાં ઋગ્વેદ વિષયક ૧૪ અને બીજા ખંડમાં નિરુક્તવિષયક ૬ લઘુ લેખો સંગૃહીત કરવામાં આવ્યા છે. જિજ્ઞાસુઓને આ લેખો ગમશે. (પ્રકા. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત; પાકું, પૃ. ૧૩૭, રૂ. ૧૦.)

અમીર ખુસરો: કવિ અમીર ખુસરોનો રોચક શૈલીમાં જીવનપરિચય કરાવતી નટવર ભટ્ટ લિખિત પુસ્તિકા. (પ્રકા. વિમલ પ્રકાશન, ૩૬૨, સિદ્ધારૂઢ પ્રાસાદ, જગન્નાથ શંકરશેઠ રોડ, મુંબાઈ-૨, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૨.)

ઉદ્ગાર: વિવિધ સામયિકો અને વૃત્તપત્રોમાં ગદ્ય પદ્ય કણિકાઓના વિજય શાસ્ત્રીએ કરાવેલા આસ્વાદોનો આ સંગ્રહ દેશ-પરદેશના વિવિધ લેખકોની કલમપ્રસાદીનો પરિચય –આનંદ આપી જાય છે. (પ્રકા. સુવાસિત સાહિત્ય પ્રકાશન, ૧/૩૭૮૭, મોટી દેસાઈ પોળ, સુરત-૧, પાકું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૧૨.)

ગીતાનો અર્થ કેવી રીતે કરવો? ગીતાના પરમ અભ્યાસી પ્રા. ડૉ. પ્રતાપરાય મો. મોદીએ, ગીતાના અર્થો કોઈ વાદવિવાદમાં ખેંચાયા વગર તટસ્થભાવે અને ગીતાના રચનાકાલના સંદર્ભમાં જ કરવા જોઈએ એ દૃષ્ટિબિંદુથી આ પુસ્તકનું લખાણ કર્યું છે. આથી ગીતાના સમ્યક્ અભ્યાસમાં એ ખૂબ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડી શકે તેવું બન્યું છે. (પ્રકા. પોતે જ, ગિરિધર નિવાસ, રાવપુરા, વડોદરા; પાકું પૂઠું, પૃ. ૧૭૦, રૂ. ૬-૫૦)

વિદ્યાર્થીઓની ગીતા: તત્ત્વજ્ઞાનના મહાન લઘુગ્રંથ ગીતાનો સામાન્ય વિદ્યાર્થીઓ અને સંસ્કૃત ન જાણનાર જિજ્ઞાસુઓને યોગ્ય પરિચય મળી રહે તે આશયથી તેના અઢારે અધ્યાયની સમજૂતી અહીં હાસુભાઈ શુક્લે સરળ ભાષામાં આપી છે, તે તેમનો ગીતાનો અભ્યાસ અને એના જ્ઞાનનો શ્રદ્ધાજન્ય પ્રચારોત્સાહ સૂચવી જાય છે. (પ્રકા. પોતે જ, નવચેતન હાઈસ્કૂલ ટ્રસ્ટ, એલિસબ્રિજ, અમદાવાદ-૭; કાચું, પૃ. ૧૯૭, કિંમત જણાવી નથી.)

આવતી કાલનું શિક્ષણ: આજનું કારકુનિયું શિક્ષણ વિદ્યાર્થીઓને શ્રમના મહિમાથી, હસ્તોદ્યોગના લાભથી કેવો દૂર લઈ જાય છે તે સહુ જાણે છે, ત્યારે આજના ચીલાચાલુ શિક્ષણક્ષેત્રમાંથી નવા ચીલે પ્રસ્થાન કરવું કેટલું જરૂરી છે તે સ્વાનુભવથી આ પુસ્તકના લેખકો મોહન પરીખ અને મીનુભાઈ કકલિયાએ પ્રતીતિકારકતાથી નિરૂપ્યું છે. (પ્રકા. ગુજરાત નઈ તાલીમ સંઘ, કન્યા આશ્રમ, મઢી, જિ. સૂરત; પાકું પૂઠું, પૃ. ૧૨૬, રૂ. ૩.)

ચમત્કારને નમસ્કાર: આ ધ્યેયલક્ષી કિશોર વાર્તાના લેખક છે રાજેશ વી. ચોથાણી. (પ્રકા. ધ્યેયલક્ષી પ્રકાશન, ૩-૩૮, તેજપાલ એસ્ટેટ, હ્યુજીસ રોડ, પાન ગલ્લી, મુંબાઈ-૭; કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૩-૯૦)

નક્ષત્ર-રહસ્ય: ૨૮ નક્ષત્રો વિષે સવિસ્તર માહિતી આપતા જ્યોતિષશાસ્ત્રના આ પુસ્તકના લેખક-પ્રકાશક છે જ્યોતિર્વિદ મણિલાલ ભગવાનદાસ શાહ. (૧૪૨, રામભવન બ્લૉક નં. ૩, સિવરી વડાલા સ્કીમ, વડાલા, મુંબાઈ ૪૦૦ ૩૧; પાકું પૂઠું, પૃ. ૨૭૦, રૂ. ૧૬)

રમેશ બૂચનાં કટાક્ષ-ચિત્રો: જાણીતા કાર્ટૂનિસ્ટ રમેશ બૂચનાં, સામાજિક કટાક્ષ-ચિત્રોનો રોચક સંગ્રહ. (પ્રકા. પૂર્ણિમા પ્રકાશન, એફ-૬, પન્નાલાલ ટેરેસિઝ, ગ્રાન્ટ રોડ, મુંબાઈ-૭; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૪)

માનવતાની મહેક: આપણા દેશભક્તો અને મહાપુરુષોનાં જીવનના પ્રેરણાદાયી પ્રસંગોને આ પુસ્તિકામાં નિરૂપ્યા છે મુકુલભાઈ કલાર્થીએ. (પ્રકા. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ-૧; કાચું, પૃ. ૧૦૪, રૂ.૨.)

ફરવા આવ્યો છું: સૌરાષ્ટ્રમાં જન્મેલા વિવિધ આધુનિક કવિઓના આ કાવ્યોનો સંચય સંપાદિત કર્યો છે રાજેન્દ્રસિંહ રાયજાદા અને ગોરધનભાઈ જાવિયાએ. સંપાદનનો ઉત્સાહ આવકાર્ય છે, છતાં જે કૃતિઓ પસંદ થઈ છે તે સર્વત્ર તેના કવિઓની પ્રતિભાનો પોતીકો ઉન્મેષ પ્રકટ કરતી હોય તેવું બન્યું નથી. (પ્રકા. સંપાદકો, મુ. સોંદરડા, વાયા કેશોદ; કાચું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૯.)

કારાવાસનાં કાવ્યો: શ્રી રતુભાઈ દેસાઈનાં ૫૪ કાવ્યોના આ સંગ્રહમાં, ભારતની આઝાદીની ચળવળ સમયે જેલવાસ દરમિયાન અને રાજકીય ગુપ્તવાસના ગાળામાં એમણે સર્જેલી રચનાઓ એકત્રિત કરવામાં આવી છે, જેમાં કાવ્યતત્ત્વના ઊંચા સ્તર કરતાં લાગણીની સચ્ચાઈ ને તીવ્રતા વધુ ધ્યાન ખેંચે છે– અને સુંદર છપાઇ પણ એટલી જ ધ્યાનાર્હ બની રહે છે. (પ્ર. પરિમલ પ્રકાશન પતિષ્ઠાન, પાર્વતી નિવાસ, હનુમાન રોડ, વિલેપાર્લે; મુંબાઈ-૨૭; કાચું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૧૦.)

ગમતાં ગાઈં ગીત: બાળકો-કિશોરોનાં લાગણી-વિચારને સમજતાં રચાએલાં શ્રી 'શોભન'નાં ૭૫ બાળગીતોના આ સંગ્રહમાં કેટલાંક સારાં બની આવ્યાં છે. (પ્રકા. અભિરુચિ પ્રકાશન, ૨૧૧. એ, સ્પેક્ટ્રમ, બીજે માળ, રિલીફ સિનેમા પાસે, અમદાવાદ-૧; કાચું પૂઠું; પૃ. ૮૦, રૂ. ૩.)

મોરપીંછ: શ્રી પ્રીતમલાલ મજમુદારનાં ૩૬ બાળકાવ્યોનો આવકાર્ય સંગ્રહ. (પ્રાપ્તિસ્થાન: વેસ્ટર્ન ઇન્ડિયા બુક કૉર્પોરેશન, જવાહરલાલ નેહરુ માર્ગ, સૂરત-૧, કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૨-૨૫.)

—અને છેલ્લે

માર્ક ટ્વેઈનના જન્મદિવસે તેના એક ચાહક વાચકે તેને અભિનંદનનો પત્ર લખ્યો; પણ સરનામાની જાણ ન હોવાથી લખ્યું: 'મિ. માર્ક ટ્વેઈનને પહોંચે—સરનામાની જાણ નથી. ઈશ્વર કૃપા કરે અને આ પત્ર તેમને પહોંચે.'

થોડા દિવસ પછી એ વાચક પર ટ્વેઈનનો પત્ર આવ્યો: 'ઈશ્વરે કૃપા કરી છે.'

'શું સુંદર છો તમે!'   તપતી હસી.

'પાસે બેસોને થોડી વાર...'

તપતી કહે: 'ઘણાં બધાં કામ છે હજી...'

'ચૂલામાં ગયાં કામ! મારી વાત નહિ સાંભળો તો હું તમારી એકે વાત નહિ માનું.'

આવી જિદ કરે ત્યાં તપતી શું કરી શકે? પાસે નહિ, એક ખુરશી ખેંચીને સામે બેઠી.

'મારાં થશો તમે?'

ડોક હલાવી તપતી બોલી: 'હં.'

'મોંની વાત નહિ માનું. મને અડીને સમ ખાઓ.' તપતીને એમ કરવું ય પડે: 'જીવને મરણે આમિ તોમાર—' કવિતાનો પાઠ કરતી હોય તેમ બોલી ગઈ.

પ્રેમસંપર્કે નિઃસંશય બની હવે પ્રેમિક લગ્નની વાત વિચારે છે: 'તમારી ન્યાત ?'

તપતી: 'પ્રેમમાં વળી જાત જોવાની?'

'તો યે એમાં પણ જો જાત એક નીકળે તો માનવું ભગવાન સોળ આના આપણા પક્ષે છે.'

પણ તપતી મુશ્કેલીમાં મુકાઈ ગઈ. પ્રેમિકનું નામ બરાબર યાદ આવતું નહોતું. હાથની ચાલાકીથી ચાર્ટને ઊલટાવી આડી નજરે નામ જોઈ લીધું: 'મન્મથ ચક્રવર્તી'. એટલે નિષ્કંપ, નિર્શંક કંઠે કહે: 'અમે જાતે બ્રાહ્મણ. તમે?'

'વાહ! અમે પણ. એમ જ હોવું જોઈએ. કે-

રોગી

લેખક - મનોજ બસુ
અનુ. સુકન્યા ઝવેરી

વળ આ જન્મ જ નહિ. અનેક જન્મથી આપણે એકબીજાનાં—' અધીર કંઠે મન્મથ બોલ્યો: 'અહીંથી હવે રજા મળે કે બસ ઘેર જઇને પહેલું કામ પંચાંગ લઈને મુહૂર્ત કાઢવાનું. બાપુજીને પ્રણામ કરી પંચાંગ ખોલી એમની સામે ધરીશ. અચ્છા, તપતી! માઠું ન લગાડતી, પણ ક્યાં સુધી ભણી છો? એટલે કે બાપુજીની એવી ઈચ્છા કે તેમના ઘરની એકાદ વહુ તો ભણેલી હોય.' તપતી બોલી: 'ઈન્ટરમીડિયેટ પાસ કરી અહીં દાખલ થઈ.'

'વાહ વાહ!—'ઉલ્લાસથી આવેગ ન સંભાળી શક્યો મન્મથ. તપતી ડરી ગઈ. માથાપરનો ટેબલફૅન જલદીથી ચાલુ કરી દીધો.

એ પછી શાંત થઈ ગદ્‌ગદ કંઠે મન્મથ બોલ્યો: 'નર્વ્ઝની બીમારીમાં ઑસ્પિટલમાં દાખલ થયો. તેમાં ય ખાસ આ જ ઑસ્પિટલમાં...હવે સમજાયું, એ બધી ભગવાનની લીલા! અહીં ન આવત તો તને ક્યાંથી પામત, તપતી?' તેણે નર્સનો જમણો હાથ હાથમાં લીધો. આંગળીઓથી રમવા માંડયો. તપતીએ આનાકાની ન કરી.

તે દિવસે સાંજના મન્મથને રજા મળી ગઈ. હિસાબ પતાવી બક્ષિશ વગેરે જેને જે દેવાનું હતું તે દઈ ઑફિસ સામેની બેંચ પર એ બેઠો.

જમાદારે આવી તપતીને કહ્યું: 'સિસ્ટર, પેશન્ટ તમને બોલાવે છે.'

'કહે કે કામમાં છું. હમણાં નહિ મળી શકાય.'

જમાદાર બોલ્યો: 'નહિ મળો ત્યાં સુધી એ હટશે નહિ એમ કહ્યું છે.'

તપતી જઈ પહોંચી ડૉક્ટર પાસે: 'પેશંટને કેમ રજા આપી?'

'સારો થઈ ગયો એટલે. રજા ન આપું તો શું હમેશ માટે અહીં રાખવાનો?'

'સારો થયો છે તો પછી હજુ ય પ્રેમ કેમ કરે છે?'


'બીજો રોગ થયો છે. એ રોગની દવા માર...'

તપતી હસીને બોલી: 'એ ચિકિત્સા પણ તમારે જ કરવી પડશે.'

ડૉક્ટર ઉચ્છ્વસિત થઈ બોલ્યા: 'અધિકાર આપે છે તું તપતી? મનમાં નક્કી કરી લીધું છે ને? તો પછી હમણાં જ દંડો લઈને જાઉં છું.'









ઈ. ૧૯૭૭ની ભારતની ટિકિટો

આ ત્રણ માસ દરમિયાન ભારતે બહાર પાડેલી આ ખાસ ટિકિટોમાં ઉપરની પહેલી ટિકિટ આ વર્ષના આરંભમાં દિલ્હીમાં યોજાએલા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ નિમિત્તની, બીજી ભૂકંપીય યંત્રવિદ્યા અંગેની છઠ્ઠી વિશ્વપરિષદ નિમિત્તની, ત્રીજી 'દેશભક્ત' તરુણ રામ ફૂકનની જન્મશતાબ્દી પ્રસંગની અને ચોથી પરમહંસ યોગાનંદના માનમાં બહાર પડેલી ટિકિટો છે. બાજુની બે ટિકિટોમાં ગયા માસમાં યોજાએલી પ્રથમ એશિયાઈ ક્ષેત્રીય રેડક્રૉસ સમ્મેલન પ્રસંગની અને છેલ્લી ટિકિટ સ્વ. રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અલીઅહમદના માનમાં બહાર પડેલી ખાસ ટિકિટ છે. દરેક ટિકિટ પર જે તે નિમિત્તને અનુરૂપ ચિત્ર આપ્યાં છે.

(પ્રેષક: ડાહ્યાલાલ પરમાર-અમદાવાદ)





ઋષિમંડળ-૪

કપિલમુનિ

ભગવાન વિષ્ણુ અને બ્રહ્માના આદેશથી મહર્ષિ કર્દમે સ્વાયંભુવ મનુ અને શતરૂપાની કન્યા તથા પોતાની મનોવાંછિત દેવહૂતિ સાથે સરસ્વતી તીરે શ્રીસ્થલ (સિદ્ધપુર)માં લગ્ન કર્યું. એમને ત્યાં કલા, અનસૂયા, શ્રદ્ધા, હવિર્ભુ, ગતિ, સતી, ખ્યાતિ, અરુંધતી ને શાંતિ નામે પુત્રીઓ થઈ. સૃષ્ટિના વિકાસાર્થે બ્રહ્માના આદેશથી એમને મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ, વસિષ્ઠ અને અથર્વાને પરણાવી. આ પછી કર્દમને ત્યાં કપિલ મુનિનો જન્મ થયો. સ્વાયંભુવ મન્વંતરમાં વિષ્ણુનો એ પાંચમો અવતાર મનાય છે. જન્મજાત સિદ્ધ પુરુષ હોઈ તેઓ 'આદિસિદ્ધ' કહેવાય છે. ગીતામાં કૃષ્ણે પણ કહ્યું છે કે 'સિદ્ધાનાં કપિલો મુનિઃ' મોક્ષ માટે કર્મકાંડ નહિ પણ જ્ઞાનની ઉપાસનાનો પ્રથમ બોધ એણે જ આપ્યો હતો.

પિતા કર્દમે તપસ્યા માટે વનવાસ સ્વીકાર્યો હોઈ માતા દેવહૂતિનઃ મોક્ષ માટે એમણે સાંખ્યસૂત્ર રચ્યું હતું જેમાં એમણે પ્રકૃતિ-પુરુષ વિવેક સમજાવી વિકાસવાદને પ્રતિપાદિત કર્યો હતો. સુખદુઃખ એ પ્રકૃતિની દેણગી છે અને પુરુષ અજ્ઞાનથી બદ્ધ છે. આ અજ્ઞાનનો નાશ કરતાં પ્રકૃતિ અને પુરુષ બંને પોતપોતાના સ્થાને સ્થિર થાય છે. જ્ઞાન વડે જ અજ્ઞાનનો નાશ થાય છે એ સ્પષ્ટ કરી જ્ઞાનને ચર્ચાનો વિષય નહિ, પણ એક સાધનનું રૂપ આપીને એમણે મોક્ષ-માર્ગમાં ત્યાગ, તપસ્યા ને સમાધિનું મહત્ત્વ સ્થાપ્યું હતું.

સિદ્ધક્ષેત્ર શ્રીસ્થલથી તેઓ પછી ગંગા જ્યાં સાગરને મળે છે તે સ્થળે ગયા. ત્યાં સમુદ્રે એમનો આદર કરી બેસવાને સ્થાન આપ્યું. અહીં એમણે યોગાભ્યાસ કર્યો અને આશ્રમ સ્થાપ્યો. એક વાર તેઓ સમાધિમાં હતા ત્યારે ઈન્દ્રે સગર રાજાના અશ્વમેધ યજ્ઞનો ઘોડો ચોરી લાવીને એમની પાછળ બાંધી દીધો. ઘોડાને શોધતાં શોધતાં સગરના સાઠ હજાર પુત્રો અહીં આવી ચડયા અને કપિલમુનિને ચોર સમજી એમને માર માર્યો. એથી સમાધિભંગ ઋષિના ક્રોધાગ્નિમાં એ બધા બળીને ભસ્મ થઈ ગયા હતા. આજે આ સ્થળ ગંગાસાગર નામે પ્રસિદ્ધ છે. કપિલ મુનિએ માતાને જ્યાં મોક્ષ-માર્ગનો બોધ આપેલો તે સ્થળ તે આજનું સિદ્ધપુર પાસેનું માતૃતીર્થ એમ મનાય છે.

સાંખ્યસૂત્ર, તત્ત્વસમાસ, વ્યાસપ્રભાકર, (વેદાંત વિષયક) કપિલગીતા, કપિલ પંચરાત્ર, કપિલસંહિતા, કપિલસ્તોત્ર અને કપિલસ્મૃતિ એ બધી એમની રચના ગણાય છે.




માધુકરી

હવે ઉનાળો ચડશે કુલેકે.
વંટોળિયા, ક્યાંક અવાજ સૂના,
લૂના ધખારા, જળ ઝાંઝવાંનાં;
કૈં કેટલાં સાજન લેઈ સાથે
આ ગામ વચ્ચે ફરશે કુલેકે! —હરિકૃષ્ણ પાઠક

કવિ દુલા કાગ

ગુજરાતના—ખાસ કરીને સૌરાષ્ટ્રના લોકસાહિત્યની એક આગવી અસ્મિતા છે. એની અભિવ્યક્તિમાં ભક્તિભાવથી માંડી ઉપનિષદોના જેટલું ઊંડું તત્ત્વજ્ઞાન, જનમનરંજનથી માંડી વ્યાપક જીવનદૃષ્ટિની ભદ્રતા, સરળતમ છતાં અર્થગંભીર શબ્દવૈભવ, અદનામાં અદના માનવીની જીભે ચડી જાય એવું ગેયત્વ અને લોકહૃદયમાં જડાઈ જાય તેવો ચાતુરીયુક્ત બોધ જોવા મળે છે. રોજિંદા જીવનના એક એક પાસાને સ્પર્શતું આ લોકસાહિત્ય બહુધા કંઠસ્થ જ રહ્યું હોઈ નવા યુગના ગ્રંથસ્થ શિષ્ટ સાહિત્યને પડછે ઓરમાયા જેવું બની ગયું હતું ત્યારે સ્વ. મેઘાણીએ એની ખરી ઓળખ અને એની વ્યાપક શક્તિની પિછાન કરાવી એનું ગૌરવ પુનઃ પ્રસ્થાપિત કર્યું. કવિ દુલા કાગે એને પોતાની વશીકરણી વાણી વડે એમાં ફરી પ્રાણ ફૂંક્યો. ગુજરાતમાં ફરી 'ડાયરા' જામવા માંડયા અને ગુજરાતી ચિત્રપટોએ જૂનાં લોકગીતોને ફરી વહેતા કરવા માંડયા છે. જો કે આ બંને દ્વારા રજૂ થતા લોકસાહિત્યમાં પ્રામાણિકતા કેટલી છે એ એક અલગ પ્રશ્ન છે, પણ લોકો લોકસાહિત્ય તરફ અભિમુખ થવા લાગ્યાં છે એ તો હકીકત છે. આ અભિમુખતા કેળવવાનો મહદ્ યશ છે ઉપર કહ્યા તે બે મોભીઓને જ. પણ આજે એ બંને નથી. મેઘાણીને ગયાને તો વખત થયો; તાજેતરમાં કવિ દુલા કાગનું પણ અવસાન થયું. હવે બાકી જે ગણ્યાગાંઠયા પરખંદા ને જ્ઞાતા રહ્યા છે એમને માટે લોકસાહિત્યના પ્રસાર માટેના પ્રયાસોમાં સવિશેષ પુરુષાર્થ કર્યા સિવાય આરો નથી.

સાહિત્યક્ષેત્રે જેમ મેઘાણીની દેણગી માત્ર લોકસાહિત્ય પૂરતી સીમિત નહોતી એમ કવિ કાગની દેણગી પણ બહુવિધ રીતે વ્યાપક રહી છે.



જૂનાગઢના રા'ડિયાસનું માથું માગનાર તુંબેલ ચારણ બીજલના એ વંશજ. વડવાઓ કચ્છ છોડી સાતેક પેઢીથી કાઠિયાવાડમાં આવી વસેલા. પહેલાં બગડાણા પાસે કમળાને ડુંગરે, ત્યાંથી સાલોલી ને પછી ગિરમાં રહી છેવટ જૂના ભાવનગર રાજમાં મજાદર ગામે એ સ્થિર થએલા. મજાદરના જસા અરડુએ ઝાલા કાગને પોતાની દીકરી પરણાવી હતી. આ ઝાલા કાગના દીકરા ભાયા કાગની પંથકમાં ફે ફાટતી. આસપાસના માથામારે બારાડીઓમાં એ સાવજ થઈને રહેતા. ઘેર ઝાઝેરાં ઢોર ને મોટી ખેતી. એના અમરે ભર્યા ઘરમાં અફીણ, અનાજ ને દારૂની જ્યાફતો ઊડતી. ઘરનો રોટલો મોટો એટલે એનાં ઘરવાળાં ધાનબાઈને દાડી પોણો મણનું દળણું રહેતું. આ અન્નપૂર્ણા જેવાં ધાનબાઇને પેટે સંવત ૧૯૫૮ની કારતક વદ ૧૧ની મધરાતે દુલા કાગે જન્મ લીધો. દસમે વર્ષે નાના દુલાએ ગૌસેવાનું વ્રત લીધું. અડવાણે પગે એણે ઘરના ઘોડા ધમારવા—ખેલવવા મૂકીને સીમમાં ગાયો ચારવા માંડી. ખડિયામાં ગણપતિની મૂર્તિ ભેળી રાખી એની ઉપાસના કરવા માંડી. ડુંગાપાણી ને કસુંબાની છાળો ઉડાડતા બાપના ભર્યા ભર્યા ડાયરા છાંડી

એણે સાધુસંતોનો સહવાસ કરવા માંડયો. દીકરાના આ ભગતડાવેડા જોઈ બાપ ભાયા કાગને પોતાની દોમદોમ સાહ્યબીનાં રખવાળાંની ચિંતા કોરવા લાગી. છાંટોપાણી લેતા રહીને આંખ રાતી રાખી મરદ બનવા એણે દીકરાને અનેક વાર સલાહ આપી. બીજી યે આડીઅવળી કંઈક કાહટી કરી જોઈ. પણ બાપને મારગે ચડવાનો દીકરાનો પાનો ન ચડયો-તે ન જ ચડયો. અંતે હારીને ભાયા કાગ એને મહુવા પંથકના સાંગણિયા ગામે પોતાના એક ભેરુ આયર હીપા મોભને ત્યાં લઈ ગયા. આ હીપા મોભે દુલાની અંતરભાવના કળી લીધી. બહુ કોચવતાં છોકરો બાવો થઈ જશે એમ માની એણે ભાયા કાગને એનો અભરખો છોડી દેવા સલાહ આપી. અંતે પીપાવાવના પ્રતાપી સાધુ મુક્તાનંદજીને દુલાની સોંપણી કરી. અહીં દુલાનું દિલ કોળ્યું. પાંચ જ ચોપડી ભણેલા દુલાએ અહીં શાસ્ત્રોનો અભ્યાસ આદર્યો. વિચારસાગર, પંચદશી ને ગીતા તો એને હવે જીભે થઈ ગયાં. રામાયણ ને મહાભારતના કથાસાગરમાં એનું મન હવે હેલારા લેવા લાગ્યું. એક શુભ મુહૂર્તે મુક્તાનંદજી ગુરુએ ગોઠણે ગોઠણ અડાડી માથે હાથ ફેરવી એને સવૈયો લખી આવવા આદેશ આપ્યો. અને ત્યારથી દુલા કાગની વહેતી થએલી કાવ્ય સરવાણી આગળ જતાં અસ્ખલિત કાવ્યધોધ બની રહી. કરુણા નીતરતો આત્મા, ભક્તિરસમાં ભિંજાએલું હૃદય, અનુભવોમાંથી ઊતરતી વાણી, શાસ્ત્રોનો અભ્યાસ ને જોડ કહેણી સાથે રણકતા કંઠે ભળીને એમને લોકપ્રિયતાને ઊંચે આસને પહોંચાડી દીધા. રાજદરબારે એમનાં માન વધ્યાં. પણ ન તો એ એમાં અટવાણા ન પ્રતિષ્ઠાને ફાંસલે ફસાણા; ન તો એમણે વતનના અબુધ માયાળુ માનવી છોડયાં કે ન વતનની ધરતી. પોતીકું ખોરડું ને ખેડ પણ એમણે જાળવી રાખ્યાં. સંયમ, વિવેક, સૌજન્ય, આર્દ્રતા ને જનસેવામાંથી એમણે પોતાના કાવ્યસર્જનની પ્રેરણા ઝીલી. પરંપરાગત ચારણી ધાટીના એમના કાવ્યગાને હજારોની સભાઓ ડોલાવવા માંડી. ગામડા ગામના અદના ભગતો સુધી એમનાં ભજનો ગવાવા લાગ્યાં. લોકવાર્તાઓ કહેતા એમના રણકતા કંઠે કંઈક લોકોને હસાવ્યા-રડાવ્યા. એમણે રચેલી 'કાગવાણી'ના આઠઆઠ ભાગોની અનેક આવૃત્તિઓ છપાઈ-વેચાઈ. આકાશવાણીએ જવલ્લે જ કોઈ એક વ્યક્તિનું કર્યું હશે એટલું રેકોર્ડિંગ એમનું કર્યું છે. લોકઢાળમાં ઢળેલી એમની વાણીનું વશીકરણ એમ જલ્દી લોપાય એમ નથી જ. એમનું સર્જન લોકોનું સંસ્કારધન બની ગયું છે.

પણ ખેતી કે લોકસાહિત્યનાં સર્જન-પ્રસારમાં જ એમની પ્રવૃત્તિ સીમિત નહોતી બની રહી. પોતાની કોમની સંકુચિતતાના અનેક ઘા ખમીને યે એમણે ચારણોની ઉન્નતિમાં સદાય સક્રિય રસ લીધો હતો. ભાવનગરના ચારણોને વારસોહક્ક અપાવવામાં એમણે આગેવાની લીધી હતી. 'ચારણ હિતવર્ધક સભા'ના એ પ્રમુખ થયા હતા. ચારણ વિદ્યાલયની સ્થાપનામાં એમણે આગેવાનીભર્યો ભાગ લીધો હતો. ગાંધી. યુગની નવજાગ્રતિના વિચારોને એમણે સચોટતાથી લોકઢાળમાં ઢાળ્યા હતા. ગાંધી પ્રશસ્તિની એમની રચનાઓ ગામડાંઓ સુધી ફેલાઈ ગઈ હતી. નશાબંધીનો વિચાર ફેલાવવા ને પાંત્રીસ ગામને દારૂ છોડાવવા એમણે પાઘડી ઉતારી હતી. વિનોબાજીના ભૂદાનના ખયાલને એમણે આત્મસાત્ કરી વિનોબા-બાવની રચી હતી. રવિશંકર મહારાજના એ ચાહક હતા એમને મજાદર આમંત્રીને એમણે પોતાની ખેડમાંથી ૬૫૦ વીઘાં જમીન, ૧૨ બળદ, ૧૨ હળ ને ૧૨ કૂવા તથા પાંચ હજાર રૂપિયાનું ઘાસ ભૂદાનમાં ભેટ આપ્યું હતું.

બાળપણમાં એમનું લગ્ન થએલું. એ પત્નીના અવસાન પછી દસ વર્ષ તેઓ અપરિણીત રહ્યા, પણ પિતા અને નાના ભાઈના મૃત્યુ બાદ વંશરક્ષાર્થે એમણે રાજબાઈ સાથે ફરી લગ્ન કરેલું. બચપણમાં એમને રાજરોગ અડી ગએલો, ઉત્તરાવસ્થામાં એ ફરી ઊછળી આવ્યો. સાતસાત વરસ સુધી એમણે એની સામે ઝીંક ઝીલી. દેહના એ બેસૂરાપણાને દાબી દઈ ને છેવટ સુધી લોકોને લોકસાહિત્યનું પાન કરાવવા સાથે નવા યુગવિચારોનું સંકલન સાધી એમણે જનસામાન્યનું આગવી રીતે ઘડતર કર્યા કર્યું. આજે એ મર્મભેદક તેજસ્વી આંખો, ઝૂલતી ફરફરતી દાઢી, રણકતો કંઠ ને માથે ચોટલો ઢાંકતી પાઘડી તથા જાડા પોશાકવાળો સાગના સોટા જેવો એમનો દેહ તો આપણી વચ્ચે નથી રહ્યો, પણ લોકસાહિત્યના ઇતિહાસમાં મેઘાણી ની સાથે એમનું નામ પણ કદી ભુલાશે નહિ જ.

(સંકલિત)

ખજૂર

આપણા દૈનિક આહારમાં કુદરતી ખોરાકોના મહત્ત્વ ઉપર જેટલો ભાર મૂકીએ તેટલો ઓછો છે, કારણ કે કુદરતી ખોરાકોમાં આરોગ્ય માટે-અરે, જીવન ટકાવી રાખવા માટે પણ અતિ આવશ્યક એવા પોષક ગુણો જળવાઈ રહ્યા છે, અને તેથી જે ખોરાક, તેને સુગ્રાહ્ય બનાવવા માટે તેની ઉપર કરવામાં આવેલી પ્રક્રિયાઓ વડે વિકૃત ન હોય અને તેના મૂળ રૂપમાં જ ખાઈ શકાતો હોય; તે ખોરાક આપણા આરોગ્ય માટે હિતકર છે.

ખજૂર એકંદરે સસ્તું અને આપણા દેશમાં સુલભ છે. જો કે સારામાં સારું ખજૂર અરબસ્તાન-ઈરાકથી આવે છે. કહેવાય છે કે અરબો ફક્ત ખજૂર અને પોતાની સાંઢણીના દૂધ ઉપર મહિનાઓ સુધી રણમાં મજલ કાપી શકે છે. ખજૂર એક ઉત્તમ કુદરતી ખોરાક છે. દરરોજના આહારમાં વપરાતા કોઈ પણ એક ખોરાક જેટલું તે સંપૂર્ણ છે. કોઈ કે ખજૂરને 'સંઘરેલા સૂર્યપ્રકાશ' (સનલાઈટ ઈન સ્ટૉરેજ) તરીકે વર્ણવ્યું છે કેમ કે ખજૂરને ઝાડ પર પાકવા માટે સૂર્યનો પ્રખર તડકો જોઇએ છે.

ખજૂર બાળકો માટે તેમ જ પુખ્ત વયના માણસો માટેનો એક ખાસ ખોરાક છે, કારણ કે તેમાં વિપુલ પ્રમાણમાં કુદરતી શર્કરા રહેલી છે, જેને સહેલાઈથી પચાવી શકાય છે અને જે શરીરનાં તત્ત્વો સાથે સહેલાઈથી ભળી જાય છે. ખજૂરમાંની સાકર મૂળથી જ પાચન થએલી હોય છે અને ચરબીનો વધારો કરતી નથી, જ્યારે રોજિંદા વપરાશની રિફાઈન્ડ ખાંડ અને તેમાંથી બનાવેલી મીઠાઇઓ આ ગુણો ધરાવતી હોતી નથી. આ ઉપરાંત ખજૂરમાં પ્રોટિન તત્ત્વો પણ છે, જે શરીરના કોષોના નવવિધાન માટે આવશ્યક છે. ખજૂરમાં લોહીને સુધારનાર તેમ જ હાડકાંને અને દાંતને સુદૃઢ બનાવનાર લોહ, કૅલ્શ્યમ વગેરે ખનિજ તત્ત્વો પણ વિપુલ પ્રમાણમાં છે. વળી, તેમાં મૅગ્નેશિયમ, પોટૅશિયમ, ફૉસ્ફરસ વગેરે અન્ય ખનિજો પણ છે. ખજૂર વિટામિન 'એ'નું તથા વિટામિન 'બી/૨' અને વિટામિન 'બી' કૉમ્પ્લેક્સનું ઘણું સારું પ્રાપ્તિસ્થાન છે. પણ તેમાં 'સી' અને 'ડી' વિટામિનો જૂજ પ્રમાણમાં છે.

આ બધાં તત્ત્વો શરીરરચના માટે જરૂરી છે. એક ઔંસ ખજૂર તેટલા જ વજનના માંસ કરતાં ૩/૪ જેટલું વધુ ખોરાકી લોહ પૂરું પાડે છે અને એ લોહ વધારે ઊંચા પ્રકારનું હોય છે. ખજૂરને સંપૂર્ણ ખોરાક બનાવવા માટે તેમાં ફક્ત દૂધ જ ઉમેરવું જરૂરી છે. એક રતલ ખજૂર અને એક શેર દૂધ સાધારણ માણસની રોજિંદી જરૂરત માટેનું પોષણ પૂરું પાડવા માટે જથ્થાની દૃષ્ટિએ પૂરતાં છે, એટલું જ નહિ પણ એમાંનાં પોષક તત્ત્વો ગુણવત્તાની દૃષ્ટિએ પણ ઉત્તમ છે.

આમ, ખજૂર ખોરાક તરીકે લાભદાયી હોવા ઉપરાંત મૃદુ રેચક તરીકે પણ ઉપયોગી છે. નિત્યના આહારમાં તેનો સમાવેશ કરવાથી આંતરડાંની ક્રિયામાં વેગ આવે છે ને કબજિયાત દૂર થાય છે. ગાંધીજીએ ખજૂર, બકરીનું દૂધ અને ફળો વડે જ આવી સરસ તંદુરસ્તી ટકાવી રાખી હતી. ખજૂરનો રોજિંદા ખોરાક તરીકે ઉપયોગ કરતાં પહેલાં કેટલીક સાવચેતી લેવી આવશ્યક છે. બજારમાં વેચાતું ઘણું ખરું ખજૂર ધૂળ ને કચરાવાળું હોવાથી તેને બરોબર સ્વચ્છ કરવું જરૂરી છે. વળી ખજૂર વેચતી વખતે ખુલ્લું રાખવામાં આવતું હોવાથી તેની ઉપર બેસતાં માખી વગેરે જીવડાં દ્વારા રોગનો ફેલાવો થવાનો પણ સંભવ છે. એકસામટું ઘણું ખજૂર ખવાય તો તે પચાવવું મુશ્કેલ પડે. સૌથી સારી રીત એ છે કે જમતી વખતે જ થોડુંક ખજૂર ખૂબ ચાવીને ખાવું.

(જન્મભૂમિ-પ્રવાસી) —ચિકિત્સક

ખજૂરનો દેશ ઇરાક

દુનિયામાં ખજૂરના કુલ પાકનો ૮૦ ટકા એકલા ઈરાકમાં પાકે છે. ખનિજ તેલના ક્ષેત્રે ઈરાકનું સ્થાન પહેલી હરોળમાં હોવા છતાં પહેલું નથી, પણ ખજૂરના ક્ષેત્રે તો પહેલું છે. આપણે ત્યાં ખજૂરની બે-ચાર જાત જ આવે છે, પણ ઈરાકમાં ૪૫૦ જેટલી જાતો છે, અને તેનાં સવા ત્રણ કરોડ જેટલાં ઝાડ (ખજૂરી) ઈરાકમાં છે.

ખજૂરી માટે એમ કહેવાય છે કે તેના પગ (મૂળ) ઠંડા પાણીમાં જોઈએ ને તેનું માથું (ટોચ) સખત તડકામાં જોઈએ. આવી સરસ સગવડ ઈરાકમાં છે. યુફ્રેટીસ અને તિગ્રીસ નદીનાં પાણી સમુદ્રમાં વહી જાય છે તે પહેલાં તેમનો સંગમ થાય છે ને પછી બંને નદી મળીને વહે છે ત્યારે તે પ્રવાહને શત-અલ-અરબ કહે છે. તેમાંથી અનેક નહેરો કાઢવામાં આવી છે. ઈરાક આમ તો રણપ્રદેશ છે, પણ જ્યાં આ બે નદીઓનાં પાણી નહેરો વડે પણ પહોંચે છે ત્યાં લીલા લહેર છે.

ઈરાકમાં ખજૂરનો વાર્ષિક પાક ચાર લાખ ટન જેટલો થાય છે. તેમાંથી બે ભાગ નિકાસ થાય છે અને એક ભાગ ઈરાકીઓ પોતાના ઉપયોગમાં લે છે. તેમના માટે ખોરાકની તે એક મુખ્ય વાનગી છે. ભારતથી અગ્નિ એશિયા અને પ્રશાન્તના ટાપુઓમાં જે સ્થાન નાળિયેરીનું છે તે સ્થાન ઈરાકમાં ખજૂરીનું છે. એ બંને વૃક્ષો કલ્પવૃક્ષ છે. તેમનો કોઈ ભાગ નકામો નથી જતો. તેના પથ્થર જેવા ઠળિયા પણ ખાંડીને ઢોરને ખવડાવવામાં આવે છે. સમગ્ર દક્ષિણ ઈરાક ખજૂરીઓનો બગીચો છે. તેની શ્રેષ્ઠ જાત 'હલાવી' છે જે દળદાર અને સોનેરી ભૂરા રંગની હોય છે. ખદ્રાવી નાની અને રતાશ પર ભૂરા રંગની હોય છે. સાયર નામની ખજૂર કાળાશ પર રાતી, પણ ખાવામાં ઉત્તમ છે. ઝહદી ખજૂર પીળાશ પર સોનેરી રાતા રંગની અને મોટી હોય છે.

જેમ આયર્લૅન્ડની પ્રજાના ખોરાકમાં મુખ્ય વાનગી બટાટા છે અને યુરોપમાં બ્રેડ અને માંસ છે, તેમ ઈરાકી પ્રજાની મુખ્ય વાનગી ખજૂર અને માંસ છે. અરબ દેશોમાં બહુ ઓછી જમીનમાં ખેતી થાય છે કારણ કે વરસાદનો સર્વત્ર અભાવ અથવા અછત છે, અને બે ડઝન જેટલા અરબ દેશોમાં નદી તો ત્રણ જ છે—બે ઈરાકમાં અને એક (નીલ નદી) ઇજિપ્તમાં. આથી અરબ પ્રજાના ખોરાકમાં બે મુખ્ય વાનગી ખજૂર અને માંસ છે.

ગુજરાત-સૌરાષ્ટ્રનાં વહાણોને જેની સાથે પ્રાચીન કાળથી સંબંધ છે એ ઈરાકનું બસરા બંદર ખજૂરના વેપારનું બંદર છે. તેની આસપાસનો પ્રદેશ ખજૂરીથી લીલોછમ છે. બસરા સમુદ્રકાંઠે નથી, નદીકાંઠે છે. ત્યાં ૭૦ કરતાં વધુ મોટી નહેરો છે. નાની તો અસંખ્ય. દિવસમાં બે વાર ઈરાની અખાતમાં ભરતી આવે ત્યારે શત-અલ-અરબના મુખમાં ભરતીની વીળ ચડીને મીઠું પાણી નહેરોમાં ઠલવાય છે. આમ ખજૂરીના વાવેતરને દિવસમાં બે વાર મીઠું પાણી મળે છે. ખજૂરની લૂમો પાકે ત્યારે તેમને હોડીઓમાં નાખીને નહેરો વાટે બજારમાં લાવવામાં આવે છે.

આપણા દેશમાં ખજૂરની જંગલી જાત જ થાય છે અને તે પણ મેવા તરીકે પકાવી શકાતી નથી. ખજૂરની જાત તથા આપણું હવામાન પરસ્પર અનુકૂળ નથી. તે માટે પ્રયોગો થાય છે. આપણે કેટલાક મેવાની સ્વાદિષ્ટ વાનગીઓ બનાવીએ છીએ, પણ ખજૂરની વાનગીઓ બનાવતાં નથી શીખ્યાં. તેનું કારણ એ હોય કે એક જમાનામાં બહુ સોંઘા મેવા તરીકે તેની ઉપેક્ષા થતી હતી. એ જમાનામાં આપણાં બંદરોમાં અસાધારણ શ્રમનું કામ કરનારા મજૂરો એક-બે આનામાં ખજૂર અને સીંગદાણા પેટ ભરીને ખાઈ અને તેમાંથી એટલું બધું પોષણ મેળવતા હતા કે જે શ્રીમંતોના ભોજનમાં ન મળે! ખજૂર અને સીંગદાણાનો મેળ મેળવાય ત્યારે તેમાંથી કેટલાં બધાં પ્રોટીન, શર્કરા, ચરબી (તેલ), વિટામીનો, ખનિજો વગેરે મળે! આવું ઉત્તમ પોષણ આટલા સોંઘામાં

મેળવનાર મજૂર આવી તનતોડ મહેનત કરી શકે એમાં કંઈ નવાઈ છે? એમનો આ નાસ્તો અને એમનો આ શ્રમ મને વર્ષો પછી તાજમહાલ હોટેલમાં યાદ આવ્યાં, જ્યાં સારી સાફ કરેલી ખજૂરમાંથી ઠળિયો કાઢીને તળેલા ખારા શીંગદાણા ભરાવી દઈ નાસ્તામાં આપવામાં આવેલાં જોયાં!
(જનશક્તિ) —વિજયગુપ્ત મૌર્ય

શ્રીરામ

સનાતન ધર્મે નિર્દેશેલા બધા જ મૂળભૂત ગુણો શ્રીરામમાં છે. સત્યની ટેક, આચારવિચાર અને વાણીની એકવાક્યતા, સાહસિકતા અને પરદુ:ખભંજકતા, ન્યાય અને કરુણા, શરણે આવેલાને ક્ષમા આપવાની વૃત્તિ, દુર્જય આકર્ષણો અને વિકટ સંજોગોની વચમાં પણ કર્તવ્યને વળગી રહેવાની અડગતા, પરિણામોની ચિંતા કર્યા વિના ધર્મનું ચુસ્ત પાલન, દુષ્ટનિગ્રહ અને શિષ્ટપરિપાલન ઇત્યાદિ સર્વ ગુણો તેમનામાં છે.

જન્મથી તે અવતારકાર્યની પૂર્ણાહુતિ સુધી તેમનું જીવન પ્રત્યેક દેશકાળના મનુષ્ય માટે આદર્શરૂપ હતું. તેમનું પ્રત્યેક કાર્ય શુદ્ધ અને ઉદાત્ત જીવનના નમૂનારૂપ હતું. વાલિવધ, દેવી-અગ્નિપરીક્ષા ને સીતાત્યાગ જેવા છૂટાછવાયા ચર્ચાસ્પદ પ્રસંગો પણ ઔચિત્યસભર છે. તે એમની સત્યમય જિંદગીની તર્કબદ્ધ પરિણતિ સમા છે. સત્યની કસોટી ઘણી કપરી હોય છે. એ તો ખાંડાની ધારે ચાલવાનો માર્ગ છે. અનેક પ્રસંગોએ એ માર્ગે ચાલતાં શ્રીરામે ઘણા ભોગ આપ્યા છે. આમ રામાવતાર એ મહાવિષ્ણુનો આદર્શ મનુષ્ય તરીકેનો આવિષ્કાર છે. 'નરોત્તમ' કહી શ્રીમદ્ વાલ્મીકિ રામાયણે શ્રીરામને બિરદાવ્યા છે.

શ્રીરામ આદર્શ મનુષ્ય અને આદર્શ રાજ્યકર્તા, કર્તવ્યપરાયણ પુત્ર, નિષ્ઠાવાન પતિ અને પ્રેમાળ ભાઈ હતા. જીવનના વિવિધ સંબંધોમાં તેમણે શાશ્વત સત્યોને ઘટિતાર્થ કર્યાં હતાં. શ્રીરામનું આ જ અવતારકાર્ય હતું. —કનૈયાલાલ મુનશી

૧૯૭૭માં નવી ટપાલટિકિટો

ભારત સરકાર તરફથી ૧૯૭૭ના વર્ષ દરમિયાન નીચે મુજબ નવી ટપાલટિકિટો પ્રસિદ્ધ કરવાનો કાર્યક્રમ કામચલાઉ નક્કી કરવામાં આવ્યો છે.

તારીખ	વિષય-વિગત	કિંમત: પૈસામાં
૧/૪	એશિયાઈ મહાસાગરીય	૨૦૦
૨/૪	નરોત્તમ મોરારજી (જન્મ-શતાબ્દી)	૨૫
૪/૪	માખનલાલ ચતુર્વેદી	૨૫
૧૩/૪	ગંગા રામ	૨૫
૧૪/૪	મહાપ્રભુ વલ્લભાચાર્ય	૧૦૦
૫/૬	વિશ્વ-વાતાવરણ દિન	૨૦૦
જુલાઈ	ધ્વન્યુત્પાદક વાજા (ફોનોગ્રાફ)ની શોધની શતાબ્દી	૨૦૦
૨૨/૮	આનંદ કે. કુમારસ્વામી	૨૫
૬/૧૦	૩૨મી આંતરરાષ્ટ્રીય હોમિયોપૅથિક મહાસભા	૨૦૦
૨૩/૧૦	બાળ ચિકિત્સા ઉપર ૧૫મી આંતરરાષ્ટ્રીય મહાસભા	૨૦૦
ઑક્ટો.	કિત્તુરનાં રાણી ચેન્નામ્મા	૨૫
૧૪/૧૧	બાલદિન (જવાહરલાલ નેહરુ જન્મ-દિન)	૨૫/૨૦૦
૨૮/૧૧	સેનાપતિ બાપટ	૨૫
૨૫/૧૨	કામતાપ્રસાદ ગુરુ	૨૬

શ્રેણીઓ

માર્ચ	ભારતીય ફૂલો	૨૫, ૫૦, ૧૦૦, ૨૦૦
મે	ભારતીય આદિવાસીઓ	૨૫, ૧૦૦, ૨૦૦, ૫૦૦
જુલાઈ	ભારતીય સંગ્રહસ્થાનો	૨૫, ૫૦, ૧૦૦, ૨૦૦
સપ્ટે.	ભારતીય બિયર્ડઝ	૨૫, ૫૦, ૧૦૦, ૨૦૦
નવે.	ભારતીય નવવધૂઓ	૨૫, ૧૦૦, ૨૦૦, ૫૦૦
ડિસે.	આધુનિક ભારતીય કલાકારોનાં ચિત્રો	૨૫, ૧૦૦, ૨૦૦, ૫૦૦

માસમાસના આકાશમાં: એપ્રિલ-મે



ગયા માસ દરમિયાનના બ્રહ્મહૃદય, પુરુષ-પ્રકૃતિ, આર્દ્રા, પ્રભાસ, વ્યાધ, અગસ્ત્ય વગેરે જેવા અગ્રગણ્ય તેજસ્વી તારાઓ, અને એ જેમાં છે તે તારામંડળો હવે પશ્ચિમે ઢળી ગયાં છે. હવે એમનું સ્થાન સપ્તર્ષિ, સિંહ, વાસુકિ, કન્યા તથા દક્ષિણે ખાસ તો 'સ્વસ્તિક' અને 'નરાશ્વ' તારામંડળોએ લીધું છે. જો કે રાત્રિના આરંભમાં પેલા પૂર્વપરિચિત તારામંડળોનું દર્શન હજી યે થોડો સમય શક્ય છે. પૂર્વમાંથી નવા પ્રવેશેલા તારાઓમાં 'ભૂતેશ' તારામંડળ અને એમાં 'સ્વાતિ', સિંહની ઉપર ઝાંખા તારાઓના વૃંદમાં 'કેશ', સિંહ રાશિમાં 'મઘા', કન્યા રાશિમાં 'ચિત્રા' અને 'સ્વસ્તિક'માં 'ત્રિશંકુ' તથા તેની પૂર્વ બાજુએ 'નરાશ્વ'ને છેડે 'જય' અને 'વિજય' એ તારાઓ પ્રથમ વર્ગના તેજસ્વી ને એથી પ્રેક્ષણીય છે. આમાં મઘા અને ચિત્રા સૂર્યના આકાશી માર્ગ-ક્રાંતિવૃત્ત પર જ આવેલા છે. સ્વાતિનું નારંગી રંગની ઝાંયવાળું તેજ પળેપળે જાણે વધઘટ થતું હોય એવું લાગે છે ને કવચિત્ 'મંગળ' ગ્રહનો ભ્રમ કરાવે છે. આકાશમાં અતિ વેગે ગતિ કરતા તારાઓમાં સ્વાતિ સૌને મોખરે છે. એનો વ્યાસ સૂર્ય કરતાં ૨૪ ગણો છે. આપણાથી એ માત્ર ૩૬ પ્રકાશવર્ષ દૂર છે. મઘા આપણાથી ૮૪ પ્ર. વ. ને ચિત્રા ૨૨૦ પ્ર. વર્ષ દૂર છે. દક્ષિણે સ્વસ્તિકમાં ત્રિશંકુ ૩૭૦ પ્ર. વર્ષ દૂરનો યુગ્મતારો છે. એ યુગ્મમાંનો એક તારો સૂર્ય કરતાં ૧૩૦૦ ગણો અને બીજો ૨૫૦૦ ગણો તેજસ્વી છે. વળી, આ બંને યુગ્મતારા સ્વયં પણ જોડિયા તારા છે. ઑસ્ટ્રેલિયાએ પોતાના રાષ્ટ્રધ્વજમાં આ સ્વસ્તિક તારામંડળને સ્થાન આપી એનું મહત્ત્વ ઓર વધાર્યું છે.

—બિ. ટાં.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં

તા. ૪ (૧૯૫૯) સેનેગાલ ને સુદાનના જોડાણને માલી ફેડરેશનની રચના કરવામાં આવી.

તા. ૬ (૧૯૩૦) બારમી માર્ચે સાબરમતીથી આરંભી ૨૪૧ માઈલ લાંબી પદયાત્રા કરીને સુરત જિલ્લામાં દાંડીના કિનારે મીઠું ઉપાડીને ગાંધીજીએ અંગ્રેજી હકૂમત સામે વ્યાપક અહિંસક લડતનું મંડાણ કર્યું. ચંપારણ્યની સત્યાગ્રહની લડત પણ એમણે ઈ. ૧૯૧૭માં આ જ માસની ૧૬મી તારીખે આરંભી હતી.

તા. ૯ (૧૮૯૩) ઉત્તર પ્રદેશમાં પન્દાહાર ગામે મહાપંડિત રાહુલ સાંકૃત્યાયનનો જન્મ: એમનું મૂળ નામ તો હતું કેદારનાથ પાંડેય. બચપણમાં જ એમનું લગ્ન થએલું, પણ જ્ઞાનાર્જનની તીવ્ર ઇચ્છાથી ઘર છોડી એ નાસી ગયા અને રામઉદારદાસ નામે વૈષ્ણવ સાધુ બની એમણે હિંદુ ધર્મ અને સાથેસાથે અરબી ભાષા તથા ઈસ્લામી રસમોરિવાજ ને કુરાનનો પણ અભ્યાસ કર્યો. ઈ. ૧૯૧૬માં તેઓ આર્યસમાજી બન્યા. (આ 'આર્યસમાજ'ની સ્થાપના પણ ઈ. ૧૮૭૫માં આ જ માસની ૧૦મી તારીખે થએલી.) એ પછી તેઓ બૌદ્ધ બન્યા અને રાહુલ સાંકૃત્યાયન નામ ધારણ કર્યું.

જલિયાંવાલા બાગના હત્યાકાંડ સામે તથા બિહારમાં રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લઈ એમણે બે વાર જેલ પણ ભોગવી હતી. ઈ. ૧૯૨૯માં એ કાળે અભેદ્ય ગણાતા તિબેટમાં ગુપ્ત વેષે જઈ ત્યાં રહી તિબેટી ભાષા શીખી લઈને સવા બે વર્ષ પછી તેઓ ત્યાંથી સેંકડો પ્રાચીન બૌદ્ધ ગ્રંથો લઈ આવેલા. આ રીતે તેઓ ચાર વખત ત્યાં ગએલા ને લગભગ ૬૦૦૦ જેટલા અતિ મૂલ્યવાન પ્રાચીન ગ્રંથો એમણે ત્યાંથી એકઠા કરેલા. સામ્યવાદ તરફ પણ એ ઢળેલા, પણ પછી એની જડતા એમને જચી નહિ. લેનિનગ્રાદ યુનિવર્સિટીમાં રહી એમણે પ્રાચ્યવિદ્યાનું સંશોધન પણ કરેલું ને ત્યાં લગ્ન પણ કરેલાં. રાજનીતિ, ધર્મ, તત્ત્વજ્ઞાન, યાત્રાટન, ઇતિહાસ, પુરાતત્ત્વ, સમાજશાસ્ત્ર, ચરિત્રો, નવલકથા ને નાટકો વગેરે અનેક વિષયમાં મળી એમણે પોણા બસો જેટલી કૃતિઓ લખી હતી. શ્રીલંકામાં સંસ્કૃતના પ્રાધ્યાપક હતા ત્યારે પાલી ભાષા શીખી એમણે 'ત્રિપિટકાચાર્ય'નું પદ મેળવેલું. એશિયા અને સ્લાવ દેશોની કેટલીક જૂની બોલીઓ અને મૃતભાષાઓ સાથે તેઓ ૩૬ ભાષાના જ્ઞાતા હતા. એશિયાનો એમણે વિસ્તૃત પ્રવાસ કરેલો. ભારત સરકારે 'પદ્મભૂષણ'ના માનથી એમની બહુમુખી પ્રતિભાને નવાજી હતી. ઈ. ૧૯૬૩ના આ જ માસની ૧૪મી તારીખે એમનું અવસાન થયું.

તા. ૧૮ (૧૮૫૯) સ્વાતંત્ર્યના બળવાના અગ્રણી સેનાની તાત્યા ટોપેને સર રિચાર્ડ મીડે સિપ્રી મુકામે ફાંસી આપી.

તા. ૨૧ (૧૫૨૬) પાણીપતના યુદ્ધમાં બાબરે પઠાણોને હરાવ્યા. એ કાળે યુરોપ અને તુર્કસ્તાનમાં થએલી તોપોનો અહીં હિંદુસ્તાનમાં આ યુદ્ધમાં પહેલી જ વાર ઉપયોગ થએલો. આ તોપોની સાથે યોજનાબદ્ધ આક્રમણ અને બાબરના યુદ્ધકૌશલને કારણે સાંજ સુધીમાં તો બાબરે દિલ્હી જીતી લીધું અને ભવિષ્યની ઇતિહાસપ્રસિદ્ધ મુઘલ સલ્તનતનું મંડાણ થયું.

તા. ૨૪ (૧૯૦૫) આલ્પ્સ પર્વતમાળામાં યુરોપનો સૌથી મોટો બોગદો 'સિમ્પ્લન' પાસ ખુલ્લો મુકાયો.

તા. ૨૬ (૧૯૩૭) સ્પેઈનના રાષ્ટ્રવાદીઓ અને પ્રજાસત્તાકવાદીઓ વચ્ચેના આંતરયુદ્ધના બીજા વર્ષમાં આ વિગ્રહથી અલિપ્ત ને નિર્દોષ એવા દૂર ઉત્તરના એક અરક્ષિત ગામ ગર્નિકા પર વિમાનમાંથી બૉંબવર્ષા કરીને તથા એ પછી લોકોને વીણીવીણીને તેના પર ગોળીઓ ચલાવીને અને છેવટે ગામ બાળી નાખીને એને બિલકુલ તારાજ કરી દેવામાં આવ્યું. આગળ જતાં જણાયા પ્રમાણે એક નવી યુદ્ધરીતિની અજમાયશ ખાતરનો એ એક જર્મન પ્રયોગ જ હતો! જગવિખ્યાત ચિત્રકાર પાબ્લો પિકાસોએ આ ગોઝારા બનાવને પોતાના એક ચિત્ર 'ગર્નિકા'માં સચોટતાથી અમર કર્યો છે.

આ પિકાસોનું અવસાન પણ આ જ માસની ૮મી તારીખે ઈ. ૧૯૭૩માં થએલું.

તા. ૨૩ (૧૯૫૧) વડોદરાના મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડને પદભ્રષ્ટ કરીને તેમના યુવરાજ ફતેહસિંહરાવને તેમના સ્થાને નીમ્યાની ભારત સરકારની જાહેરાત.

તા. ૩૦ (૧૮૯૫) ફ્રેન્ચ વિજ્ઞાની રૉંજને એક્સ (ક્ષ) કિરણોની શોધ કરી જેને પરિણામે વૈદકીય નિદાનના અને અનેક ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસને એક નવો જ વેગ મળ્યો.



ટ્રેઈનમાં રસોઇ વિષે ચર્ચા ચાલતી હતી. એક ગામડિયાએ કહ્યું: 'ગમે તે કહો, પણ ઘરની રસોઈને બીજી કોઈ ન પહોંચે. એના સ્વાદ ને એની મીઠાશની તો વાત જ જુદી.'

એ સાંભળીને એક સૂટ–બૂટ પહેરેલા સાહેબ, જેમની સાથે એમનાં પત્ની પણ બેઠાં હતાં, તે બોલ્યા: 'તમારી વાત બરોબર નથી. ઘણી હોટેલો એવી હોય છે કે જ્યાંની રસોઈ આગળ ઘરની રસોઈ કોઈ વિસાતમાં નહિ.'

એ સાંભળીને પેલો ગામડિયો બોલ્યો: 'જી હું તો મારા ઘરની રસોઈની વાત કરતો હતો; આપના ઘરની રસોઈની નહિ.'

કનુ અને મનુ સંગ્રહસ્થાનમાં ઈજિપ્તનું મમી જોતા ઊભા હતા. મમી ઉપર લેબલ હતું '૨૪૬૬ બી. સી.' (ઈ. પૂ. ૨૪૬૬) એ જોઈ મનુએ પૂછ્યું: 'આ નંબર શેનો હશે?'

કનુ: કોણ જાણે, કદાચ જે મોટર તળે એ ચગદાઈ મર્યો તેનો નંબર હશે.

બેટા: પપ્પા હું દાંતનો દાક્તર થાઉં કે કાનનો?

પપ્પા: દાતનો થા દીકરા; કેમ કે માણસને દાંત બત્રીસ હોય છે, જ્યારે કાન ફક્ત બે.

એક મીઠાઈની દુકાને પાટિયું માર્યું હતું: 'અમારી મીઠાઈ ગવર્નરને ત્યાં જાય છે.'

તેની સામે આવેલી હરીફ દુકાને પાટિયામાં લખ્યું હતું: 'ભગવાન ગવર્નરને બચાવે.'



(જનસત્તામાં 'શિવ')


અનુષ્ટુપ

કાળનાં કુસુમોમાંથી પામીએ તેટલાં વધુ,
મનના મધપૂડામાં સીંચીએ સ્મૃતિનાં મધુ.


—પિનાકિન્ ઠાકોર

મદ્રાસ હાઇકોર્ટના એક જજ શ્રી હેરંબ મિત્ર કાયદાપાલન ને પ્રામાણિકપણામાં કેટલા ચુસ્ત હતા તેનો એક વિચિત્ર પ્રસંગ કહેવાય છે, કે પોતાના નાના પુત્ર સાથે એક વાર તે મુસાફરી કરતા હતા, ત્યાં રાતના બરોબર બારને ટકોરે તેમણે ટ્રેનની સાંકળ ખેંચી ગાડી ઊભી રાખી; ને ગાર્ડ તપાસવા આવ્યો તેને પૈસા આપી કહ્યું; 'મારા આ પુત્રની મેં અરધી ટિકિટ લીધી છે. પણ તેને હમણાં હાલ (રાતના બાર વાગ્યે દિવસ બદલાયો ગણાય તે હિસાબે) અગિયારમું વરસ બેઠું; એટલે હવે મારે આખી ટિકિટ લેવાની થાય છે. તો તેના બાકીના પૈસા લઈ ટિકિટ બનાવી આપો!'

કહેવતો : 'આવ બલા પકડ ગલા'—હાથે કરીને, સામે ચાલીને આપત્તિ વહોરી લેવાની મૂર્ખાઈ માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'હાથે કરીને હોળી રમ્યા.'; 'પેટ ચોળીને શૂળ ઊભું કર્યું'; 'દીવો લઈને કૂવામાં પડવું'; 'આવ પાણા પગ ઉપર પડ;' વગેરે.



અમેરિકાના નવા પ્રમુખ જિમી કાર્ટરના લાક્ષણિક સ્મિત અને એમની મગફળીની વ્યાપક ખેતીના વ્યવસાયને સાંકળી લઈને બનાવાએલું એક સચોટ ઠઠ્ઠાચિત્ર.



મોઢેરાની પોસ્ટ ઑફિસ માટે બનાવાએલી રદીકરણની ખાસ ચિત્રાત્મક છાપ, જેના પર ત્યાંના સુવિખ્યાત સૂર્યમંદિરનું રેખાંકન છે. આની સાથે ગામના નામોલ્લેખ અને પિનકોડ સાથેની ગોળ છાપનો પણ ઉપયોગ થતો રહેશે.

સુખી થવાનાં બે સૂત્રો

કમ ખાઓ
ગમ ખાઓ

કમ = ઓછું ખાઓ : પેટને ખોરાકથી લાદો નહિ; ગમ ખાઓ = ખામોશી રાખો : ગુસ્સો કે દુઃખ લાગે તે વખતે તો તરત ગળી જ જાઓ.

અનેકાર્થી શબ્દ : માત્રા = બારાખડીમાં ઉપર મુકાતું (ˆ) આવું ચિહ્ન; અજ્જું; હ્રસ્વ અક્ષરનો ઉચ્ચારણકાળ; કાવ્ય કે સંગીતમાં સમયની ગણનાનો એકમ; કાળાંતર, અરસો, ક્ષણ, નિમિષ; ધાતુની ભસ્મ, રસાયન; એકવાર ખાવા જેટલું ઓષધનું પ્રમાણ—ડોઝ; માપતોલમાં આવે તેવું સર્વ, પદાર્થમાત્ર; જગત; કાનનું એક ઘરેણું; અલ્પપણું, અંશ; તસુનું માપ—છ આડા જવની એકમાત્રા; આગળ; ગણતરી, વિચારણા; ધન, પૈસો, દોલત; માપ કે પ્રમાણ; ભાગ કે ટુકડો; લાંઘણ.



પોર્પોઈઝ એ આંચળવાળું દરિયાઈ પ્રાણી છે. તેનું મગજ માણસના મગજ કરતાં મોટું હોય છે. અમેરિકાની નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટીના મત પ્રમાણે પ્રાણીજગતમાં આ સૌથી વધુ બુદ્ધિશાળી જીવ છે. મરીનલૅન્ડ (ફ્લૉરિડા)-માં પકડાએલા એક પોર્પોઈઝે એક માનસશાસ્ત્રીના અવાજની એટલી સરસ નકલ કરી સંભળાવી કે એ સાંભળીને સંશોધકની પત્ની ખડખડાટ હસી પડી. અને પેલા પોર્પોઈઝે એ હાસ્યના પણ ચાળા પાડ્યા!



ટિકિટકથા : ઈ. ૧૮૪૦ના દાયકામાં વિદેશી વેપારીઓને સવલતો આપવાની ફરજ પડતાં ચીનની પ્રચલિત ટપાલવ્યવસ્થા અપૂરતી જણાવા લાગી એટલે ઈ. ૧૮૬૫માં શાંગહાઈની વિદેશી હસ્તકની નગરપાલિકાએ એ માટે આગવી વ્યવસ્થા સ્થાપીને પોતાની અલગ ટપાલ-ટિકિટો બહાર પાડી. સંધિ પ્રમાણે એના વર્ચસ્વ તળેનાં બીજાં બંદરોમાં પણ એ ટિકિટો જ વપરાતી. પણ આ વ્યવસ્થા ખર્ચાળ જણાતાં ઈ. ૧૮૯૦થી એમાંનાં દસ બંદરોએ પોતાની અલગ અલગ ટિકિટો ચાલુ કરી. એમાંની આ એક 'કુચોવ'ની ટિકિટ છે. એના પર એ બંદરગાહ તથા 'ડ્રૅગન' આકારની ત્યાંની લાક્ષણિક લાંબી હોડીનું ચિત્ર છે. ઈ. ૧૮૯૭માં ચીનની શાહી પોસ્ટ ઑફિસ સ્થપાતાં આવી સ્થાનિક ટિકિટો વ્યવહારમાંથી પાછી ખેંચી લેવાઈ હતી.

અંકસંદર્ભ : પાંચ—**પંચ મહાયજ્ઞ :** અધ્યાપન (બ્રહ્મયજ્ઞ), તર્પણ (પિતૃયજ્ઞ), હોમ (દેવયજ્ઞ), અન્નબલિ (ભૂતયજ્ઞ), અતિથિસત્કાર (નૃયજ્ઞ); **પંચજન :** બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, નિષાદ; **પંચનદ** (પંજાબની નદી) વિતસ્તા (જેલમ), અસિકની (ચિનાબ) પરુષ્ણી (રાવી), વિપશા (બિયાસ), શતદ્રુ (સતલજ).

સાંધાઓનો દુખાવો એરંડતેલની સાથે સૂંઠ મેળવી લેવાથી આઠ જ દિવસમાં નાશ પામે છે.



કલાકણિકા : ઈસ્લામી કળામાં સુલેખન (ખુશનવીસી)નું સ્થાન ઘણું મહત્ત્વનું છે. અક્ષરના વળાંકોનો બહુ ચાતુરીભર્યો સુંદર ઉપયોગ કરીને મુસ્લિમ લહિયાઓએ વિધવિધ આકારોમાં ધર્મસૂત્રો, ઈમામનાં નામો, કાવ્યની તૂકો વગેરેનું મનોહર લેખન કરેલું છે. આ પ્રકારના સુલેખનને 'તુગ્રા' કહે છે અને ઘરમાં એનું હોવું શુકનિયાળ મનાય છે. આવા તુગ્રાના આ નમૂનામાં હોડીના આકારે સુલેખન કરેલું છે.